

ફીલિંગ્સ
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક સામયિક
અમનનો દેશ ઓમાન


Khimji's
TRUST · CARE · COMMITMENT
There's a lot that's gone into making us one of Oman's largest and renowned conglomerates: a commitment to offer the latest global brands across the consumer and industrial arenas; a nationwide customer-oriented network of showrooms, supermarkets, warehouses and f eet; all ably served by a cadre of professionals with a global perspective and local expertise. Of course, being around for 140 years has helped as well.
Today, we can look back proudly at all our achievements, even as we look ahead to the challenges of the future.
Today, we are ready to build an even brighter tomorrow.
KR
Khimji Ramdas
In your triumph is ours!
Consumer Products Group ▸▸ Lifestyle Group ▸▸ Infrastructure Group ▸▸ Projects & Logistics Group
P.O. Box 19, Postal Code 100, Muscat, Sultanate of Oman. Tel: (968) 24795901 Fax: (968) 24795988 Website: www.khimjiramdas.com Email: khimjis@khimjiramdas.com Please visit our Corporate blog at www.khimjiblog.com



H.M. Qaboos Bin Said,
Sultan of Oman

# AMAN NO DESH 'OMAN'


| | | |
|---|---|---|
| Writer | : | Dr. Minakshi Thakar |
| Co-ordination | : | Shri Kiranbhai Asher |
| First Edition | : | July, 2011 |
| Price | : | Rs. 425.00 |
| © Publications | : | **Feelings Multimedia Ltd.**<br>102-104, Pacific Plaza,<br>VIP Road, Karelibaug<br>Vadodara - 390 018<br>M : 098253 28488<br>Phone : 91-265-2489477<br>Email : info@feelingsmultimedia.com /<br>hitechfeelings@yahoo.co.in<br>Web : www.feelingsmultimedia.com |
| Publisher | : | Navbharat Sahitya Mandir,<br>134, Princess Street, Mumbai - 400 002.<br>Te.: 91-22-22017213<br>Email: nsmmum@yahoo.co.in |
| Printer | : | Konam Printers<br>Mumbai |

*With Best Compliments From*

*35 Years of service!!!*
*The promise of a higher standard……*
*……you can rely on us.*

AL ANSARI
CORAL ANNIVERSARY
1975 - 2010
35
Years of Growth & Progress

**AL ANSARI GROUP OF COMPANIES**
**(OMAN/UAE/INDIA)**

P O Box 1832 Ruwi, P C 112, Sultanate of Oman, Tel: 24810033, Fax: 24812522,
Email: contactus@alansarioman.com, Website: www.alansarioman.com

# અનુક્રમણિકા


પ્રકરણ ૧ : ૧૧
**ઓમાનનો પરિચય**

પ્રકરણ ૨ : ૧૮
**સમૃદ્ધ ઈતિહાસ**

પ્રકરણ ૩ : ૨૬
**ઓમાનના ગુજરાત સાથેના સંબંધો**

પ્રકરણ ૪ :
**ઓમાન ભારત મૈત્રીપૂર્ણ** ૩૪
**કૌટુંબિક સંબંધો**








અમનનો દેશ

# ઓમાન


ઈન્ટરવ્યૂ
**શેખ શ્રી કનકશી ખીમજી વગેરે** ૩૯


પ્રકરણ ૫ :
**ભારતીય દૂતાવાસ :** ૬૪
**મસ્કત અને મસ્કત ગુજરાતી સમાજ**

પ્રકરણ ૬ :
**ઓમાનની ગઈકાલ, આજ** ૭૨
**અને આવતીકાલ**

પ્રકરણ ૭ :
**ઓમાનમાં પ્રવાસનનો વિકાસ** ૮૬











भारत का राजदूत
سفير الهند
AMBASSADOR OF INDIA

No. MUS/AMB/2011

9th August, 2011

MESSAGE

It gives me immense pleasure to know that 'Feelings' magazine a unit of Feelings Multimedia Ltd. Is going to publish a book 'Aman no Desh – Oman'.

'FEELINGS' has become a bridge through its content for more than 20,00,00 readers worldwide. It has come to play a vital role in preserving Gujarati tradition & culture in various countries through its interesting topics, debates, news & current affairs.

Feelings has decided to come out with 'Aman no Desh – Oman'. A glimpse of Gujarati Culture, Business, Places, Tourism & many more topics are covered in this book on Oman.

This book would be of immense value, not only historically for the traditional Gujaratis, but also as a knowledgeable archive for Gujaratis and the gujarati samaj around the world.

May I offer my congratulations to Feelings Multimedia Ltd and to Gujaratis in general, and wish them continued prosperity in every aspect of their lives.

(Anil Wadhwa)

P.O. Box 1727, Ruwi, PC 112, Muscat, Sultanate of Oman
Tel: (+968) 2468 4512/ 2468 4513, Fax: (+968) 2469 8291, Email: hom@indemb-oman.org





અમનનો દેશ

# ઓમાન

અમારી ઓમાન–મસ્કત યાત્રા જીવનભરનું યાદગાર સંભારણું કહી શકાય. ખાસ તો એટલા માટે કે વતનથી દૂર વસેલા ગુજરાતીઓને મળવાનો આનંદ અને રોમાંચ, અવર્ણનીય હતો. વર્ષો પહેલાં દરિયાપાર વસેલા આ ગુજરાતીઓ આજે ત્યાં શું કરી રહ્યાં છે એ જાણવાની ઉત્કંઠા જ અમને ત્યાં લઈ ગઈ અને આ દેશમાં જે જોયું એ અદ્ભુત હતું…!

આપણા ગુજરાતીઓ અહીં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. એટલું જ નહીં પણ ગુજરાતીઓએ બિઝનેસ, કલ્ચર, ટૂરિઝમ, એજ્યુકેશન વગેરે ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ વિકાસ કરી ગુજરાતીઓ કેમ 'ગ્લોબલ ગુજરાતી' કહેવાય છે એ વાતને સાર્થક કરી છે. અમારી આ ટૂરનો ઉદ્દેશ ઓમાનમાં વસતા ગુજરાતીઓની લાઈફ સ્ટાઈલ, કલ્ચર, બિઝનેસ અને તેમના વ્યક્તિગત જીવન વિશે માહિતી આપતું એક ઉત્કૃષ્ટ પુસ્તક બનાવવાનો હતો જેના માટે અમો અહીં શેખ કનકશીભાઈ ખીમજી, અનિલ ખીમજી, કિરણ આશર, નવીન આશર, બકુલ મહેતા, ભારતીય રાજદૂત અનિલ વાધવા સહિત ઘણા ગુજરાતી મહાનુભાવોને મળી તેમની સાથે થયેલ સંવાદોને ઈન્ટરવ્યૂરૂપે આ પુસ્તકમાં સ્થાન આપ્યું છે.

આ ઉપરાંત ઓમાનની પ્રાકૃતિક, ભૌગોલિક તેમજ વાણિજ્યિક પરિસ્થિતિનું સુંદર ફોટોગ્રાફ્સ સાથે આલેખન કરવામાં આવ્યું છે. આશા છે કે, ઓમાનમાં વસતા ગુજરાતીઓને તો આ પુસ્તક ગમશે જ પણ વિશ્વભરમાં અન્ય દેશોમાં વસતા ગુજરાતીઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

વધુ વિગત માટે અમારી વેબસાઈટની મુલાકાત લઈ શકો છો :

www.feelingsmultimedia.com

એડિટર

# ૪૪ દેશોના ૨૦ લાખ વાચકોનો વિશાળ ગ્લોબલ સમુદાય

**Read Online www.feelingsmultimedia.com**

# હાસ્યરસ હોય કે કરૂણરસ, ભક્તિરસ હોય કે પ્રેમરસ




## વાંચવા જેવુ બધું જ...

શ્રી ફીલિંગ્સ
ઝંખના કેવળ સત્યને પામવાની
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક સામયિક

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
ટેલિફેક્સ : (ઓ) ૦૨૬૫-૨૪૮૯૪૭૭, મો.: ૦૯૮૨૫૩ ૨૮૪૮૮
info@feelingsmultimedia.com, hitechfeelings@yahoo.co.in
website : www.feelingsmultimedia.com


**FEELINGS MULTIMEDIA LTD.**

# વટથી કહો તમે ગુજરાતી છો

## ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક સામયિક

# ૨૦ લાખથી વધુ વાચકો...



**લવાજમ દર**

- ૧ વર્ષ રૂ.૫૦૦/-
- ૨ વર્ષ રૂ.૯૫૦/-
- ૫ વર્ષ રૂ.૨૩૦૦/-
- ૭ વર્ષ રૂ.૩૨૦૦/-



## Subscription Form



Name : Mr/Ms.............................................................................................................Period :...............................

Address : ................................................................................................................................................

.........................................................................................................................City :....................................

Pin :.................................. Ph (Off):..............................................(Resi)....................................................

Mobile:...............................E-mail ID:................................................................................................................

Please find enclosed Cheque/DD no:............................... Dated..................... for Rs................... favoring **FEELINGS MULTIMEDIA LTD.**

Date :...../...../............................Receipt No.:...................................Signature :...........................................

## FEELINGS MULTIMEDIA LTD.

**Head Office :** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India)
telefax : 91-265-2489477, e-mail : info@feelingsmultimedia.com / hitechfeelings@yahoo.co.in

website : www.feelingsmultimedia.com


BEST
INVESTMENT
OPPORTUNITY !
Experience Speaks everything
પ્રાઇમ પ્રોપર્ટીઝ ઇન
મુંબઇ - ગુજરાત
• BEST OPTION • BEST DEAL • BEST GAIN
Expertise in
Real Estate - Infrastructure Investments
Ampire Property Consultant
Mumbai : 096993 78540, Gujarat : 098253 28488
E-mail : ampireproperty@yahoo.com

सत्यमेव जयते
Government of Gujarat

Gujarat State Non-Resident Gujaratis' Foundation




## Gujarat State Non-resident Gujaratis' Foundation

# **Celebrating** our Roots, **Strengthening** our Wings

Gujarat State Non Resident Gujaratis' Foundation (NRGF) was established to further the common interests and concerns that bind Gujaratis within and outside Gujarat, thereby developing relations that go a long way in generating mutual benefits. NRGF always endeavors to take a host of initiatives which can strengthen the ties between the State and the Community. While some are aimed at facilitating NRG participation in the State's development, some are also designed to extend whatever assistance they need from their homeland.





### Vatan Seva Project

"Vatan Seva" is a compilation of key development schemes being implemented by the State Government. NRGF has published and distributed this Book amongst NRGs in order to highlight the sectors in which they can contribute to their region's and the state's development. NRGs have made generous contributions for construction of School/Colleges, Hospitals, Temples, Electric Rooms, Water Pumps, etc.

### Gujarati Samaj Bhavans
### Mini Gujarat, Outside Gujarat!


The Government of Gujarat is on a mission to create a pan-India network of Gujarati Samaj Bhavans which promote active **community gatherings** for NRGs, serve as a **link to their homeland** as well as to contribute towards the **progress of their adopted homelands** through philanthropic initiatives.

The Government of Gujarat has introduced a scheme extending financial assistance to Gujarati Samajs all over India to build Gujarati Samaj Bhavans. Till date, 14 Gujarati Samajs have benefited from this scheme.

NRGF regularly conducts or participates in various Cultural Events, including Global NRG Meet, Gujarati Diaspora Seminars and Pravasi Bhartiya Divas Celebrations, to bring NRGs closer to their roots.


In collaboration with proactive NRGs, the Foundation is undertaking remarkable initiatives for involving NRGs in the socioeconomic development of Gujarat. Education and Healthcare Infrastructure being developed through these joint efforts is primarily aimed to aid underprivileged sections of the Gujarati Community.

NRGF has achieved remarkable success in its mission to create a world-class Gujarat by optimal utilization of knowledge-skills and financial resources of Global NRGs. Its commendable journey continues with endeavors assuring NRGs of their belongingness to their Motherlan and helping contribute to its development.



### **Gujarat Card:** a **Distinguished** Identity for NRGs

Gujarat State Non-resident Gujaratis' Foundation is issuing GUJARAT CARD – a distinctive identity connecting every Non Resident Gujarati with his origins. Gujarat Card offers special value privileges to NRGs with exceptional discounts at 47 Venues, including 24 prestigious Hotels, 7 Readymade Garments stores, 7 Gem and Jewelry stores and 9 major Hospitals of Gujarat. More and more prominent organizations are being added to this list.




### Providing Inclusive Facilitation to NRGs

NRGF has established **NRG Centers** all over Gujarat which act as **facilitation points** for visiting NRGs. These centers provide **comprehensive assistance,** including Tourism Guidance, Accommodation Assistance, Assistance in Medical Services, Expert Guidance on Business Opportunities, Guidance on Educational Opportunities, Help in case of Foreign Currency Requirement , Facilities for Shopping and NRG Directory Assistance

Block-16, 3rd Floor, Udyog Bhavan, Gandhinagar - 382017, Gujarat, India Tel : 079-23238278, 23238280 Fax : 079-23251312
nrgfoundation@yahoo.co.in www.nri.gujarat.gov.in


FREE SHIPPING* TO USA
*Offer valid till Limited Period
TEMPLE • SWINGS • IDOLS • PAINTINGS
*conditions apply
1st Time in USA & CANADA
Call 98240 66709
ez shih
Delivering Dreams!
Since 1973
KAPASI®
HANDICRAFTS EMPORIUM
Income Tax, Ashram Road, Ahmedabad | Tel: +91 79 27 543 543 | www.kapasi.com


તમારી આંખોને જીવિત રાખો
નેત્રદાન કરો
જેથી તમારી આંખોથી કોઈ જોઈ શકે
શ્રી ફીલિંગ્સ
ઝંખના કેવળ સત્યને પામવાની
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક સામયિક
ફાઉન્ડેશન


CHANDAN®
MOUTH FRESHENER
CHANDAN
Mix Mouth Fresheners
FRIENDSHIP PACK
Calcutta Mitha Pan
NATURAL & GENUINE
CHANDAN
CHANDAN
Calcutta Mitha Pan
100% NATURAL
NO SUPARI
100% GENUINE
STC India Pvt. Ltd.
Reg off.: DR. D.G. Palkar Road, 5, Mahavir Nagar Society, Borivali (W), Mumbai-92. INDIA.
E-mail : info@chandanmukhwas.com website : www.chandanmukhwas.com Customer Care + 91-22-28993562 PRODUCT OF INDIA

# તન, મન અને ધનથી જીવદયા કરો!





**તમારા અમૂલ્ય સમયનું જીવદયાની પ્રવૃત્તિઓમાં પ્રદાન કરો**
**મનથી વિશ્વના તમામ જીવોનું કલ્યાણ થાય એવી ભાવના ભાવો**
**ધનથી સમસ્ત મહાજનની યોજનાઓમાં સહભાગી બનો**

## અબોલ જીવોનું સ્વજન : સમસ્ત મહાજન

**સંચાલનમાં સહભાગી બનવા આપને સહર્ષ નિમંત્રણ આપે છે**

### વાર્ષિક દાનની વિવિધ યોજનાઓ

| | |
|---|---|
| **મુખ્ય આધારસ્થંભ** | આ માટે ૨૫,૨૫,૦૦૦ રૂપિયાનું દાન આપવાનું રહેશે. પાંજરાપોળના પ્રવેશદ્વાર ઉપર દાતાનું નામ આવશે. આ દાતા ચીફ પેટ્રન ગણાશે. |
| **વિશેષ આધારસ્થંભ** | આ માટે ૧૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવાનું રહેશે. દાતાનું નામ ૨×૩ની તકતીમાં સુવર્ણાક્ષરે આવશે. આ દાતા મીલીયન ડોનર ગણાશે. |
| **માનદ્ આધારસ્થંભ** | આ માટે ૫,૫૫,૫૫૫ રૂપિયાનું દાન આપવાનું રહેશે. દાતાનું નામ ૧×૧ની તકતીમાં સવર્ણાક્ષરે આવશે. આ દાતા ગોલ્ડન ડોનર ગણાશે. |
| **શુભેચ્છક આધારસ્થંભ** | આ માટે ૧,૧૧,૧૧૧ રૂપિયાનું દાન આપવાનું રહેશે. દાતાનું નામ એક લીટીમાં સુવર્ણાક્ષરે આવશે. આ દાતા મેમ્બર-એકઝીક્યુટીવ કમિટિ ગણાશે. |

ખાસ નોંધ : આ દાનની ૧૦ ટકા રકમ વહીવટી ખર્ચ માટે રાખીને બાકીની રકમનો ઉપયોગ દાતાની ઈચ્છા મુજબ જીવદયા/શિક્ષણનાં કાર્યોમાં કરવામાં આવશે. શ્રી સંઘમાંથી આવતી જીવદયાની રકમમાંથી વહીવટી ખર્ચમાં રકમ લેવામાં નહીં આવે. રૂા. ૧ લાખથી ઓછી રકમના દાનમાંથી વહીવટી ખર્ચ લેવામાં આવશે નહી.

**સમસ્ત મહાજનના સહયોગી બનો : જીવદયાના પુણ્યશાળી પ્રહરી બનો**

સમસ્ત મહાજનને આપવામાં આવેલું દાન ઈન્કમ ટેક્સ એક્ટની ૮૦/જી કલમાનુસાર કરમુક્ત છે.


૩૦૭, રાજશીલા એપાર્ટમેન્ટસ
૫૯૭, જે.એસ.એસ. માર્ગ,
ચીરા બજાર, મુંબઇ-૨.
ફોન : (૦૨૨) ૨૨૦૬૦૩૯૦

**સમસ્ત મહાજન**

૪, સાનિધ્ય બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
સન્યાસ આશ્રમ સામે, નહેરુબ્રીજ કોર્નર,
આશ્રમરોડ, અમદાવાદ-૯.

# BANK OF BARODA, DUBAI

## One stop shop for all your international banking requirements


- Accepting deposits at globally competitive rates in all major currencies
- Loans:
  - Personal • Vehicle • Mortgage (in UAE and India)
- Opening an NRE account in Dubai itself*
- Online / Instant Remittance:
  - In Rupee and US Dollars • Remittance on FRIDAYS also • Remittance instructions by fax
- Internet Banking ■ SMS Alerts
- Arranging Syndicated loans / Club deals for larger amounts
- Finance for projects in UAE / Middle East / Africa / CIS countries / Other countries
- Trade Finance / Buyers & Suppliers Credit
- Full fledged Treasury Operations on Fridays also
- All local banking requirements for Corporates / SMEs

### ADVANTAGE BANK OF BARODA, DUBAI

- Efficient service, competent & professional team
- Reliable & transparent dealings
- 13 offices / branches in the UAE
- 8am to 8pm#
- Open on Saturdays / Sundays

## ONLY INDIAN BANK** IN THE UAE

** With full fledged banking operations




# selected branches * Conditions apply

**Toll Free No: 800 BARODA**
**Helpline: +971 4 3136666**
**SMS 4567**
**enquire@bankofbaroda-uae.ae**
**www.bankofbarodauae.ae**

3400+ Interconnected branches in India | 26 countries | 86 global offices

**Bank of Baroda**
*India's International Bank*
**Continuously making profits for 103 years**

• **Bur Dubai:** +971 4 3136600 / +971 56 6195733 • **Deira:** +971 4 2287949 / +971 56 6092869 • **Sharjah:** +971 6 5684231 / +971 56 6093847 • **Abu Dhabi:** +971 2 6322000 • **Al Ain:** +971 3 7519880
• **Ras Al Khaimah:** +971 7 2269377 • **Jebel Ali:** +971 4 8872992 / +971 55 8638983 • **Mussafah:** +971 2 5551843 / +971 56 6092501 • **RAKIA:** +971 7 2434575 / +971 50 7993900
• **Al Qusais:** +971 4 2576734 / +971 50 6589882 • **Sheikh Zayed Road:** +971 4 3397838 / +971 56 6093201 • **Al Karama:** +971 4 3583429 / +971 56 6253180 • **National Paints:** +971 6 5443244 / +971 56 6241586


"As long as society succeeds in raising, developing, qualifying, training, enhancing skills and diversifying the experience of its human resources, success is guaranteed in building a modern state with progress in all aspects of life."
- His Majesty Sultan Qaboos bin Said
KR
congratulates His Majesty Sultan Qaboos bin Said and the people of
oman
on the momentous occasion of the 41st Renaissance Day.
KR
Khimji Ramdas
SINCE 1870
In your triumph is ours!
www.kr.om. Please visit our Corporate blog at www.khimjiblog.com. Call Toll Free : 80075000
Khimji's
TRUST · CARE · COMMITMENT



# ઓમાનનો પરિચય

અરબી દ્વીપકલ્પના અગ્નિખૂણામાં આવેલો છે દેશ ઓમાન.

ભૂતકાળમાં મસ્કત અને ઓમાનના સંયુક્ત નામથી ઓળખાતો આ પ્રદેશ હોરમુઝની સમુદ્રધૂનીમાં વ્યૂહાત્મક સ્થાને છે. તેની નૈઋત્યે યેમેન (એડન), પશ્ચિમમાં સાઉદી અરેબિયા, વાયવ્યમાં સંયુકત આરબ અમીરાત (યુએઇ), ઉત્તરમાં ઓમાનનો અખાત તથા અગ્નિ દિશામાં અરબી સમુદ્ર છે. ઓમાનનો કુલ વિસ્તાર છે ૩,૦૯,૫૦૦ ચોરસ કિલોમીટર. વસ્તીની દૃષ્ટિએ ઓમાનનાં મસ્કત, સુર અને નિઝવા શહેરો મહત્ત્વનાં છે. મસ્કત તેનું પાટનગર છે. મતરાહ મસ્કત નજીકનું બંદર છે. આ ઉપરાંત સોહાર અને સલાલા નામનાં બીજાં બે બંદરો પણ ત્યાં છે. ઓમાન રણ, પર્વતોની હારમાળા, ઝાડ–ઝાંખરાંવાળી જમીન ધરાવતો પ્રદેશ છે. અલ હજર પર્વતમાળા ઓમાનના અખાતના કાંઠાને સમાંતર છે, જે આ પ્રદેશની વિશેષતા ગણાય છે. ઓમાનનો સાગરકાંઠો ૧૭૦૦ કિલોમીટર લાંબો છે. આ પ્રદેશમાં માનવ વસવાટની શરૂઆત અંદાજે ૧૦,૦૦૦ વર્ષ પહેલાં અથવા ઇ.સ. પૂર્વે નવમા શતકમાં આરબોનું સ્થળાંતર થતાં થઈ હોય તેવા સંકેત સાંપડે છે. સાતમા શતકમાં આ

પ્રદેશમાં ઇસ્લામનો ફેલાવો થતા ચૂંટણી દ્વારા પસંદ થયેલા ઇમામનું શાસન ઇ.સ. ૭૫૧માં પહેલીવાર દાખલ થયું. ઇ.સ. ૧૧૫૪ પછી અહીં રાજવંશની સ્થાપના થઇ. ઇ.સ. ૧૫૦૮માં મસ્કત અને ઓમાનના દરિયાકાંઠાના પ્રદેશ પર પોર્ટુગીઝોનું આધિપત્ય શરૂ થયું હતું. ઇ.સ. ૧૬૨૪ પછી સમર્થ ઇમામોની પરંપરા શરૂ થતાં ૧૭ મી સદીના અંત સુધીમાં પોર્ટુગીઝ વર્ચસ્વમાંથી આ પ્રદેશ મુક્ત થયો હતો. જ્યારે કે, અઢારમી સદીના છેલ્લાં ૨૫ વર્ષોમાં અહીં ઇંગ્લૅન્ડનો પ્રભાવ વધ્યો, જેને પરિણામે ઇસ્ટ ઇન્ડિયા કંપનીને વેપારનો ઇજારો બક્ષવામાં આવ્યો.  ૧૯મી સદીની શરૂઆતમાં ઓમાનનું સામ્રાજ્ય સ્થાપિત થતાં પૂર્વ આફ્રિકા, બલુચિસ્તાન તથા ઇરાનના કેટલાક વિસ્તારો ઓમાનમાં સામેલ કરવામાં આવ્યા હતા.

ઓમાનની વસ્તીમાં આરબોનું પ્રભુત્વ વધારે છે. ઉપરાંત અહીં ઇરાની, બલુચી, ભારતીય, પાકિસ્તાની તથા હબસીઓની વસ્તી પણ સારા એવા પ્રમાણમાં છે.

ઇસ્લામ અહીંનો મુખ્ય ધર્મ છે. અરબી ઓમાનની રાજભાષા છે અને ઇસ્લામપ્રેરિત સંસ્કૃતિનું અહીં વર્ચસ્વ છે. અરબી ઉપરાંત બલૂચી, ઉર્દૂ તથા હિન્દી ભાષામાં વ્યવહાર કરનારાની સંખ્યા પણ અહીં નોંધપાત્ર છે.

ઓમાનની આબોહવા ગરમ તથા સૂકી છે, જે તેની વિશિષ્ટતા છે. મસ્કતનું જાન્યુઆરી માસમાં તાપમાન ૨૮ અંશ સે. અને જુલાઇ માસમાં તાપમાન ૪૬ અંશ સે.





હોય છે. ઉનાળામાં સખત ગરમી હોય છે, જ્યારે શિયાળો સૌમ્ય હોય છે. સાગરકાંઠાનો પ્રદેશ હોવાથી ભેજનું પ્રમાણ વધારે હોય છે. અહીં લગભગ ૩૩,૦૨૦ કિ.મી. લાંબા માર્ગો છે, તે પૈકી ૫૫૦ કિ.મી. મોટર માર્ગો તથા ૨૬૦૦ કિ.મી.ના ધોરી માર્ગો છે.

ઈ.સ. ૧૯૬૪માં ખનિજતેલની શોધ થઈ ત્યારથી ખનિજતેલ અને પ્રાકૃતિકવાયુ દેશની મુખ્ય આર્થિક સંપત્તિ બનેલ છે. ૧૯૭૫માં ખનિજતેલનું રોજનું ઉત્પાદન ૩,૮૦,૦૦૦ બૅરલ હતું. ૧૯૯૯માં દેશમાં ૨૪૭૦ તેલકૂવા હતા, જેમાંથી રોજનું ૯,૦૪,૦૦૦ બૅરલ જેટલું તેલ ઉત્પાદન થતું હતું. રાજ્યની લગભગ બધી જ જાહેર આવક ખનિજતેલ પૂરી પાડે છે. વિકાસમાં પણ ખનિજતેલનું મહત્ત્વ વધતું જાય છે.

કુલ જમીનના એક ટકા કરતાં પણ ઓછી જમીન ખેતી હેઠળ છે. દેશના કુલ શ્રમિકોમાંથી ૮૦ ટકા ખેતીમાંથી આજીવિકા મેળવે છે. તેમ છતાં કુલ રાષ્ટ્રીય ઉત્પાદનમાં કૃષિ ક્ષેત્રનો ફાળો ૩ ટકા કરતાં પણ ઓછો છે. પાણીની અછતને લીધે કૃષિ વિકાસ મર્યાદિત રહ્યો છે. ખેડૂતો જીવનનિર્વાહ પૂરતી જ ખેતી કરે છે. ચોખા અહીંના લોકોનો મુખ્ય ખોરાક છે. તેની આયાત કરવામાં આવે છે. ખજૂર, લીંબુ, અલ્ફાન્ઝા કેરી, ટેટી, તરબૂચ, કેળાં, ડુંગળી તથા ઘઉં મુખ્ય પેદાશ છે. વાર્ષિક રાષ્ટ્રીય ઉત્પાદનમાં બાંધકામ અને ઉદ્યોગ ક્ષેત્રોનો ફાળો અંદાજિત ૦.૧૪ ટકા છે. લાંબા દરિયાકાંઠાને લીધે મત્સ્ય ઉદ્યોગનો વિકાસ થયો છે. દેશમાં ૧૫,૦૦૦થી

વધુ માછીમારો છે, જે દર વર્ષે ૬૦,૦૦૦ ટનથી વધુ માછલી પકડે છે. દેશનો મોટાભાગનો વેપાર ઇંગ્લૅન્ડ, પશ્ચિમ જર્મની, જાપાન તથા સંયુક્ત અરબ અમીરાત સાથે થાય છે. કુલ આયાતમૂલ્ય કરતાં વિકાસમૂલ્ય વધુ છે.

સન્ ૧૯૭૦ પછીના ગાળામાં જાહેર સ્વાસ્થ્યની વ્યવસ્થામાં થયેલ સુધારાને લીધે ક્ષયરોગ અને મૅલેરિયા જેવા જીવલેણ ગણાતા રોગો પર નોંધપાત્ર પ્રમાણમાં કાબૂ મેળવાયો છે. જેને કારણે જીવનની ગુણવત્તામાં સુધારો થયો છે.

૧૯૫૬માં છેલ્લા ઇમામને રૂખસદ આપ્યા બાદ ઓમાનમાં શાંતિ અને સ્થિરતાનાં મંડાણ થયાં છે. ઓમાન વંશપરંપરાગત રાજાશાહી ધરાવે છે. સુલતાન અહીંના સર્વોચ્ચ રાજકીય વડા છે અને કાયદા ઘડનાર સત્તાધીશ છે. તેમના મદદ માટે કૅબિનેટની રચના કરાઈ છે. ‘બેઝિક સ્ટેટ્યુટ ઑફ સ્ટેટ’ કાયદો ૧૯૯૬માં સુધારવામાં આવ્યો હતો. ૧૯૭૦માં સુલતાન કાબુસ બિન સઇદ અલ સઇદના ગાદી પર આવ્યા બાદ ઓમાનમાં પરિવર્તન આવ્યું. ૧૯૭૧માં ઓમાન આરબ લીગ તથા રાષ્ટ્રસંઘમાં જોડાતાં તેને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી. ૧૯૯૧માં નવી સલાહકાર સંસ્થા ‘મજલિસ અલ શુરા’ રચવામાં આવી હતી. મજલિસમાં ૮૩ સભ્યો ૩ વર્ષ માટે ચૂંટાય છે, જેમનું કામ દેશની આંતરિક સમસ્યાઓની ચર્ચા કરવાનું છે. મજલિસ કોઇ ધારાકીય કે નિષેધાધિકાર સત્તા ધરાવતી નથી. ઓમાનમાં હાલના સુલતાને શિક્ષણ સર્વત્ર મફત બનાવ્યું છે. અમેરિકાની યુનિવર્સિટીમાં ભણતા ઓમાની વિદ્યાર્થીઓનો ખર્ચ સરકાર ભોગવે છે. સારવારનો ખર્ચ પણ સરકાર ભોગવે છે. વર્ષમાં એકવાર સર્વોચ્ચ સત્તાધીશ એવા સુલતાન ‘લોકમિલન’ માટે ભવ્ય મોટરગાડીમાં મંત્રીઓના કાફલા સાથે ઓમાનના રસ્તાઓ પર નીકળે છે. લોકોની ફરિયાદો સાંભળે છે અને તેમની ફરિયાદોનો નિકાલ કરે છે. લોકોના મનમાં સુલતાન માટે અંતરથી આદર છે....










DATSUN







With Best Compliments from

إيجي
Ebji

# EBJI SUNDARDAS & PARTNERS CO.

## Al Jawahar Shopping Centre

P.O. Box No. 34, Postal Code 315, AL SUWAIQ, Sultanate of Oman
Tel.: 26860015, Fax : 26861116, G.S.M. : 99332544
email : ebjioman@omantel.net.om,
ashardn@gmail.com



# સમૃદ્ધ ઈતિહાસ


એરિસ્ટોટલે ક્રિશ્ચિયન યુગ શરૂ થયો તેના ચાર સૈકાઓ પહેલાં લખ્યું હતું, 'તમારે કંઈ પણ સમજવું હોય, કોઈપણ બનાવની હકીકત જાણવી હોય તો તેની શરૂઆત અને તેના વિકાસ અંગે જાણવું જરૂરી છે.' આ સોનેરી વાક્ય સલ્તનત ઑફ ઓમાન સાથે ખૂબ જ તાદામ્ત્ય ધરાવે છે. કારણ કે, ઓમાન પાસે સમૃદ્ધ ઈતિહાસ છે અને પ્રાચીન પરંપરાઓ છે. છતાં ૧૯૭૦ પછી હાલના રાજવી માનનીય સુલતાન કાબુસ બિન સઈદના પદારોહણ બાદ ઓમાને જે જેટગતિએ વિકાસ તરફ ગતિ કરી છે તે કાબિલે તારીફ છે. વિશ્વના નકશામાં આધુનિક દેશ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરવા સન્માનનીય સુલતાને ઘણા બધા વિકાસાત્મક પગલાં ભર્યાં છે.







દેશના ઝડપી વિકાસમાં બે કુદરતી પાસાંઓએ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. એક તો છે ઓમાનનું પ્રાદેશિક સ્થાન. દક્ષિણ કિનારે ભારતના દરિયાઇ માર્ગે આગળ વધી રાતા સમુદ્ર પૂર્વ આફ્રિકા અને તેના ઉત્તરી કાંઠાને સ્પર્શી આગળ વધતા વિશ્વની જૂનામાં જૂની સંચાર વ્યવસ્થાને નિયંત્રિત કરતા Strait Hormuz કેન્દ્રને ઓમાન સ્પર્શે છે. હિન્દ મહાસાગરના એક તરફથી વાતા નિયમિત ચોમાસુ પવનો ઓમાનનું બીજું કુદરતી પાસું છે. આને કારણે દરિયાઇ માર્ગનો, વેપાર માટે ઉપયોગ કરનાર વેપારીઓને ઉનાળામાં દક્ષિણ–પશ્ચિમના પવનો મદદરૂપ થાય છે.



જૂના સમયમાં મેસોપોટેમિયા (હાલનું ઇરાક/ઇરાન), સુમેરિયા, દિલમન (હાલનું બેહરિન) અને સિંધુખીણની સંસ્કૃતિ સમયના બધા જ દેશો તેમજ ટાપુઓ પર વેપાર વિકસ્યો હતો. ત્રીજી સદીમાં મેસોપોટેમિયામાં મળેલા સંદર્ભો અનુસાર ઓમાનને 'માઉન્ટેન ઑફ કૉપર' કહેવામાં આવતું હતું અને તેને મગાન (Magan) એવું નામ આપવામાં આવ્યું હતું. તાજેતરમાં ઓમાનના બટીનાહ (Batinah) વિસ્તારમાં થયેલા ઉત્ખનનને કારણે જાણવા મળ્યું છે કે, ઓમાનમાં તે વખતે તાંબાનો ઉદ્યોગ ફૂલ્યોફાલ્યો હતો અને તાંબુ મુખ્યત્વે મેસોપોટેમિયામાં નિકાસ કરવામાં આવતું હતું. ૫૦૦૦ વર્ષ જૂના સુમેરિયન અને અક્કાડિયનમાં તૈયાર થયેલી ઇંટો મેસોપોટેમિયાથી આવતી હતી. જેના પરથી દરિયાની લાંબા અંતરની મુસાફરી તેમજ દિલમન, મગાન (ઓમાન) તથા મેલુખ્ખા (ઉત્તર પૂર્વ ભારત તેમજ પાકિસ્તાન) સાથેના વેપારની એક કડી આપણને સાંપડે છે. આ પ્રદેશો સિંધુખીણની સંસ્કૃતિના અંતરંગ ભાગો હતા. લગાશના સુમેરિયન શહેરમાંથી મળી આવેલા એક સંદર્ભનો નાતો લગભગ ૨૦૫૦ બી.સી. સાથે જોડાયેલો છે. ઉપરાંત આ સંદર્ભ મુજબ મગાનના વહાણો, ત્યાં મળી આવતા સીલ તથા માટીકામના નમૂના (pottery) આ પ્રદેશમાં છે. જેના કારણે વેપારી પ્રવૃત્તિઓ એકબીજા સાથે જોડાયેલી હતી તેવું સાબિત થાય છે. 'ઓમાન, એ સી ફેરિંગ નેશન' નામના પુસ્તકમાં જણાવાયું છે કે, જૂના સમયમાં મગાન બંદરે (ઓમાન) આવી ધંધાકીય પ્રવૃત્તિઓમાં ચાવીરૂપ





ભૂમિકા ભજવી છે. ખલાસીઓ અને મગાનના વેપારીઓ આવી સાંસ્કૃતિક અને ટેકનોલૉજિકલ મનમેળ સાથે વેપાર કરતા રહ્યા હતા. લાંબા અંતરેથી આવતા વહાણોના બૅન્કિંગ, વેપાર, જુદા જુદા દેશની સંસ્કૃતિ, રીતરિવાજ વગેરે અંગે લખાતું રહ્યું અને માનવીનો વિકાસ થતો રહ્યો, સંસ્કૃતિનો વિકાસ થતો રહ્યો અને માનવી શહેરીકરણ તરફ ધસતો ગયો. પુસ્તકમાં વધુમાં જણાવાયું છે કે, બોટ બનાવવાથી માંડી તેનું સમારકામ, વહાણવટીય કુશળતા, દરિયાઇ માર્ગે આગળ વધવા અંગેની વિશિષ્ટતાને કારણે ઓમાનમાં વેપાર વધતો ગયો હતો.

દરિયાઇ માર્ગે થતા વેપારમાં ઈ.સ. પૂર્વેના બીજા સૈકામાં ઓટ આવી હતી. પણ ઈ.સ. પૂર્વેના પહેલા સૈકામાં પાછો વેગ આવવાનો શરૂ થયો હતો. અરેબિયન સમુદ્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવાને કારણે ઓમાનના વેપારમાં વેગ આવ્યો છે. ઓમાનમાં ઉત્પન્ન થતા વિવિધ સ્પ્રે, ફ્રેગરન્સ, અત્તર અને અગરબત્તીનો ધાર્મિક તેમજ અન્ય રીતરિવાજોમાં ઉપયોગ થતો હોવાથી વિશ્વમાં તેની મોટા પ્રમાણમાં માંગ છે અને મેસોપોટેમિયા, સીરિયા, ઈજિપ્ત, ગ્રીસ, રોમ અને બાદમાં ચીનમાં પણ તેની નિકાસ થવા લાગી હતી. ૧૩ પ્રકારના વિવિધ અત્તરો અને ખુશ્બૂની નિકાસનો ઓમાનનો એક રેકૉર્ડ સ્થાપિત થયો હતો. દક્ષિણ ઓમાનના સમહરમ (ખોર શેરી) વિસ્તારના ધોફાર શહેરમાં થયેલા ઉત્ખનનને લીધે પહેલા સૈકામાં (બી.સી.) થયેલા વેપારની વિગતો મળી આવી હતી. ત્યાર પછી તો આ વેપાર વધ્યો હતો. પરિણામે દક્ષિણ અરેબિયામાં (ઓમાન અને યેમેનમાં) સમૃદ્ધિ પણ ખૂબ વધી હતી. અત્તરના વેપારની વૃદ્ધિ સાથે જૂના સમયના રોમના આ વિસ્તારને અરેબિયા ફેલીક્ષ (સુખી અથવા સમૃદ્ધ અરેબિયા) તરીકે ઓળખતા હતા. આ નામ યુરોપિયનોએ આ વિસ્તારને અલગ પાડવા અને ઓળખાવવા ૧૯મી સદી સુધી ચાલુ રાખ્યું હતું. જો કે ઓમાનના રહેવાસીઓ આ અત્તરને ગૂઢ, જાદુઈ અને માંદાને સાજા કરતી આયુર્વેદ શક્તિ તરીકે વાપરે છે અને તેનો પુષ્કળ ઉપયોગ કરે છે. ઓમાનમાં આવતા સહેલાણીઓને તો તે ગિફ્ટ તરીકે તરીકે આપવામાં આવતા હતા. આ ઉપરાંત ઓમાનમાંથી નિકાસ થતી અન્ય ચીજોમાં મોતી અને મોતીની છીપલીઓ હતી. અખાતી સફેદ મોતી તેની સુંદરતા અને ચમક માટે જાણીતાં હતાં અને કીંમતી હતાં. પરંપરાગત ઓમાની શણગારોમાં આવા મોતીનો ઉપયોગ થતો હતો તેવા સંદર્ભો અને ચિત્રો પણ પુસ્તકોમાંથી અને સિંધુખીણ સંસ્કૃતિના અવશેષોમાંથી પ્રાપ્ત થાય છે. તો આવા અખાતી મોતી જર–ઝવેરાત બનાવવા તેમજ અન્ય આભૂષણોમાં કે સુંદર ચીજોમાં જડવા માટે અન્ય દેશોમાં નિકાસ કરવામાં આવતા. અગિયારમી અને બારમી સદીમાં ‘સીબ’ ઉચ્ચકક્ષાના





સુંદર મોતી માટેનું મહત્ત્વનું વેપારી કેન્દ્ર હતું. સીબનું આ મહત્ત્વનું સ્થાન મસ્કતે ૧૮મી સદીમાં લઈ લીધું હતું અને ૨૦મી સદીની શરૂઆત સુધીમાં જ્યારે વેપાર તેની ચરમસીમાએ હતો ત્યાં સુધી મસ્કતે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું હતું.

ઓમાન રાષ્ટ્રના અર્થતંત્રમાં તે સમયે પરંપરાગત હસ્તકલા કારીગરીની ચીજવસ્તુઓ પણ મહત્ત્વનો ભાગ ભજવતી હતી અને ઓમાનના સાંસ્કૃતિક વારસાને દર્શાવતી વસ્તુઓની નિકાસ પણ થતી હતી. સ્થાનિક પ્રાપ્ત કાચી ધાતુઓમાંથી બનાવાતી આવી હસ્તકલા કારીગરીની ચીજવસ્તુઓ નાવીન્ય ધરાવતી હતી અને પેઢી દર પેઢી ચાલી આવતી કલાની પરંપરાને પણ આગળ વધારતી હતી. આમાં દરિયાઈ સરહદ પર વિકસતું કામ કાષ્ઠકામ હતું. લાકડાના કોતરણમાં વહાણો બાંધવાની પરંપરા, માટીકામ, જેમાં મોટા મોટા સંગ્રહ કરવાની માટીની કલાકારીગરીવાળી કોઠીઓ, અત્તર બનાવવાની કોઠીઓ અને સોના–ચાંદીના કામવાળી કલાકારી ચીજવસ્તુઓ તેમજ હથિયારોમાં પણ કારીગરી હોય તેવી વસ્તુઓ બનાવવામાં આવતી હતી. આવી કલાકારીગરીવાળી કૃતિઓમાં ફૂલોની કોતરણી, ભૌમિતિક રચનાઓ કે કેલિગ્રાફિક આકૃતિઓ વિશેષ હતી. આ ઉપરાંત વિવિધ દેશોની વિશેષતા બતાવવા જે તે દેશની કલાકૃતિઓ અંકિત કરીને અન્ય દેશો સાથેના ઓમાનના સંબંધને વધુ ગાઢ બનાવાતા હતા.

વેપાર અને ધંધાકીય પ્રવૃત્તિઓને દક્ષિણ પર્શિયાના સાસ્સાનીડ્સ તરફથી પણ પ્રોત્સાહન મળતું રહ્યું. કારણ કે, તેમણે ત્રીજા સૈકામાં ઓમાનની આસપાસ પોતાનાં નૌકાથાણાં સ્થાપ્યાં હતાં. પાછળથી ઓમાનના સંબંધો ભારત અને આફ્રિકા સાથે પણ વિકસ્યા અને આઠમી સદી સુધી એટલે કે ઉમાયડના સમય દરમિયાન ભારત–આફ્રિકા સાથે ઓમાનના સંબંધો ઉચ્ચકોટિએ વિકસ્યા હતા. વેપારમાં વૃદ્ધિ થઈ હતી. આજ સમય દરમિયાન ઓમાન, યેમેન અને પર્શિયાના વેપારી સાહસિકોએ સીલોનમાં (હાલનું શ્રીલંકા) પણ પોતાનું વેપારીથાણું શરૂ કર્યું હતું.

જાણીતા ઈતિહાસવિદ્ પ્રવાસી ‘ટીમ એવેરીને’ સોહારમાં આવેલા કેન્ટોનની ઐતિહાસિક મુસાફરી કરવા જૂના દરિયાઈ માર્ગોનો ઉપયોગ કર્યો. જેથી જૂના



ખલાસીઓ અને દરિયાખેડૂની હિંમતને દાદ આપી શકાય. તેણે મુસાફરી કરેલા જૂના વહાણને હાલ અલ બસ્તાન પૅલેસ હૉટેલ પાસે પ્રદર્શનમાં મૂકવામાં આવ્યું છે.

ઓમાને સન્. ૬૩૦ની સાલમાં જ્યારે દેશ માટે ઇસ્લામ ધર્મ અપનાવ્યો ત્યારે વેપારમાં થોડું પરિવર્તન આવ્યું. કારણ કે, ઇસ્લામ ધર્મ અંગિકાર કરનાર ઓમાન પહેલું રાષ્ટ્ર હતું. ઇસ્લામ ધર્મની એકતા લાવનારી અસરને પરિણામે વેપાર–વાણિજ્યમાં ખૂબ પરિવર્તન આવ્યું. 'માઇલ્સ' નામના લેખક નોંધે છે, 'ઇસ્લામના અંગીકાર સાથે અરેબિયન પટ્ટો જાણે તંદ્રામાંથી સફાળો જાગ્યો. ધાર્મિક લાગણીનો પ્રભાવ, સાહિત્ય અને યુદ્ધ જેવો વેપારનો માહોલ, ઔદ્યોગિક સાહસોની શરૂઆત થવા લાગી. દરેક કુટુંબે પોતાના ઘરમાંથી એક વ્યક્તિને સાહસિક બનાવવા દરિયો ખેડવા પ્રોત્સાહન આપ્યું. આંતરિક ઝઘડા–વિવાદો ભૂલી, ધર્મના નામે રાષ્ટ્રને એક કરવા, વિકસિત કરવા, સમૃદ્ધ કરવા અને કૌટુંબિક સુખ વધારવા બધા કામ કરવા લાગ્યા. દેશમાં સમૃદ્ધિ વધવા લાગી. ટૂંક સમયમાં આશ્ચર્યજનક ઝડપે ન્યાયપ્રિયતા અને નિયમિતતા આવી અને ઓમાનના રહેવાસીઓને સુધરેલા સમાજની તાસીર જોવા મળી.


૭મી સદીથી લગભગ ૮૦૦ વર્ષ સુધી ઓમાન કેન્દ્ર સ્થાને રહ્યું અને તેના વ્યાપારિક સંબંધો ચીન, ભારત, દક્ષિણ પૂર્વ એશિયા, મધ્યપૂર્વ એશિયા અને આફ્રિકા સાથે વહાણો દ્વારા દરિયાઇ માર્ગે વિકસતા રહ્યા. મોટા કાર્ગો વહાણમાં માલની હેરફેર થતી અને ઓમાન કેન્દ્ર સ્થાને હોવાને લીધે તેને વેપારનો સારો એવો




લાભ થતો રહ્યો. તો રોડ અને રણ રસ્તે પણ ઊંટ ને કારવાં દ્વારા માલની હેરફેર થતી રહી. તે સમયે મુખ્ય બે ચીજો માટે વેપાર થતો, રેશમ અને માટીનાં વાસણો તેમજ માટીકામની ચીજવસ્તુઓ(પોટરી). ૧૩મી સદીમાં મળેલા સંદર્ભો પરથી જાણવા મળે છે કે, એક મુસ્લિમ વેપારી ૧૫૦ ઊંટોનો કાફલો લઇ ચીન માલ (સેફ્રોન) વેચવા ગયો હતો. બદલામાં પોર્સેલેઇન ખરીદી ગ્રીસમાં વેચ્યું અને ત્યાંથી તેણે બ્રોકેડ ખરીદી ભારતમાં આવી વેચ્યું, અને ભારતમાંથી સ્ટીલ લઇ એલેપ્પો જઇ વેચ્યું. ત્યાંથી ગ્લાસવેર (કાચની વસ્તુ) ખરીદી યેમેનમાં જઇ વેચ્યું. યેમેનમાંથી સુંદર લીનન કાપડ લઇ પર્શિયાની બજારમાં વેચ્યું. આમ, વર્ષો સુધી ઓમાની, ભારતીય, સીરાફિયાન્સ (ઇરાની) અને ચાઇનીઝ લોકો શક્તિશાળી અને સમૃદ્ધ વેપારીઓ ગણાતા. શરૂઆતમાં તો ઓમાનમાંથી જહાજ બનાવવામાં વપરાતાં સાધનો, મોતી, ઘોડા અને તેજાના ચીનમાં નિકાસ થતા હતા અને ત્યાંથી કાગળ, રેશમ, પોર્સેલેઇન, કીંમતી ધાતુ અને પથ્થરો તેમજ અકીકમાંથી બનાવેલાં ઘરેણાં આયાત કરવામાં આવતાં હતાં.

આરબો તેમની દરિયાઇ જાણકારી (નૅવિગેશનલ એક્સપર્ટાઇઝ) અને કુશળતા માટે પ્રખ્યાત હતા અને અન્ય દેશોએ ખાસ કરીને ચીને તેમની આ કુશળતા હસ્તગત કરી હોય તેવું લાગે છે. ૧૫મી સદીમાં ઇબ્ન માજિદ નામના ઓમાનના નૅવીગેટરે (દરિયાઇ સાહસિકે) પોર્ટુગીઝના પ્રવાસી વાસ્કો–દ–ગામાને ભારતનો રસ્તો બતાવ્યો હતો. ૧૬મી સદી સુધીમાં પોર્ટુગીઝોએ પૂર્વીય ક્ષેત્રના વેપાર માર્ગોને બરાબર જાણી લીધા હતા. જે પહેલાં માત્ર ઓમાની આરબો જ જાણતા. પરંતુ પોર્ટુગીઝોને ઓમાનમાંથી સફળતાપૂર્વક અલયરૂબા નામના શાસક રાજવીના ઇમામ સુલતાન બિન સૈફે ૧૬૭૦માં ભગાડી મૂકયા અને હિંદ મહાસાગરનો કબજો ફરી એકવાર ઓમાને લઇ લીધો. એક મહત્ત્વની વાત એ નોંધવાની કે, પોર્ટુગલ તે સમયે ખૂબ જ શક્તિશાળી હતું, પરંતુ તેમને હરાવનાર ઓમાન પણ કંઇ ઓછું શક્તિશાળી નહોતું.

૧૮મી સદીની મધ્યમાં ઓમાનનો મુખ્ય વેપાર તુર્કીશ ઇરાક સાથે હતો અને લગભગ ૫૦ વહાણો દ્વારા મસ્કતથી બસરા વચ્ચે વાર્ષિક વેપાર થતો હતો. અખાતી દેશો, ભારત અને રાતા સમુદ્ર વચ્ચેના વેપાર વ્યવહારમાં મસ્કત મહત્ત્વનું કેન્દ્ર બની ગયું અને અડધા કરતાં વધુ અખાતી વેપાર તેમજ યેમેનનો વેપાર પણ મસ્કત થઇને જ થતો હતો. આવી અત્યંત મહત્ત્વની વેપાર શૃંખલાની શ્રેણી ૧૯મી સદીમાં પણ ઓમાન અને ઝાંઝીબારના શાસક સઇદ સૈયદ બીન સુલતાને જાળવી રાખી. તેમને વેપારના મહત્ત્વની અને તેમાં પણ ઓમાનના સ્થાનની બરાબર ખબર હતી. સઇદ સૈયદ બીન સુલતાને વેપારના વિકાસમાં અને આંતરરાષ્ટ્રીય સંબંધો

વિકસાવવામાં ખૂબ જ ધ્યાન આપ્યું. તેમના પૌત્ર આર સઈદ રાઉટેએ આરબ અમીરાતને એક કરી વિસ્તાર્યું અને યુરોપિયનોની દૃષ્ટિમાં તેને મહત્ત્વનું સ્થાન અપાવ્યું. દરિયાઇ માર્ગો મજબૂત બનાવ્યા. દરિયાઇ માર્ગોની સુરક્ષા વધારી. વહાણો બનાવવાં, રિપેર કરવાં અને એન્જિનોમાં તેલ ભરવા માટે ઓમાનમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી. વહાણોની અનાજ–પાણીની જરૂરિયાત પૂરી કરી.

સામાજિક અને આર્થિક દૃષ્ટિએ ઓમાનનું સ્થાન બે રીતે અગત્યનું બની રહ્યું. દરિયાઇ કાંઠાનો વિકાસ અને તેના બંદરો તેમજ વહાણોને આનુષાંગિક સવલતોને કારણે વિશ્વના અન્ય કેન્દ્રો સાથે ઓમાન જોડાયેલું રહ્યું. વળી, તેની ખેતી તથા ખનીજ ખોદકામને લીધે તેનું સ્થાન ઊંચું રહ્યું.

ભૂતકાળમાં પહાડી અને રણ વિસ્તાર હોવાને કારણે દેશમાં પાણીની તંગી રહેતી. પણ વિશાળ અને અસરકારક અફલજ (પાણી વહેંચવાની નહેરો) ૧૦૦૦ બી.સી.ના સમયથી બનાવવાની શરૂઆત કરતાં ઓમાનની આ મુશ્કેલી પણ ધીરેધીરે દૂર થતી ગઈ હતી. આ નહેરોને કારણે ખેતીના કામમાં પણ મદદ મળી રહેતી. આ નહેરો એટલી કુશળ એન્જિનિયરિંગ ટેક્નિકથી બનાવેલી હતી કે, યુનેસ્કો દ્વારા ઓમાનની આવી પાંચ અફલજોને 'વર્લ્ડ હેરિટેજ સાઇટ' તરીકે માન્યતા મળી છે.



With Best Compliments from
INTISAR CORPORATION L.L.C.
IMPORTERS & SUPPLIERS OF BUILDING MATERIALS & CONTRACTS
P O. BOX 947, Ruwi, Postal Code 112, Sultanate of Oman, Tel : 24561499, 24560175, 24839072, 24833442,
Telefax : (968) 24834447 / 24561101 Cable INTISAR
SOLE DISTRIBUTORS
FIRE FIGHTING EQUIPMENTS
FROM SAUDI ARABIA
HAND AND MOBILE TYPE FIRE EXTINGUISHER & HOSE REEL MADE IN K.S.A.
FIRE ALARM PRODUCTS FROM UNITED KINGDOM
apollo
FIRE DETECTORS LIMITED ENGLAND
PROSAFE AB
FORCE RESCUE EQUIPMENT
SWEDEN
TEL. : 24782819
Manufacturers of all
GRP PRODUCTS
* Standard Water Storage Tanks of Various capacities & differing shaps
* Carporch roofing
* Decorative Storage Tanks
* Cladding & Canopies
* Bathtubs
* Concrete shutters'
* Manhole systems
* Domes
* Sectional Storage Tanks
* Decorative fascia panels
* Fountains
* Shower Trays
* Swimming Pools & Garden furniture
* Drainage duct & Pipes
* A.C. Drip trays & A.C. Covers
TEL. : 24815585
COMPUTERS AND ACCESSORIES
TEL. : 24561430 / 24561431
The ORCHID COSMETICS Divn.
Beauty Equipments, Cosmetics,
Skin & Hair care products.
Tel. : 24791533, 24813583, Fax : 24813582
Building Material Division
Phone : 24560175, 24561499
24564281
Fax : 24561101
Sanitaryware, Hardware & Electrical Division
Phone : 24831072, 24833442
Fax : 24834447
Fire Fighting Division
SOLE DISTRIBUTORS
Ph : 24782819 / 24790418
Fibreglass Division
STORAGE WATER TANK, SECTIONAL TANKS, CLADDING CANOPIES, DOMES, BATH TUBS, MANHOLE COVERS ETC
Phone : 24815585
Fax : 24815618
Computer Division
COMPUTERS AND ACCESSORIES
AL WADI COMMERCIAL CENTRE
PHONE : 24561431, 24571467
Fax : 24561430



# ઓમાનના ગુજરાત સાથેના સંબંધો

ગુજરાતી વેપારીઓ તેમની વ્યવહાર કુશળતા, સહિષ્ણુતા અને ઉદ્યોગસાહસિકતા માટે દેશ–વિદેશમાં જાણીતા થયા છે. કુદરતે પણ ગુજરાત ઉપર મહેર કરીને ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો સાગરકાંઠો આપ્યો છે. ગુજરાતીઓની વહાણવટાની પરંપરા ચાર–પાંચ હજાર વર્ષ જૂની છે. ઠેઠ સિંધુ સંસ્કૃતિના સમયથી આપણા નાવિકો, સુકાનીઓ, નાખુદાઓ અને ખલાસીઓ, માલમો અને ટંડેલો સાગર મહાસાગરને ખેડતા આવ્યા છે. પ્રાચીન અને મધ્યકાળમાં ગુજરાતી સાહસિકોએ પૂર્વ આફ્રિકા, જાવા, સુમાત્રા, અખાતી દેશો અને સિંહલદ્વીપને લઈ ભૂમધ્ય સમુદ્રના ભરચક કાંઠાઓ સુધી અને પશ્ચિમ એશિયા સુધી ગુજરાતનો જયઘોષ કર્યો હતો અને દ્વારિકા, પ્રભાસપાટણ, ભરૂચ, ખંભાત, લખતર, મુન્દ્રા, માંડવી, માંગરોળ, વેરાવળ, ઘોઘા અને સુરતનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કર્યું હતું અને પ્રતિષ્ઠા પણ હાંસલ કરી હતી. આ પાછળ તેમની વ્યવહારુ વેપારી સૂઝ–સમજ ઉપરાંત પુરાણી સૈકાઓ જૂની વહાણવટાની પરંપરા પણ છે. આજથી લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાં હડપ્પીય બંદર પાસેનું નગર લોથલ જે રીતે વિકસ્યું હતું તે સ્પષ્ટ પુરવાર કરે છે કે આ ભૂમિ પર વસવાટ કરનાર લોકો સાગરખેડૂ હતા. ઈ.સ. પૂ. ૧૯૦૦માં લોથલનો બહેરીન અને સુમેર સાથેનો વેપાર ધીકતો હતો. બેહરીનનો ટાપુ ઈરાની અખાતમાં આવ્યો હતો અને તે સમયે ‘દિલ મુન’ તરીકે




ઓળખાતો. બેહરીનના ટાપુઓ અને યુફ્રેટીસ તૈગ્રીસની ખીણોમાં તેમજ મધ્ય મેસોપોટેમિયામાં લોથલના વેપારીઓએ થાણાં સ્થાપ્યાં હતાં. ઉર, કિશ, આસ્માર, લગાશ અને બ્રાક જેવા મેસોપોટેમિયાના વિસ્તારોમાં લોથલના વેપારીઓની વસાહતો હતી. ઇતિહાસકાર હેરોડોટસના કથન મુજબ સિંધુ કાપડની જાત બેબિલોન અને ઇજિપ્તમાં પ્રચલિત હતી. એસિરિયન રાજા સેનાચેરિબના (ઇ.સ. પૂર્વે ૭૦૪–૬૮૧) બગીચામાં ગુજરાતનો કપાસ ઉગાડવામાં આવ્યો હતો ને બુચેડનીઝાર (ઇ.સ. પૂર્વે ૬૦૪–૫૮૧)ના મહેલમાં સિંધની લાટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બાબતની જ વિશેષ ચર્ચા રસિકલાલ પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રીએ પણ કરી છે.

ગુજરાતનાં બંદરો વિશેની ઐતિહાસિક વિગતો 'મહાભારત', 'હરિવંશ પુરાણ', 'ભાગવત' અને 'મત્સ્યપુરાણ'માંથી પણ સાંપડે છે. હરિવંશ પુરાણમાં જણાવ્યાનુસાર યાદવોની સમૃદ્ધિ સાગર દ્વારા થતા વેપારને લીધે હતી. કૌટિલ્યે તેમના અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે કે, સાગરકાંઠે રહેતા નાગરિકોનો મુખ્ય વ્યવસાય વહાણવટું હતો. પ્રાચીન ગ્રીક અને રોમન પુસ્તકોમાં પણ ગુજરાતના બંદરોની વિગતો સાંપડે છે. ગ્રીક લેખક ગેલાઝીએ તેમના પુસ્તક 'બાટિયાસ'માં કચ્છની વહાણવટા પરંપરા અને વેપારની વિગતો જણાવી છે. તો અન્ય એક ગ્રીક લેખક પેર્યાકસાએના ઇ.સ. પૂર્વે ૨૪૬ના સમયના કચ્છની વહાણવટા પરંપરાને આલેખી છે. જૂના આફ્રિકન પુસ્તકના લેખકે તેમના પુસ્તક 'ટિબુ ટીબ' નામના પુસ્તકમાં કચ્છી વહાણો કે જે આફ્રિકા અને ઓમાનના કિનારે લાંગરતાં તેની પ્રશંસા કરી છે અને કચ્છી ભાટિયાઓને બિરદાવ્યા છે. સોલંકી યુગમાં લખાયેલા 'નભી નંદન જીર્ણોદ્ધાર પ્રબંધ' નામના પુસ્તકમાં ગુજરાત અંગેના સંદર્ભો મળી આવે છે.

આ વિસ્તારના રહેવાસીઓ નાના વેપારીઓ છે જે તેમના બંદરો પરથી વેપાર કરે છે અને સમૃદ્ધ થયા છે. ઐતિહાસિક સંદર્ભો પરથી જાણવા મળે છે કે પહેલાંના જમાનામાં, ખાસ કરીને મધ્યયુગમાં ગુજરાતમાં ૮૪ બંદરો હતાં. જેમાંથી ૧૮૪૨ સુધી તો સૌરાષ્ટ્રમાં ૬૨ બંદરો હતાં. એવું પણ આ સંદર્ભોમાંથી જાણવા મળે છે કે ૮૪ જુદા જુદા બંદરોએથી જુદા જુદા ધ્વજ ધરાવતા ૮૪ વહાણો કચ્છના માંડવી બંદરે નાંગરતાં. મળી આવતા ઐતિહાસિક પુરાવા મુજબ ઇ.સ. પૂર્વે બીજી શતાબ્દીમાં સૌરાષ્ટ્ર એક દ્વિપકલ્પ હતો. કચ્છ પણ એક દ્વીપકલ્પ હતો. જેમાં ૧૮મી સદી સુધી વહાણો આવ–જા કરતા હતા. હાલના રણ વિસ્તારના જમાનામાં પાણી રહેતું હતું. રાજપૂત યુગથી જ થીરુપુર નગર – હાલનું બનાસકાંઠાનું થરાદ – હિંદુઓ અને જૈનો માટે મોટું કેન્દ્ર બની રહ્યું હતું. કલ્યાણસેવક ધન્યકુમારે લખેલી એક હસ્તપ્રતમાંના ચિત્રમાં જોતાં થરાદ એક બંદર તરીકે જણાય છે. સોલંકીયુગમાં વહાણવટીય પ્રવૃત્તિઓનો પણ છૂટોછવાયો સંદર્ભ કેટલાંક પુસ્તકોમાં મળે છે. સિદ્ધરાજ જયસિંહે રથમાં સાંતલપુર તાલુકાના વારાહી ગામની મુલાકાત લીધી હતી અને ત્યાર બાદ વહાણ અને બોટમાં વારાહીથી સાંચોર હંકારી ગયા હતા. (પ્રબંધ ચિંતામણી) આ પુસ્તકોમાં વધુ માહિતી સાંપડે છે કે તે વખતે ગુજરાતમાં માંડવીમાં લાકડાંના વહાણ બાંધવાનો ઉદ્યોગ ફૂલ્યો–ફાલ્યો હતો. પરિણામે વહાણવટાના વિકાસમાં અને ગુજરાતની સમૃદ્ધિમાં તેમજ રાષ્ટ્રના વિકાસમાં આ ઉદ્યોગનો ફાળો મહત્ત્વનો હતો. કચ્છના રહેવાસીઓ સમૃદ્ધ હતા. ઐતિહાસિક સંદર્ભો પરથી સાબિત થાય છે કે હાલનું કચ્છનું રણ પહેલાં અખાતી દરિયો હતો અને સાતમી સદી સુધી વહાણો કચ્છના અખાતમાં મુસાફરી કરતા હતા.

આઠમી સદીમાં આ અખાત સૂકાઇ ગયો અને રણ બની ગયું. જે કચ્છના રણ તરીકે જાણીતું થયું. છઠ્ઠી સદી સુધી એટલે કે, બુદ્ધના સમય સુધી ભરૂચ એટલે કે



ભૃગુકચ્છ સમૃદ્ધ બંદર ગણાતું. મધ્યપૂર્વના દેશો સાથે તે વખતે સંબંધો ફૂલ્યા–ફાલ્યા હતા. સૈકાઓ સુધી ખંભાતના અખાતમાં પણ વહાણો હેરાફેરી કરતા હતા. ક્ષત્રપ અને ગુપ્તવંશના રાજ્યકાળમાં પણ સાગર દ્વારા વેપારવણજ વિકસ્યો હતો.

મૈત્રક વંશનું તે વખતનું પાટનગર વલ્લભીપુર પણ તે વખતે મહત્ત્વનું બંદર હતું. એવું મનાય છે કે ખંભાતના દરિયામાં જનારા પ્રથમ વહાણો કનકપુર, મધુવતી અને ભદ્રાવતીમાં બંધાયા હતા. એવું પણ મનાય છે કે ઝડપી વહાણોનું બાંધકામ કનકપુરમાં અને રામવાતમાં થતું હતું.

આમ, જૂના સાહિત્ય પરથી જણાય છે કે, ગુજરાતના ઘણા બધા પ્રાચીન બંદરો કે જે–તે વખતે સમૃદ્ધ હતા. વહાણોની ભરપુર અવરજવર રહેતી હતી. તે હવે સપાટ જમીન બની ગઈ છે. એવું પણ બને કે દરિયાના પાણીનું સ્તર ઊંચું આવ્યું હોય અને બંદરો બધાં તેમાં ડૂબી ગયાં હોય. ગુજરાતમાં ભરૂચ પાસે આવેલું અમરાપુર, કંબોઈમાં બંદરના નિશાન હજી પણ પ્રાપ્ત થાય છે અને જમીન વધી ગઈ હોય તેવું જણાય છે. ગુજરાતના સાહસિક વેપારીઓ એશિયા, આરબ અમીરાત, આફ્રિકા અને યુરોપના દેશોની સફર ખેડવા ત્યાં પોતાની પેઢી ખોલતા તો ક્યારેક ત્યાં કાયમી વસવાટ પણ કરતાં. કુપ્પુરામે તથા મોતીચંદ્રે છઠ્ઠા અને સાતમા સૈકાઓની જાતક કથાઓ તેમજ અન્ય સ્રોતોને આધારે બતાવ્યું છે કે, ગુજરાતીઓ ઝાંઝીબાર અને મડાગાસ્કર જેવા 'કાળા યવનોના' દેશ સાથે વેપાર કરતા. એક આરબ ઈતિહાસકારે તેમના આધારભૂત ગ્રંથમાં જણાવ્યું છે કે, પૂર્વ આફ્રિકાના બંદરો અને ટાપુઓ ઉપર આરબોનું વર્ચસ્વ હોવા છતાં ગુજરાતી વેપારીઓ સોમનાથ/વેરાવળ અને ભરૂચથી શરૂ કરીને તેમના વહાણો સહિત સોફાલા, કિલ્વા અને ઝાંઝીબાર સુધી જતા. મોતીચંદ્રે 'સુપારક જાતક'ને આધારે બતાવ્યું છે કે ઈ.સ. પૂર્વે પાંચમા સૈકામાં ભરૂચ મશહૂર આંતરરાષ્ટ્રીય બંદર હતું. ગુજરાતના વેપારીઓ ભરૂકચ્છ (ભરૂચ)થી ખુરમાલ (પર્શિયન ગલ્ફ), અગ્નિમાલ (એડન), દધિમાલ (રાતા સમુદ્ર) તથા નીલકુસ માલ (આફ્રિકા નો ઉત્તર–પૂર્વ કિનારો) સાથે સંપર્ક ધરાવતા.

એક આરબ અનુશ્રુતિ મુજબ સોકોત્રા ટાપુ પર જમા થયેલા ગુજરાતી હિન્દુઓ સાથે વ્યાપાર કરવાની સલાહ એરિસ્ટોટલે સિકંદરને આપી હતી. પરંતુ વ્યાપારી સંબંધો બાંધવાને બદલે સિકંદરે ઈ.સ. પૂર્વે ૩૨૦ની આસપાસ સોકોત્રા ટાપુ જ જીતી લીધો. વળી તેણે હિંદુ મૂર્તિઓનું પણ ખંડન કર્યું. અહીં બતાવવાની વિશેષતા એ છે કે પ્રાચીન ગુજરાતીઓની અહીં વસાહત હતી.

૧૬મા સૈકા સુધી હિંદી મહાસાગર પર આરબોનું પ્રભુત્વ હતું. પરંતુ પોર્ટુગીઝોએ દરિયાઈ યુદ્ધોની નવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને આરબોને નમાવ્યા અને હિંદી મહાસાગરના સર્વ સત્તાધીશ થઈ પડ્યા. ગુજરાતી વહાણો જો પોર્ટુગીઝોના પરવાના વગર અરબી સમુદ્ર ઓળંગે તો તેમને લૂંટી લેવામાં આવતાં. ઈ.સ. ૧૫૨૨માં દીવના નઝિમ અને ગુજરાતના નૌકાધિપતિ મલિક અયાઝના મૃત્યુ બાદ પોર્ટુગીઝોને છૂટો દોર મળી ગયો. દીવ પર કબજો મેળવ્યા બાદ પોર્ટુગીઝોની પરવાનગી વગર કોઈ જહાજ ગુજરાતના બંદરોએથી જઈ શકતું નહીં કે બહારથી કોઈ જહાજ ત્યાં આવી શકતું નહીં. આ રીતે ગુજરાતનો વિદેશો સાથેનો વેપાર સંકોચાવા લાગ્યો.

પોર્ટુગીઝોએ એક બીજી મુશ્કેલી પણ શરૂ કરી. તેઓ હિંદુ વેપારીઓને વટલાવતા. વળી પોર્ટુગીઝ વેપારી કે એજન્ટ કોઇ હિંદુને 'પાર્ટનરશિપ'ના ધંધામાં રાખી શકતો નહીં. આવી પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે પણ ગુજરાતી વેપારીઓએ તેમજ કોરોમંડળ અને મલબારના ચેટિયારોએ પ્રયુક્તિઓ કરીને પોર્ટુગીઝોને તથા આરબોને બક્ષિસો અને લાંચ આપીને તેમનો વેપાર ચાલુ રાખ્યો હતો. ગુજરાતના ભાટિયા અને દક્ષિણના ચેટિયાર આ બે હિંદી વેપારી કોમો તે વખતે સાહસિક ગણાતી. સોળમા સૈકાના અંતિમ દાયકાઓમાં ગુજરાતીઓનો વિદેશ વ્યાપાર દર વર્ષે રૂપિયા આઠ કરોડનો હતો. ગુજરાતી વેપારીઓની વેપારી સૂઝ, સાહસવૃત્તિ અને હિંદી મહાસાગરની ભૌગોલિક સમજ, વિશ્વબજારો તેમજ શરાફી ધંધા પ્રત્યેનું ઊંડું જ્ઞાન, દેશી–વિદેશી કેટલાય ચલણોના વિનિમયની કિંમત પરત્વેનું તેમનું જ્ઞાન અને તે દ્વારા વિદેશી હૂંડિયામણ પર તેમની પકડને કારણે ગુજરાતીઓ સફળ હતા. ઉપરાંત ગુજરાતી ભાષા હિંદ ઉપરાંત હિંદ મહાસાગરના દેશોમાં વ્યાપાર અને નામાની ભાષા તરીકે સર્વત્ર પ્રચલિત થઇ હતી.

## કચ્છ, મસ્કત અને ઝાંઝીબાર :

કચ્છ અને સૌરાષ્ટ્રને ઝાંઝીબાર અને પૂર્વ આફ્રિકાના બંદરો સાથે જોડતી સાંકળરૂપ જો કોઇ બંદર હોય તો તે મસ્કત છે. વિશ્વનો નકશો જોઇએ તો કર્કવૃત્ત કચ્છ અને મસ્કતમાંથી પસાર થાય છે. કચ્છ ઘણી રીતે ઓમાન સાથે સામ્ય ધરાવે છે. ઓમાનની જેમ કચ્છ સૂકો અને બરછટ પ્રદેશ છે.

માંડવી અને મુન્દ્રાના વેપારીઓ મસ્કત અને એડન થઇને જ ઝાંઝીબાર જતા. ઓમાન પહોંચતાં પહેલાં કચ્છી વેપારીઓ ઇરાની અખાતના મુખ પર આવેલા સૂર બંદરે પહોંચતા. ઓમાનના પ્રવેશદ્વાર સમાન ગણાતું સૂર તેના જહાજવાડા માટે આજે પણ જાણીતું છે. ભારત, આફ્રિકા અને અન્ય દેશોમાંથી આવતા વહાણો સૂર બંદરને સ્પર્શીને જતાં. તે જ પ્રમાણે પ્રાચીન સમયથી રાસલ હદ પણ ઓમાનનું મહત્ત્વનું બંદરીય નગર ગણાય છે. સૂર બંદરથી વિદાય થતાં વહાણો રાસલ હદ પહોંચી દિશા બદલતાં.

કચ્છી સાહસિકોએ મસ્કત દ્વારા પૂર્વ આફ્રિકા સાથે તેમનું ટ્રેડિંગ નેટવર્ક કુશળતાપૂર્વક જમાવ્યું હતું. ઓમાનમાં અલ–બુ–સૈદ રાજવંશનો પ્રારંભ કરનાર અહમદ બિન સૈયદ (૧૭૪૦–૧૭૮૩)ના શાસનકાળ દરમિયાન કચ્છી ભાટિયાઓએ મસ્કતમાં પુષ્ટિમાર્ગી મંદિર તથા હવેલી બંધાવી હતી. તે ઉપરાંત મોતીસર મહાદેવ અને હનુમાનજીના મંદિરો પણ બાંધવામાં આવ્યાં હતાં. આજે પણ ઓમાનમાં વસતા ગુજરાતીઓએ તેમની અનેકવિધ વ્યાપારી અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા તે દેશમાં તેમનું એક આગવું સ્થાન બનાવ્યું છે. કચ્છમાંથી ઓમાન ગયેલા ભાટિયાઓમાં મુખ્યત્વે ક્ષાત્રપ તેજ હતું. આથી જ્યારે જ્યારે તેઓ પોતાના વહાણ લઇ જઇ ખેપ કરતા ત્યારે ત્યારે ચાંચિયાઓ સામે ઝઝૂમવા શસ્ત્રસરંજામ ભરીને વહાણો હંકારતા. આવા વહાણો 'બૂબડા'ના નામે ઓળખાતા. તેમાં લડાઇનો સરંજામ અને સિપાઇઓ રહેતા. ક્યારેક અંગ્રેજો, આરબો કે વલંદાઓ તેમના વહાણ લૂંટતા ત્યારે બહાદુરીપૂર્વક તેઓ ચાંચિયાઓનો સામનો કરતા. એમાંના એક રતનશી હાથુઆણીને તો મથુરદાસ લવજીએ જોયા હતા. મથુરદાસ લવજીનાં કેટલાક વિધાનો ૧૯૯૭માં ભાટિયાઓ ઉપર થયેલા પીએચડી મહાનિબંધમાંથી મળ્યાં છે. ભાટિયાઓનું પહેલું સ્થાન મસ્કત હતું. તેઓ ત્યાં તેમજ મતરા, અબુશેરા, લીંગા, ભારન, ગ્વાદ મકલ્લા, હુદ્દીદા અને મશીવા જેવા શહેરોમાં ૧૬મી સદીમાં ઘર બાંધીને રહ્યા હતા. આ જગ્યાઓએ તેમણે પેઢીઓ સ્થાપી અને નાણાં સંબંધી કારભાર મેળવ્યો હતો. ભાટિયાઓએ અરબસ્તાનના શહેર બસરામાં શ્રી ગોવિંદરાયજીની મૂર્તિ સ્થાપી હતી. જ્યારે બસરાના લોકો જુલમ કરવા લાગ્યા ત્યારે તે મૂર્તિ આશરે ૩૦૦ વર્ષ થયાં (આશરે ૧૫૮૩માં) મસ્કતમાં લાવી રાખી છે અને હાલમાં પણ મસ્કતમાં તે મૂર્તિને ભાટિયાઓ પૂજે છે. ઇતિહાસ અને વર્તમાન કાળને જોડતી કડીરૂપ અને સાંસ્કૃતિક જીવન પર પ્રકાશ પાડતો એક પ્રસંગ આ મુજબ છે

મસ્કતમાં પુષ્ટિસંપ્રદાયની બે હવેલીઓ હતી. એક ગોવિંદરાયજીની મોટી હવેલી અને બીજી શ્રીનાથજીની નાની હવેલી. ઓમાનના વર્તમાન (ઇ.સ.૨૦૦૦) સુલતાન કાબુસ બિન સૈદે રાજમહેલનું વિસ્તરણ કરવા માટે આસપાસની જમીન અને મકાનો વળતર આપી કબજે કર્યા. તેમાં હવેલીનું મકાન પણ આવી જતું હતું. મુખીયાજીને વળતરમાં સારી રકમ મળી, તે લઇને તેઓ ગોવિંદરાયજીની મૂર્તિ સહિત સૌરાષ્ટ્રમાં જામનગરમાં આવ્યા. પરંતુ ત્યાં મૂર્તિની સેવા યોગ્ય રીતે થતી નહોતી. તેથી મસ્કતના મહાજન આગેવાન કનકસિંહ ગોકળદાસ પોતે જામનગર ગયા અને મુખિયાજીના વારસ પાસેથી આ સ્વરૂપ લઇ આવ્યા અને મસ્કતના દારસેટ વિસ્તારમાં નવી બંધાયેલ હવેલીમાં શ્રીનાથજીના સ્વરૂપ સાથે ગોવિંદરાયજીના આ સ્વરૂપને વાજતે–ગાજતે મંત્રોચ્ચાર કરી પધરાવવામાં આવ્યું. (બચુભાઇ ધોળકિયા અને ચંદ્રકાન્ત ચોથાણી(સંપા.) 'ઓમાનમાં ગુજરાતીઓની અસ્મિતા' મુંબઇ,૧૯૯૧, પૃ.૪૫)

અને ૧૯મા સૈકા પહેલાં ભાટિયા ઉપરાંત અન્ય હિન્દુઓ પણ વ્યાપાર ખેડવા ઓમાનમાં ગયા હતા. લેફ્ટનન્ટ એમરીએ ૧૮૨૪–૨૬નાં વર્ષો દરમિયાન લખેલી રોજનીશીઓને આધારે નોંધવું જરૂરી બને છે કે વાટ ભીમા તેમજ જયરામ શિવજી જેવા ભાટિયાઓએ ૧૮૩૦ બાદ જેવી રીતે ઝાંઝીબારની કસ્ટમ્સ ઓફિસોનો કારભાર હાંસલ કર્યો, તેવી રીતે ગુજરાતના જૈનોએ મોમ્બાસા બંદરની કસ્ટમ્સ ઑફિસનો ઇજારો પ્રાપ્ત કર્યો હતો. હકીકતમાં તો મહાવીર, શિવરાજ અને છબીલદાસ જેવા ગુજરાતી જૈનો તો છેક ૧૮૨૨થી મોમ્બાસાના કસ્ટમ્સ માસ્ટર્સ હતા અને તેઓ આરબ સુલતાનોને મોટા પાયા પર ડૉલરનું ધિરાણ કરતા વ્યાપારી પ્રભુત્વ ઉપરાંત ધીરધાર દ્વારા પ્રાપ્ત થતું પ્રભુત્વ સાચે જ મહત્ત્વનું હતું. આવા કેટલાક ગુજરાતીઓનો પરિચય ઓમાનના ગુજરાતીઓ ઉપર વધુ પ્રકાશ પાડશે.

# જયરામ શિવજી
## (૧૭૯૨-૧૮૯૭)



જયરામ શિવજીનો જન્મ કચ્છના મુન્દ્રા શહેરમાં થયો હતો. જયરામ શિવજીના સગા મુન્દ્રામાં સ્વાલી શેરીમાં રહેતા જયરામે ૧૮૬૫માં તૈયાર કરેલા વસિયતનામા અને અન્ય દસ્તાવેજો મુજબ જયરામ શિવજી પૂર્વ આફ્રિકામાં તેમની અટક મુજબ 'ટોપણ શેઠ' તરીકે તો ઓળખાતા જ હતા. પણ ૫૦ વર્ષની કારકિર્દી દરમિયાન તેઓ સ્વાહિલી ભાષા અને પ્રજા સાથે એવા તો ગાઢ પરિચયમાં આવ્યા કે ત્યાં કેટલાય ભાટિયા અને ખોજાઓની જેમ તેમની ભાષા પણ 'સ્વાહિલી' થઇ ગઇ. સ્વાહિલીમાંથી સ્વાલી થયું. તેમના વંશજ તુલસીદાસ નરોત્તમ કદી પૂર્વ આફ્રિકા ગયા નહોતા. છતાં તેઓ તેમના પૂર્વજોની પરંપરા અનુસાર 'સ્વાલી' અટક ધરાવે છે. અરબી ભાષામાં 'સ્વાહિલી' એટલે કિનારો.

જયરામ શિવજીના કૌટુંબિક દફતરો મુજબ મસ્કત અને ઝાંઝીબાર જનારા સૌપ્રથમ તેમના દાદા ટોપણ હતા. કચ્છ-મુન્દ્રાના સંશોધનકાર ઠા. પરસોત્તમ જેઠાએ જણાવ્યું હતું કે, જયરામ શિવજીના કુટુંબના આદ્યપુરુષ ટોપણ શેઠ ૧૭મા સૈકાના માંડવી બંદરના નગરશેઠ હતા. તેમણે ૧૬૨૨થી ૧૬૩૬ દરમિયાન માંડવીમાં કલ્યાણેશ્વર અને લક્ષ્મીનારાયણના મંદિરો બંધાવ્યાં હતાં અને તે સમયના મહારાજાને વિશ્વાસમાં લઇને ટોપણ શેઠે માંડવી બંદરને વિકસાવ્યું. ૧૭મા સૈકામાં ભાટિયાઓ મોટી સંખ્યામાં ઓમાનના અખાતમાં ફેલાયેલા હતા અને ત્યાં તેમની આર્થિક અને રાજકીય વગ પ્રવર્તતી હોવાથી મંદિરો બાંધ્યાં હતાં. ટોપણ શેઠ માંડવીના મોટા વ્યાપારી તેમજ નગરશેઠ હોવાથી તેમણે મંદિરની સ્થાપનામાં મોટો ભાગ ભજવ્યો હતો.

ટોપણ શેઠ માંડવીમાં હતા. તેમના એક ભાઇ પારપ્યા સિંધના બંદર નગરઠઠ્ઠામાં વસ્યા હતા. તેથી તેમના વંશજ 'પારાપ્યાણી' તરીકે ઓળખાયા. મોરબીમાં વસનાર બીજા ભાઇનું નામ આડત હોવાથી તેમના વંશજો 'આડતાણી' તરીકે ઓળખાયા. ૧૮૯૬થી ઉપલબ્ધ 'ભાટિયા મિત્ર'ના ઇ.સ. ૧૯૦૦ના અંકમાં જણાવાયું છે કે, પૂર્વ આફ્રિકામાં વસવાટ કરનાર સૌ ભાટિયાઓની માહિતી આમાંથી પ્રાપ્ત થાય છે તે મુજબ માવજી ટોપરાણી, ગોપાળ રવજી ટોપરાણી અને પરસોત્તમ ગોકળદાસ ટોપણ માંડવી બંદરેથી આફ્રિકા ગયા હતા.

જયરામ શિવજીના દાદાનું નામ પણ ટોપણ હતું. ૧૭૫૦ની આસપાસ તેઓ વ્યાપારાર્થે અવાર-નવાર મસ્કત અને ઝાંઝીબાર જતા હતા. ટોપણના પુત્રો શિવજી (જયરામના પિતા) અને માધવજી ૧૮મા સૈકાના અંતમાં સૌપ્રથમ મસ્કતમાં સ્થળાંતર કરી ગયા હતા. આ પ્રકારની કૌટુંબિક પરંપરાઓ જયરામ શિવજી અને તેમના ભાઇ ઇબજી શિવજીના સંબંધોને સમજવામાં ચાવીરૂપ છે.

કચ્છના મહારાવ ગોડજી બીજા (૧૭૬૦-૭૮)એ માંડવીના જહાજવાડાને આધુનિક ઓપ આપ્યો. તે પહેલાં પણ સિંધ અને કચ્છના ભાટિયાઓની મસ્કત અને ઝાંઝીબારમાં પેઢીઓ હતી. મસ્કતના ઓમાની સુલતાનો કેટલીક વખત રતનશી પુરસોત્તમ ભીમાણી અને વીસનજી હરિદાસ ભીમાણી જેવા વાટ ભીમાના પૂર્વજોને કેટલીક વખત શિવજી ટોપણને મસ્કત બંદરનો 'કુદડો' ઇજારો આપતા. બીજા શબ્દોમાં કસ્ટમ્સ કલેક્ટરના હોદ્દાનું લિલામ થતું અને તે પ્રાપ્ત કરવા ભીમાણીવાળા અને ટોપણ કુટુંબો વચ્ચે સ્પર્ધા થતી. આ ઉપરાંત તેઓ મસ્કતના સુલતાન સૈયદ સઇદ (૧૭૯૧-૧૮૫૬)ને નાણાં પણ ધીરતા. આવાં કારણોસર ભાટિયાઓ મસ્કતમાં હાકેમની સત્તા ભોગવતા. એમ કહેવાય છે કે સૈયદ સઇદના પ્રતિસ્પર્ધીઓને હઠાવીને ૧૮૦૬માં તેમને ઓમાનના સુલતાન તરીકે સ્થાપવામાં ભીમાણી અને ટોપણ કુટુંબના સભ્યોએ ફાળો આપ્યો હતો. આ બંનેની સલાહ માનીને ૧૮૩૨માં સુલતાને તેમની ગાદી મસ્કતથી ઝાંઝીબાર ફેરવી. સૈયદે મસ્કતની પ્રણાલી મુજબ કસ્ટમ્સ કલેક્ટરના હોદ્દાનું લિલામ ચાલુ રાખ્યું અને ૧૮૩૫માં ફરીથી લિલામ થયું ત્યારે શિવજી ટોપણ તેમના પુત્રો જયરામ અને ઇબજીએ સૌથી વધુ બોલી બોલી પ્રતિસ્પર્ધી ભીમાણીવાળાને માત કરી ૧૮૭૫ સુધી આ ચાવીરૂપ ઓફિસનો ઇજારો એકહથ્થુ ચાલુ રાખ્યો.

જયરામ શિવજી અને તેમના ભાઇ ઇબજી શિવજીની પેઢીની શાખાઓ માંડવી અને મુંબઇ ઉપરાંત મસ્કત અને પૂર્વ આફ્રિકાના બંદરોમાં ફેલાયેલી હતી. તેમની પેઢીની માલિકીનાં ૨૦ વહાણો હતાં. (ઇસ્માઇલ મામદ દેવજી (સંપાદન) આફ્રિકા સાહિત્યમાળા મુંબઇ ૧૯૪૩) એક સમયે માછીમારોના રોગીષ્ટ બંદર તરીકે ગણાતું આ બંદર ૧૯મા સૈકાની શરૂઆતથી ઝડપથી વિકસ્યું. તેને વિકસાવવામાં અન્ય ગુજરાતીઓની જેમ ભાટિયાઓનો ફાળો પણ હતો. જયરામ શિવજીના વહાણો કચ્છથી બાજરો, મગ, ભરતગૂંથણથી સુશોભિત કાપડ જેવો માલ ભરીને મુંબઇ આવતા. મુંબઇથી તાંબા-પિત્તળનાં વાસણો, સાબુ અને ઘાસલેટ જેવી ચીજો વહાણોમાં ઠાલવતા. આ માલ તેઓ મસ્કત અને હોરમુઝ જેવાં બંદરોમાં વેચતા. ત્યાંથી ખજૂર, સૂકો મેવો, ખારેક અને મસ્કતી કાપડ ખરીદી તે લઇ એડન થઇ ઝાંઝીબાર પહોંચતા અને ત્યાંથી પૂર્વ આફ્રિકાના અન્ય બંદરોએ વેપાર કરતા. આમ તેમનું મહત્ત્વ મસ્કત, ઝાંઝીબાર, પૂર્વ આફ્રિકા જેવા દેશોમાં અનોખું હતું.

આવા જ એક મહત્ત્વના મુન્દ્રાના ભાટિયા લધા દામજી અગત્યના વેપારી હતા. લધા દામજી અને જયરામ બાળમિત્રો હતા. જયરામે મૃત્યુ અગાઉ કરેલા તેમના વિલના વહીવટકર્તા તરીકે લધાને નીમ્યા હતા. લધા દામજી ૧૮૨૦ની આસપાસ સૌપ્રથમ મસ્કત ગયા. ત્યાંથી તેઓ જયરામના પિતા શિવજી ટોપણની પેઢીમાં મુનીમ તરીકે જોડાવા ઝાંઝીબાર ગયા. તેમની વફાદારી અને કાર્યદક્ષતા જોતાં, જોતજોતામાં પેઢીના ચીફ એક્ઝિક્યુટિવ થઇ ગયા અને પછી તો તેમણે પોતાના શેઠનું અને વતનનું હિત હૈયે રાખી હજારો કચ્છીભાંડુઓને પોતાની પેઢીમાં કામ આપી સમાવ્યા હતા.

તો મસ્કતમાં ઓમાની રાજવંશ સાથે રહી રાષ્ટ્રના વિકાસમાં અને વેપારમાં કચ્છના ગુજરાતીઓએ મદદ કરી હતી. ૧૮૫૬માં માનનીય સુલતાન સૈયદ સૈદ બિન સુલતાનનું મૃત્યુ થતાં દેશમાં અરાજકતા વ્યાપી ગઇ. નાગરિક અંતરાયો ઊભા થયા અને વેપાર માટેનું વાતાવરણ ન રહ્યું. પરંતુ ૧૮૭૧માં સુલતાન તુર્કીબિન સૈઇદે ધુરા સંભાળતાં રાજ્યમાં શાંતિ સ્થપાઇ અને ધીરે ધીરે વેપારી પ્રવૃત્તિઓ શરૂ થતાં ઓમાનમાં નાણાકીય સ્થિરતા આવી.

વર્ષો સુધી ભારતના વેપારીઓએ અને ખાસ કરીને કચ્છમાંથી આવેલા વેપારીઓએ મસ્કતમાં અને ઓમાનમાં અન્ય સ્થળોએ વસીને ભારત-ઓમાનની મૈત્રી અને વેપારની કડીને મજબૂત કરવામાં મોટો ફાળો આપ્યો છે.

૧૯મી સદીના અંત સુધીમાં ઓમાનને પોતાનું ઘર કરીને રહેનારા લગભગ ૨૦૦૦ વાણિયા કુટુંબો હતા. સુલતાન સૈયદ ફૈઝલ બિન તુર્કીએ આવા વાણિયા વેપારીઓને પાયારૂપ ગણાવી સન્માન આપ્યું. જેમાં મુખ્ય હતા (૧) રતનશી પુરુષોત્તમ, (૨) વીરજી રતનશી, (૩) ગોસાઇ દૌલતગિરી મનરૂપગિરી અને (૪) દામોદર ધરમશી.

અન્ય મહત્ત્વનાં કચ્છી કુટુંબોમાં રતનશી પુરુષોત્તમ પુરેચા અને ગોપાળજી વાલજીનાં નામો અગ્રક્રમે લેવાં જોઇએ. આ વેપારીઓમાં આરબોને વિશ્વાસ હતો. તેમની પ્રામાણિકતા ઉપર વિશ્વાસ રાખી આરબો તેમના ઘરેણાં, સોનું, ચાંદીના સિક્કાઓ અને રોકડ રકમ કચ્છી વેપારીઓ પાસે સંગ્રહી રાખવા આપતા.

પહેલાં વિશ્વયુદ્ધના એક દાયકા પહેલાંથી મસ્કતમાં રહેલા વાણિયા

કુટુંબોએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનો વ્યાપાર વધારવાનું સાહસ કર્યું અને અમેરિકા તથા યુરોપ સુધી આ વેપાર વધારવા આધુનિક ટેક્નોલૉજી, આવડત અને પૅકેજિંગનો ઉપયોગ કર્યો. મુખ્ય વેપાર ખજૂરનો હતો. તે વખતે અમેરિકાની ડબ્લ્યુ. જે ટૉવેલ નામની કંપની સાથે ઓમાનની ગુજરાતી વેપારીઓની પેઢીઓ ધંધો કરતી હતી.

બીજા વિશ્વયુદ્ધ પહેલાંના દિવસોમાં અન્ય વેપારી વાણિયાઓએ વેપારમાં ઝંપલાવ્યું અને નામના કાઢવા માંડ્યા. આ વેપારીઓની ગણના અગ્રહરોળમાં થવા લાગી. જેમણે ઓમાન સાથે સંબંધો વિકસાવી પોતાના વેપાર અને ઓમાનની સમૃદ્ધિને વધારી. આ કુટુંબો હતા :

(૧) ધરમશી નાનશી કુટુંબ, (૨) ખીમજી કુટુંબ, (૩) હમલાઈ કુટુંબ (હરિદાસ લાલજી), (૪) જેસરાણી કુટુંબ (ધનજી મોરારજી શબીકા), (૫) ટોપરાણી કુટુંબ (આરંદજીથી ઉમેરશી અને નારાયણદાસ ટોપરાણી સુધી)

ખીમજી રામદાસ પેઢીએ આયાત નિકાસ ઉપરાંત પોતાનું કામ કૉન્ટ્રેક્ટ લેવામાં વધાર્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ઓમાનના વિકાસમાં અગ્રક્રમના કૉન્ટ્રેક્ટર તરીકે સેવા આપવાનું શરૂ કર્યું.

ત્યાર બાદના શતકો ઓમાનના વિકાસમાં મદદ કરનાર ગુજરાતી કુટુંબોનાં નામે રહ્યાં. એમાં પણ કચ્છી કુટુંબો કે જેમણે ઓમાનના વિકાસની સાથે સામાજિક સેવાનું પણ ધ્યેય રાખ્યું. આ કુટુંબોમાં ખીમજી રામદાસના વંશજો, સ્વ. ગોકળદાસ ખીમજી અને તેમના મોટા પુત્ર કનકશી ખીમજી. 'ખીમજી રામદાસ' ઓમાનમાં લેવાતું એવું સન્માનનીય નામ છે જેઓએ તેમની બહુવિધ ધંધાકીય પ્રવૃત્તિઓને વિકસાવી છે. સમાજ પ્રત્યે પ્રતિબદ્ધતા અને આધ્યાત્મિક જીવનના ઉચ્ચ ધ્યેયને અનુસરે છે. આવાં જ અન્ય નામો છે ધનજી મોરારજી, પુરુષોત્તમ દામોદર, વલ્લભદાસ ઉમરશી, નારાયણદાસ ટોપરાણી વગેરે. આ ઉપરાંત જૂનામાં જૂના નારણજી હીરજી અને હરિદાસ લાલજી કુટુંબોને આજે પણ ઓમાની લોકો યાદ કરે છે.

સાહસિકતાની નવી પેઢીમાં ઊભરતાં નામો છે કિરણ આશર, અજિતભાઈ કરસનદાસ હમલાઈ, શ્રી ગુલાબસિંહ રતનશી, ગુલાબસિંહ જેસરાણી, અશ્વિન ધરમશી અને બિપીન ધરમશી, વિમલ પુરેચા, બકુલભાઈ મહેતા વગેરે આજના અગ્રક્રમના વેપારીઓ છે. વાસ્તવમાં આ વેપારી કુટુંબો ગુજરાતના જૂના બંદરોના વહાણોના માલિકો હતા, પરંતુ ધીમે ધીમે ઓમાનના સુલતાનની મહેરબાનીથી અને સ્થાનિક ઓમાની પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યા પછી તેમણે ઓમાનના મુખ્ય શહેરોમાં તેમનાં થાણાં સ્થાપ્યાં.

શ્રી એસ.લક્ષ્મણ નામના નિષ્ણાતે (ઈન્ડો-ઓમાન ઈન્ફર્મેશન બુલેટિન, વૉલ્યૂમ-૩, અંક-૩, નવેમ્બર-૨૦૦૪માં) નોંધ્યા પ્રમાણે સૈયદ સઈદ બિન સુલતાનના રાજ્યકાળમાં આવા વેપારીઓની સંખ્યા વધી. સુલતાનની વિનંતીથી કચ્છના મહારાજાએ કેટલાક કારીગરોને ઓમાનમાં મોકલ્યા કે જેઓ સોના-ચાંદીના કલાકારો હતા. કેટલાક સુથાર અને લુહાર હતા. જેઓ પાછળથી મસ્કત અને મુટારહમાં સ્થાયી થયા. ઈતિહાસવિદ્ ડો. કેલ્વિન એલનના જણાવ્યા પ્રમાણે મસ્કતના કસ્ટમ હાઉસના વહીવટમાં વાણિયા કુટુંબોને જોડવામાં આવ્યા અને તેઓ આરબની જેમ જ મુખીયા બનીને પ્રતિનિધિત્વ કરવા લાગ્યા. તેઓ રાજમહેલના નિયમિત મહેમાનો બનતા. વળી, આ વાણિયાઓને ધાર્મિક તથા સામાજિક પરંપરાઓને નિભાવવાની સ્વતંત્રતા રહેતી. આથી જ મસ્કતમાં હિન્દુ મંદિર અને સીડબ અસ્તિત્વમાં આવી શક્યા. આ સમયથી જ હાલના મહાજન ઍસોસિયેશનના પગરણ મંડાયાં.

ત્યાર પછી તો વેપારીઓ અને અન્ય કુશળ વ્યક્તિઓનું ચલણ ઓમાનમાં વધતું ગયું છે કે જેમણે ઓમાનની પ્રગતિને પોતાની પ્રગતિ ગણી છે. પરિણામે ભારતીયો તરફનું આરબોનું વલણ મૈત્રીપૂર્ણ રહ્યું છે. સદીઓથી ઓમાનમાં વસતા વાણિયા વેપારીઓ અને અન્ય કુશળ વ્યક્તિઓએ ઓમાનમાં એકબીજા સાથે હળીમળીને ધર્મ તરફ આદર પ્રગટ કરીને તેના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક આદર પ્રગટ કરીને સહકાર આપીને પ્રેમ અને હૂંફ આપ્યા છે અને પામ્યા છે.

*With Best Compliments from*

Lakhoo's

Since 1904

# Laxmidas Tharia Ved & Co.L.L.C

P.O BOX 1418 P.C. 112, Ruwi, Muscat, Sultanate of Oman
Tel.: +968 24790745, 24790845, Fax: +968 790702
E-Mail: lakhoo@omantel.net.om

## Laxmidas Tharia Ved (Exchange) Co. L.L.C

Tel.:+968 24700044, 24700065
Fax:+968 24700213, 24790702

Trendz

## Ved & Co. L.L.C


Tel./Fax:+968 24835600
Tel.:+968 24835400

LM since 1970

## Leela Megh Exchange (L.L.C)

Tel.: +971 42264628
Fax: +971 42265487
Email: lme@lm-exchange.com

# ઓમાન–ભારત મૈત્રીપૂર્ણ કૌટુંબિક સંબંધો



જે વેપારી કુટુંબોએ સુલતાનને વિશ્વાસ આપ્યો, ઓમાનને પોતાનું વતન ગણી તેની પ્રગતિમાં સાથ આપ્યો, પોતાના વેપારવણજની વૃદ્ધિ સાથે ઓમાન–મસ્કતની પ્રગતિને પોતાની ગણી તેવા કેટલાક વેપારી કુટુંબોની વાત અહીં કરવી છે. દૃઢ નિશ્ચય, દુરદેશિતા અને સહકારની ભાવના સાથે આ કુટુંબોએ વિશ્વમાં ઓમાનનું નામ ઊંચું થાય તેવા પ્રયત્નો આદર્યા છે, તો પોતાના જ હમસફર એવા ગુજરાતીઓને સાંસ્કૃતિક, સામાજિક રીતે બાંધી રાખવા પ્રયત્નો કર્યાં છે. ૧૮૦૦ની સાલમાં ઓમાનનું નામ બહુ જ ઓછા ભારતીયોમાં જાણીતું હતું. પરંતુ પછી તો આ નામ માત્ર કચ્છ નહીં, મહારાષ્ટ્ર કે ગુજરાત નહીં પણ ભારતના દક્ષિણ કિનારે કે ભારતના પૂર્વ કિનારા તરફ જાણીતું થઇ ગયું છે. ઓમાન મિત્ર દેશ બની રહ્યું છે અને ઓમાનની પ્રજાએ તેમજ સલ્તનતે ભારતીયોને ખાસ કરીને ગુજરાતીઓને પોતાના ગણી ખુલ્લા હૃદયથી આવકાર્યા છે. આવા કેટલાક કુટુંબોને કે વ્યક્તિઓને અહીં સ્મરીએ.

# સ્વ. શેઠશ્રી ગોકળદાસ ખીમજી રામદાસ



સામાન્ય વેપારીથી સમૃદ્ધ બિઝનેસમેન
સુધીની સફરના સ્વામી
સ્વ. શેઠ શ્રી ગોકળદાસ ખીમજી રામદાસ

આજની ઓમાની વેપારી સંસ્કૃતિમાં 'ખીમજી રામદાસ' ખૂબ જ જાણીતી સન્માનનીય પેઢી છે. જેનાં મૂળ વર્ષોથી ઓમાનમાં છે. આ પેઢી લગભગ ૧૮૭૦ની સાલથી ઓમાનમાં કાર્યરત છે. સદીઓ પહેલાં ઓમાનમાં આવી વસનાર ભાટિયા કુટુંબમાં તે અગ્રણી છે.

ખીમજી કુટુંબની દરેક પેઢીએ વેપાર વિસ્તારમાં અને ઓમાનની પ્રગતિમાં કંઇક ને કંઇક સકારાત્મક ભૂમિકા ભજવી છે. સદીઓ પહેલાં હલેસાં મારી વહાણ હંકારી જનાર રામદાસ ઠાકરશીએ પહેલો પગ ઓમાનમાં મૂકયો ત્યારથી ખીમજી રામદાસની પેઢીનું દરેક કદમ ઉન્નતિના દ્વાર ખોલી રહ્યું છે.

સ્વ. રામદાસે કચ્છ–માંડવીથી ચોખા, ખાંડ, તેજાના, કૉફી અને ચા ભરેલું વહાણ ઓમાન તરફ હંકાર્યું ત્યારે ઘણાં સ્વપ્નો આંખોમાં અંજાયેલાં હતાં. તેઓ એડન, બસરા, દારે–સલામ, ઝાંઝીબાર બંદરે વહાણ નાંગરતાં નાંગરતા સલાલા, સુર અને મસ્કત આવી પહોંચ્યા. ટ્રેડિંગ, લે–વેચ અને ચીજવસ્તુઓની અદલાબદલી કરી અંતે તેઓએ ઓમાનમાં રહેવાનું નક્કી કર્યું. તે વખતે વહાણોમાં દિવસો ને દિવસો વીતી જતા હતા. મહિના કરતાં વધુ સમય વહાણને પહોંચવામાં જતો હતો. તો પોતાની પાસેનો માલસામાન વેચવામાં પણ તેમને મહિના કરતાં વધુ સમય લાગ્યો. તેના બદલામાં તેમણે ખજૂર–ખારેક ખરીદ્યા અને માંડવી પાછા આવ્યા. વહાણ ભરીને જતા, વેપાર કરતા અને ખજૂર ભરેલ વહાણ સાથે પાછા આવતા તેમને સારો એવો ફાયદો થતો. આને કારણે તેમને પ્રોત્સાહન મળ્યું અને વધુ વેપાર કરવા તેઓ પ્રેરાયા.


આમ તેમણે મસ્કતની ઘણી મુલાકાતો કરી. વેપાર વધાર્યો, પણ ત્યાં રોકાયા નહીં. પરંતુ તેમના પુત્ર ખીમજી રામદાસે આ વેપારને ખૂબ આગળ વધાર્યો. તેમના ભાગ્યનાં દ્વાર ખૂલી ગયાં અને પિતાજીના અનુભવની શિખામણ લઇ તેઓએ ઓમાનમાં જ પોતાનું રહેઠાણ બનાવ્યું. આયાત–નિકાસની આ પરંપરાને આગળ વધારવા તેમણે 'ખીમજી રામદાસ' પેઢીની સ્થાપના કરી. તેઓ જ્યારે માંદા પડ્યા ત્યારે ભારત આવ્યા અને તેમના પુત્ર ગોકળદાસ કે જેઓ તે વખતે માત્ર ટીનેજર હતા તેમને વેપાર સોંપ્યો. ખીમજી રામદાસના મોટા પુત્ર હોવાના નાતે ગોકળદાસે

કુટુંબની જવાબદારી પોતાના ખભે ઉપાડી લીધી. ૧૯૦૧માં જન્મેલા ગોકળદાસજીએ પ્રાથમિક શિક્ષણ ત્યાં જ લીધું અને પોતાની આત્મસૂઝથી વેપાર કરવા ઓમાનના ગામડાંઓમાં ભટકવા લાગ્યા. આમ કરતાં તેઓ ઓમાની લોકોની જરૂરિયાતો જાણતા. તેમને શિક્ષણ, આરોગ્ય અને વેપારમાં પણ મદદ કરતા. તેમની છાપ સ્થાનિક વેપારીઓ તેમજ ઓમાનના શેખના મનમાં પ્રામાણિક વાણિયા વેપારીની હતી. પરંતુ નાણાકીય કટોકટીને પાર કરતાં તેઓ હસતાં હસતાં ઓમાની આરબોને પણ મદદ કરતા. આરબોની ભાષા બોલતા ગોકળદાસજી ગધેડા ઉપર પોતાનો માલ વેચવા નીકળતા, તો ક્યારેક કપડાં, તેજાના અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ વેચી ત્યાંથી ખજૂર ને ખારેક ખરીદી ભારત આવી વેચતા. તે ઓમાની ખેડૂતોને નવી ખેતીની ટેક્‌નિક શીખવતા તો ક્યારેક તેમને ધીરાણ પણ કરતા, ક્યારેક આવાં ધીરેલાં નાણાં પાછાં ન આવે તો તે આરબ સાથે પોતાનો વ્યવહાર બગાડતા નહીં. તેમનું ઋજુ હૃદય માનવીના સુખ માટે તલસતું રહેતું. ત્યાંના રહેવાસીઓ તેમને બ્લેક કોફી, ખોરાક ને ખજૂર આપી પ્રેમથી નવાજતા અને તેઓ બદલામાં તેમનું જ્ઞાન તેમને વહેંચતા. બીજા વિશ્વયુદ્ધને પરિણામે ઊભી થયેલી પરિસ્થિતિમાં તેમના વ્યવસાયનો તેમણે વિસ્તાર કર્યો. સુલતાન સાહેબે તેમને આનુષંગિક આર્મી માટેના સરંજામ લાવવા માટે એજન્ટ બનાવ્યા. બ્રિટિશ આર્મી તરફથી તેમને પહેલો કૉન્ટ્રેક્ટ મળ્યો અને માસીરાહમાં તેમણે તેનો બેઝ બનાવ્યો. ગોકળદાસજી પોતે માસીરાહ ટાપુ પર રહ્યા અને ત્યાં જીવનજરૂરી બધી ચીજવસ્તુઓ પહોંચાડી તેમજ લશ્કરી જવાનોની માંગ પૂરી કરી. આમ આ 'ખીમજી રામદાસ' પેઢીનો સુવર્ણ કાળ હતો. બ્રિટિશ લશ્કરને જોઈતી સુખ-સગવડ અને ચીજવસ્તુ પૂરી મળી રહેતાં ગોકળદાસજીને ૧૯૪૧માં 'રાયસાહેબ' અને ૧૯૪૪માં બ્રિટિશ સરકારે 'રાય બહાદુર'નો ખિતાબ બક્ષ્યો. કોઇ ગુજરાતી આવો ખિતાબ પામે તેવા તે પ્રથમ ગુજરાતી હતા. આ દરમિયાન ઓમાનમાં સન્માનનીય સુલ્તાન સઇદ બિન તૈમુરને પણ ગોકળદાસજીની પ્રામાણિકતા, વહીવટીય કુશળતા અને ધંધાકીય સૂઝની ખબર પડી અને 'ખીમજી રામદાસ'ની પેઢીને શાસકીય સહુલિયત આપી. ઓમાન પણ પેઢીની સમૃદ્ધિ સાથે સમૃદ્ધ બનતું ગયું.

**ગોકળદાસજીને ૧૯૪૧માં 'રાયસાહેબ' અને ૧૯૪૪માં બ્રિટિશ સરકારે 'રાય બહાદુર'નો ખિતાબ બક્ષ્યો. કોઇ ગુજરાતી આવો ખિતાબ પામે તેવા તે પ્રથમ ગુજરાતી હતા. આ દરમિયાન ઓમાનમાં સન્માનનીય સુલ્તાન સઇદ બિન તૈમુરને પણ ગોકળદાસજીની પ્રામાણિકતા, વહીવટીય કુશળતા અને ધંધાકીય સૂઝની ખબર પડી અને 'ખીમજી રામદાસ'ની પેઢીને શાસકીય સહુલિયત આપી. ઓમાન પણ પેઢીની સમૃદ્ધિ સાથે સમૃદ્ધ બનતું ગયું.**

૧૯૭૦ની સાલમાં સન્માનનીય સુલતાન કાબુસ બિન સઇદે શાસનધુરા સંભાળી અને ઓમાનમાં વિકાસની કેડી કંડારાઇ. આ સમય ઓમાન માટે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક વિકાસનો તેમજ પ્રગતિનો હતો. સુલતાન કાબુસ સાહેબે નવી વિકાસની નીતિ ઘડી કાઢી અને રોજની જરૂરિયાતો અને માંગોમાં ફેરફાર જણાવા લાગ્યો. ઓમાની લોકોમાં પણ વિકાસ સાથે પરિવર્તન આવવા માંડ્યું, શૈક્ષણિક વિકાસ થયો. આરોગ્ય સવલતો વધી. ગરીબોને અનાજ મળવાનું શરૂ થયું અને 'ખીમજી રામદાસ'ની પેઢીએ પોતાની પ્રવૃત્તિઓ પણ વધારી. સિત્તેર વર્ષની વયે તેઓ પેઢીમાંથી નિવૃત્ત થયા અને જવાબદારી તેમના ભાઇ મથરાદાસ તથા તેમના પુત્રો કનક અને અજિતને સોંપતા ગયા. જેઓ ખીમજી રામદાસ પેઢીના ખૂબ સારા અને કુશળ વહીવટકર્તા થયા અને કંપનીને ઊંચી ઉડાન ભરાવતા ગયા. આજે 'ખીમજી રામદાસ' પેઢીમાં ૩૦૦૦થી વધુ કર્મચારીઓ કામ કરે છે. તેના ચેરમેન-એમડી શેખ શ્રી કનકશી ખીમજી છે અને વાઇસ ચેરમેન અનિલ ખીમજી છે.

# એક સાહસિક ઉદ્યોગપતિ **નારણજી હિરજી**



પ્રામાણિકતાના સિદ્ધાંત ઉપર ઊભી થયેલી પેઢી 'નારણજી હીરજી ઍન્ડ કું. એલ.એલ.સી.' સ્વ. નારણજી હીરજી સાહસિક ઉદ્યોગપતિ હતા. આજે પણ તેમને ઓમાન-મસ્કતમાં યાદ કરાય છે.

ઓમાનમાં અન્ય એક ધંધાર્થી તથા તેમની પેઢીનું નામ જાણીતું છે કે જે પ્રામાણિકતાના સિદ્ધાંત પર ઊભી થયેલી છે, તે છે 'નારણજી હીરજી ઍન્ડ કું. એલ.એલ.સી.' સ્વ. નારણજી હીરજી સાહસિક ઉદ્યોગપતિ હતા. જેઓ કચ્છના માંડવી બંદરેથી ૧૯૦૫માં મસ્કત આવ્યા હતા. તે વખતે ઓમાનમાં દરેક જીવન જરૂરી ચીજવસ્તુની આયાત થતી હતી. સ્વ. નારણજીએ આ જોયું અને આયાતના વ્યવસાયમાં ઝૂકાવ્યું.

સ્વ. નારણજીએ ઓમાનમાં એક દલાલ તરીકે કામ શરૂ કર્યું હતું. તેમના પોતાના સ્રોત બહુ જ ઓછા હતા. પરંતુ તેમની આંતરદૃષ્ટિ અને વ્યવસાયિક સૂઝને કારણે તેમણે પોતાનો ધંધો શરૂ કર્યો. તેમણે અનાજ, ચોખા, ખાંડ અને કૉફીની આયાત શરૂ કરી અને ઓછા નફાએ વેચવાનું શરૂ કર્યું. પરિણામે તેમનો ધંધો ફૂલ્યો-ફાલ્યો. આજે પણ નારણજી હીરજી પેઢીમાંથી ઓમાની લોકો અનાજ ને જીવન જરૂરી ચીજવસ્તુ ખરીદવા આવે છે. તેમણે ઓમાની લોકોનો વિશ્વાસ સંપાદન કર્યો અને ગ્રાહકો વચ્ચે આબરૂ જમાવી. વેપાર કરતા અન્ય ધંધાર્થીઓ સાથે સારા સંબંધો રાખી વેપાર વધાર્યો. તેર વર્ષ સુધી નારણજી હીરજી પેઢીનો પાયો મજબૂત કરી સ્વ. નારણજી ૪૩ વર્ષની વયે અવસાન પામ્યા. પરંતુ તેમના પછીની પેઢીએ આ પરંપરાને જાળવી રાખી છે અને એ જ વિશ્વાસ અને પરંપરા સાથે ઓમાની લોકોનો વિશ્વાસ જીતતા રહે છે...

# શેઠ રતનશી પુરુષોત્તમ-અલ-બનિયાની

## (૧૮૪૩-૧૯૦૯)



મસ્કતમાં સન. ૧૮૦૦ના ઉતરાર્ધમાં સૌથી મોટા આયાત-નિકાસકાર તરીકે આગવી ઓળખ મેળવનાર શેઠ શ્રી રતનશી અલ બનિયાનીના કુટુંબનો ઇતિહાસ સૌ પ્રથમ ૧૮૪૩માં મસ્કતમાં પગ મૂક્યો ત્યારથી ગણાવી શકાય. આ કુટુંબના મોભીઓએ આજે પણ જૂના દસ્તાવેજોને સાચવી ઓમાનના ઇતિહાસને જીવંત રાખ્યો છે. અલબત્ત, ઓમાનના વિકાસની કેડીને કંડારવામાં આ કુટુંબે આપેલા યોગદાનને ભૂલાય તેમ નથી...

'પુરેચા' કુટુંબનો ઇતિહાસ જો જોઇએ તો સૌ પ્રથમ ૧૮૪૩માં શેઠશ્રી રતનશી અલ બનિયાનીએ મસ્કતમાં પગ મૂક્યો ત્યારથી ગણાવી શકાય. રતનશી પુરુષોત્તમ કુટુંબના મોભીઓએ આજે પણ જૂના દસ્તાવેજોને સાચવી ઓમાનના ઇતિહાસને અખંડ રાખ્યો છે. તો ઓમાનના વિકાસની કેડીને કંડારવામાં આ કુટુંબે આપેલા યોગદાનને પણ ઓમાની લોકો યાદ રાખે છે. જૂના દસ્તાવેજોને સાચવી રાખવામાં અલ બનિયાની કુટુંબમાં સ્વ. રતનશીના કાકા નાથા મેકાને બહુ મોટો ફાળો આપ્યો છે. ધંધાકીય અનુભવ લેવા રતનશી કચ્છમાંથી મસ્કતમાં સૌપ્રથમ પોતાના કાકા નાથા મેકાનની દુકાનમાં કામ કરવા આવ્યા હતા. દુકાનને પેઢીનું નામ આપ્યું હતું 'મેસર્સ નાથા મકાન'. તેમણે તેમના કાકાના હાથ નીચે દસ વર્ષ કામ કર્યું અને ૧૮૬૭માં પોતાનો વ્યવસાય શરૂ કર્યો. તેમણે રતનશી પુરુષોત્તમના નામે અનાજ, કાપડ અને ખારેક-ખજૂરની આયાત નિકાસ કરવા માંડી.

રતનશીનો કરાંચીમાં પણ પોતાનો વ્યવસાય ચાલુ હતો. તેમના ભાઇ મુંબઇમાંથી કામ કરતા હતા અને તેમણે અમેરિકામાં ન્યૂ યૉર્ક ખાતે કામ કરતા વિલિયમ હિલ્સ જુનિયાર સાથે આયાત નિકાસનો વ્યવસાય કરવાનો કૉન્ટ્રેક્ટ કરેલો હતો. ધંધો વધારવા અને તેને સરળ બનાવવા તેમણે ભારતમાં મુંબઇની મર્કન્ટાઇલ બૅન્ક અને લંડનની બૅન્ક સાથે આંતરરાષ્ટ્રીય બૅન્કિંગ શરૂ કર્યું હતું. રતનશી મસ્કતના દરવાજાની અંદર આવેલા જૂના મસ્કતના બૈત વિસ્તારમાં રહેતા હતા, જે રાજમહેલથી ખૂબ જ નજીક હતો. સન્. ૧૮૮૦માં રતનશીએ ખાડીના કિનારે જમીન પ્રાપ્ત કરી અને પાણીની સામેની જગ્યા ખરીદી લીધી. વળી કસ્ટમ્સ હાઉસ અને બ્રિટિશ પૉલિટિકલ એજન્સીની પાસેની આ જગ્યા હોવાથી કામ સરળ બન્યું હતું. ૨૦મી સદીની શરૂઆતમાં જ્યારે મુટ્ટારહમાં ખજૂરને પેક કરવાની ફેક્ટરી સ્થપાઇ ત્યારે તેમણે કંપનીની અન્ય એક ઑફિસ કમ રેસિડેન્સ મુટ્ટારહમાં ખાડી પાસે કસ્ટમ્સ જેટ્ટી પાસે બાંધ્યું. જેથી આયાત નિકાસનું કામ સરળતાથી થઇ શકે.

મસ્કતમાં સન્. ૧૮૦૦ના ઉત્તરાર્ધમાં રતનશી સૌથી મોટા આયાત-નિકાસકાર હતા અને અખાતી વિસ્તારમાં અગ્રસ્થાને આવતાં બે હથિયારોના એજન્ટ તરીકે નામના મેળવી હતી. આ ધંધા માટે તે વખતે તેમની પાસે કસ્ટમની બ્રાન્ચ ખોલવાનો પણ પરવાનો હતો.

બનિયાની સમાજના ચાર મુખ્ય સ્થંભોમાંના એક રતનશીને સુલતાન સૈયદ ફૈઝલ બિન તુર્કી તરફથી 'બાદશાહ'નો ખિતાબ બક્ષવામાં આવ્યો હતો. ઇતિહાસકાર ડૉ. કેલ્વિન એલને તેમના પેપર 'મસ્કત એઝ ગ્લોબલ સિટી' (૧૮૮૮-૧૯૧૩)માં લખ્યું છે કે, રતનશી પુરુષોત્તમના મળી આવતા દસ્તાવેજોમાંથી ને પત્રવ્યવહારમાંથી જણાય છે કે રતનશી પુરુષોત્તમે તેમની આર્થિક પ્રવૃત્તિ વધારવા યુરોપિયન અને અમેરિકન ખાવાપીવાની ચીજવસ્તુઓ અને તૈયાર વસ્તુઓ આયાત કરી હતી અને ઓમાની ખજૂરને નવા બજારમાં વેચી હતી. આમ પુરેચા કુટુંબનો ઇતિહાસ સમૃદ્ધ છે.

# મસ્કત-ઓમાનમાં સેવાનો બીજો પર્યાય એટલે ઉદ્યોગપતિ-**કનકશી ખીમજી**



અખાતી દેશોમાં 'શેખ'નું બિરૂદ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય વેપારી કનકશી ખીમજી પોતાના ઉમદા સ્વભાવથી, ઉન્નત સિદ્ધિઓથી, ઉમળકાભર્યાં વ્યવહારથી ઉદાર સખાવતોથી અને ઉચ્ચ વિચારસરણીથી મુઠ્ઠી ઊંચેરા માનવી બન્યા છે, અને આમ છતાં પોતાના માદરે વતન, પોતાની ભૂમિને ભૂલ્યાં નથી...

મસ્કતમાં પહોંચીને તમે ખીમજી રામદાસ કું. વિશે પૂછો તો કોઈ ગુજરાતી એવો જોવા ના મળે કે જે તેના વિશે જાણતો ના હોય. મસ્કત કે ઓમાનમાં જ નહીં પણ ભારત સહિત વિદેશમાં પણ તેની એવી શાખ છે, એવી નામના છે. ખીમજી રામદાસના પાયા તો તેમના પૂર્વજોએ નાંખ્યા પણ તેને સફળતાની બુલંદીઓ પર પહોંચાડનાર વ્યક્તિ છે શેખ શ્રી કનકશી ખીમજી. અમૃત વયે પહોંચનાર અને 'ડાઉન ટુ અર્થ' રહેનાર શ્રી કનકશીભાઈ તેમના સિધ્ધાંતો, કાર્યશૈલી, ઉમદા વ્યવહાર અને સૌજન્યશીલ સ્વભાવને કારણે સન્માનનીય અને મુઠ્ઠી ઊંચેરા બન્યા છે. અખાતી દેશોમાં 'શેખ'નું બિરૂદ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય વેપારી કનકશી ખીમજીને ઓમાનના માનનીય સુલતાન કાબુસ બિન સઈદના હસ્તે ૧૯૯૦માં આ ઈલ્કાબ પ્રાપ્ત થયો. ઈસ્લામિક દેશના એ એકમાત્ર ભારતીય શેખ છે.

આવી વિરલ સિદ્ધિ ધરાવતા હોવા છતાં શ્રી કનકશીભાઈ પોતાના માદરે વતન, પોતાની ભૂમિને ભૂલ્યા નથી. કનકશીભાઇના પુત્ર પંકજભાઇ અને નૈલેશભાઇનાં સંતાનો પણ પ્રજાવત્સલતા તેમજ ગરીબોને સહાય આપવામાં હંમેશાં અગ્રેસર રહે છે. જાણે પેઢી દર પેઢી સખાવતની સરવાણીના સ્રોત નાના બાળકોમાં પણ ઊતર્યા હોય તેવું લાગે.

મરાઠી, કચ્છી, અરેબિક, ગુજરાતી, ઈંગ્લિશ, બલૂચી, હિન્દી અને કંઇ કેટલીય ભાષાઓના જાણકાર કનકશીભાઇએ નાનપણથી જ અદના કર્મચારી તરીકે પિતાની સાથે ધંધામાં ઝૂકાવ્યું હતું. વેરહાઉસ કીપર તરીકે કામની શરૂઆત કરનાર કનકશીભાઇને છેક ૧૯૭૦માં બેસવા માટે ટેબલ-ખુરશી ફાળવવામાં આવ્યાં હતાં.

પણ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૩૬માં મસ્કતમાં જન્મેલા કનકશીભાઇએ પ્રાથમિક શિક્ષણ કબીબાઈ સ્કૂલ, મુંબઈમાં લીધું. ૧૯૪૪થી ૧૯૫૬ના ગાળામાં આઝાદ મેદાનમાં બલ્લેબાજી કરી ક્રિકેટનો રસ સંતોષતા અને દેશની સેવા કરવા કૉલેજ સમયથી જ એનસીસીમાં જોડાયા હતા. દેશસેવા, માતૃભૂમિ સેવા, શિસ્ત અને સમયપાલનના પાઠ કૉલેજકાળથી જ શીખ્યા હતા.

એ દિવસો દરમિયાન, કનકશીભાઇના મનમાં દેશસેવાનું ઝનૂન ચડ્યું હતું. તેમને તો લશ્કરમાં ભરતી થવું હતું, પણ પિતાશ્રીના આગ્રહથી



કનકશીભાઇએ મસ્કતની બહાર 'બરકા' ગામે આવેલી પોતાની વાડીમાં 'ગૌશાળા' બનાવી છે. આ ગૌશાળાની ૧૭૨ ગાયને તેમના પ્રત્યે એટલો પ્રેમ છે કે તેમના પ્રવેશતાં જ ભાંભરવા માંડે છે.

પાછા મસ્કતમાં જ સ્થપાયેલી ખીમજી રામદાસ ગ્રૂપ ઓફ કાં.માં કામ કરવા લાગ્યા.

અઢીસો કરતાં વધુ વર્ષો પહેલાં સ્થપાયેલી ખીમજી રામદાસ પેઢીએ આજે તો ઘણી પ્રગતિ સાધી છે, પરંતુ સદીઓ પહેલાં રામદાસ ઠાકરશી માંડવીથી સાગર ખેડતા મસ્કત પહોંચેલા. એમના પુત્ર ખીમજી રામદાસે વેપારી સાહસિકતાથી પેઢી શરૂ કરી. જેનો વહીવટ પછી તેમણે તેમના પુત્રો ગોકળદાસ ખીમજી અને મથરાદાસ ખીમજીના હાથમાં સોંપ્યો.

ગોકળદાસ ખીમજીના પુત્ર કનકશીભાઇ ખીમજી અને પરિવાર યુ.એ.ઇ.માં મશહૂર છે. આ કુટુંબે ઓમાનના શાસક પરિવાર સાથેની પોતાની નિકટતાનો ઉપયોગ ઓમાનના વિકાસ માટે કર્યો છે. કનકશીભાઇને ક્રિકેટમાં રસ હોવાથી તેમણે મસ્કતમાં ક્રિકેટ બોર્ડની શરૂઆત કરી હતી. તે તેના ફાઉન્ડર મેમ્બર અને ઓમાન ક્રિકેટ ક્લબના પ્રમુખ છે, જ્યારે પેટ્રન ઇન્ચાર્જ તરીકે હાલના સુલતાનના પિતરાઇ સ્થાન શોભાવે છે. વર્ષે એકવાર ઓમાન ક્રિકેટ ક્લબ દ્વારા એક્ઝિબિશન મૅચનું આયોજન કરવામાં આવે છે. તેઓ ઓમાન ક્રિકેટ સંસ્થાના સભ્ય છે. જ્યારે તેમનો પુત્ર પંકજ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલના સભ્ય છે.

શેખશ્રી કનકશી ખીમજી હાલમાં 'ખીમજી રામદાસ' કંપનીના ચેરમૅન છે. ખીમજી રામદાસ કાં. હાલમાં ગ્રોસરી, પૅકેજિંગ મટીરિયલ, ઇલેક્ટ્રિકલ અને ઇલેકટ્રોનિક્સ માલ-સામાન, બિલ્ડિંગ મટીરિયલ, રંગો અને હાર્ડવેર, રોલેક્સ ઘડિયાળો, પીઝાહટ્થી માંડી વિવિધ રેસ્ટોરાં ધરાવે છે અને ગોદરેજ ફર્નિચર સાથે સંયુક્ત સાહસ જેવા અનેક નવા વેપાર શરૂ કર્યા છે. તો કનકશીભાઇના પુત્ર નૈલેશ ખીમજી જણાવે છે કે હાલમાં અમે અમારી ભાગીદારી બ્રિટાનિયા બિસ્કિટસ અને પાર્લે બિસ્કિટ્સ સાથે કરી છે અને તેનું હવે ભારત ઉપરાંત દુબઇ અને મસ્કતમાં પણ ઉત્પાદન થશે. ખીમજી રામદાસ કાં. આઇ.ટી. ક્ષેત્રમાં પણ પ્રવેશી છે. આમ જુદી જુદી જગ્યાએ જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતી આ કંપની પાસે ૪૦૦૦ જેટલા કર્મચારીઓની તાકાત છે અને નૈલેશ ખીમજીના જણાવ્યા અનુસાર આ જ તેમની મુખ્ય તાકાત છે.

શેઠ ગોકળદાસ ખીમજીની વેપારી આવડત અને ભલમનસાઇનો ગુણ કનકશીભાઇમાં પણ ઊતર્યો છે. જેમ જેમ કામ વધતું ગયું, વધુ સમૃદ્ધ થતા ગયા તેમ તેમ લોકોપયોગી પ્રવૃત્તિમાં તેમણે વધુ ને વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. પ્રામાણિકતા, તેજસ્વિતા, સચ્ચાઇ, હૃદયની વિશાળતા અને ધંધાકીય કુશળતાને કારણે તેમણે તેમના કર્મચારીઓ પ્રત્યે અનુકંપાનું વલણ અપનાવ્યું. કર્મચારીઓ માટે અલગ વસાહત, આરોગ્ય સેવાઓ માટે દવાખાનું, ક્લિનિક મારફતે દવાઓ વગેરે ઉપલબ્ધ કરાવ્યાં. કંપનીના સામૂહિક રસોડામાં બનતા શાકાહારી ભોજનમાં લીલાં શાકભાજી, ફળો અને

**કનકશીભાઈનું ધ્યેય માનવીય સેવા, ઓમાની ડાયસ્પોરાની સમૃદ્ધિ, ઓમાનનો વિકાસ અને ગુજરાતીઓને સહાય કરવાનું છે. તેમને વર્ષ ૨૦૦૩માં ભારત સરકાર તરફથી 'પ્રવાસી ભારતીય સન્માન અવૉર્ડ' પ્રાપ્ત થયો હતો. આ કુટુંબે ઓમાનના શાસક પરિવાર સાથેની પોતાની નિકટતાનો ઉપયોગ ભારતીયો-ગુજરાતીઓના હિત માટે કર્યો છે.**

ચોખ્ખા પાણી સાથે શુદ્ધ–સાત્ત્વિક ભોજન ને નાસ્તો કર્મચારીઓ માટે વરદાન બની ગયાં છે.

કનકશીભાઈ સાથે મથરાદાસ ખીમજીના બંને પુત્રો અનિલ ખીમજી અને અજય ખીમજી પણ આ કંપનીમાં સક્રિય છે. બધા જ એ ધ્યાન રાખે છે કે ખીમજી રામદાસ પેઢીનું નામ ખરાબ થયા વગર કઈ રીતે કર્મચારીઓની પ્રગતિ કરી શકાય ? થોડા સમય પહેલાં જ ખીમજી રામદાસ પેઢીના ૨૫ વર્ષ જૂના ૧૭૨ કર્મચારીઓનું કંપની વતી સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓને દરેકને સોનાની લગડી અર્પણ કરવામાં આવી હતી.

**સામાજિક જવાબદારીઓ :** કનકશીભાઈએ ઓમાનના ગુજરાતીઓનાં ને ભારતીયોનાં બાળકોની જરૂરિયાત જોઈ અને તેમના પ્રયત્નોથી અંગ્રેજી માધ્યમની પહેલી ભારતીય શાળા ૧૯૭૦માં સ્થપાઈ. આજે એકલા ઓમાનમાં ૨૦ ભારતીય શાળાઓ છે અને તેમાં ૨૦,૦૦૦થી પણ વધુ બાળકો ભણે છે. તેઓ 'ઈન્ડિયન સોશિયલ ક્લબ'ના પેટ્રન છે. તો મસ્કત ગુજરાતી સમાજના પેટ્રન છે. 'ઈન્ડિયન સોશિયલ ક્લબ' એક માત્ર નોંધાયેલી અને મંજૂર થયેલી ઓમાનની સંસ્થા છે, જેના અંતર્ગત ભારતીયો માટેનાં ઘણાં સત્કાર્યો થઈ રહ્યાં છે. તેઓ ઓમાનના 'ભારતીય મહાજન મંડળ'ના પ્રમુખ પણ છે. અત્યાર સુધીમાં ૩૦ કરતાં પણ વધુ મેગા કાર્યક્રમોનું આયોજન તેમના દ્વારા થઈ ચૂક્યું છે. તેઓ દેશ–વિદેશની કેટલીયે સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક સંસ્થાઓ સાથે જોડાયા છે પણ તેમનું ધ્યેય માનવીય સેવા, ઓમાની ડાયસ્પોરાની સમૃદ્ધિ, ઓમાનનો વિકાસ અને ગુજરાતીઓને સહાય મુખ્ય રહ્યું છે. તેમને વર્ષ ૨૦૦૩માં ભારત સરકાર તરફથી 'પ્રવાસી ભારતીય સન્માન અવૉર્ડ' પ્રાપ્ત થયો હતો.

**માદરે વતન ભણી નજર... :** શ્રી કનકશીભાઈએ ઓમાનમાં તો સામ્રાજ્ય વિસ્તાર્યું છે અને નમ્ર બની લોકોના સેવક બની રહેવાનું સ્વપ્ન જોયું છે. પરંતુ તેમનાં માદરે વતન માંડવીથી તેઓ વિમુખ નથી થયા. તેમના આ લોકોપયોગી કામોમાં તેમના પત્ની શ્રીમતી કલ્પનાબહેનનો એટલો જ ફાળો રહ્યો છે. ૧૯૬૦ની સાલમાં પરણીને આવ્યા બાદ હંમેશાં પતિના પગલે સત્કાર્યોમાં સાથ આપનાર શ્રીમતી મધુબહેન જેસરાણી, અર્થાત્ લાડમાં કલ્પનાભાભી પણ કોઈને ક્યારેય કંઈ જરૂર હોય ત્યારે દોડી જાય છે. આયુર્વેદ અને ઘરગથ્થુ ઉપાયોથી તેમણે કેટલાય લોકોને સાજા કર્યાં છે. હજી પણ બહેનોને રસોઈ, ધર્મકાર્ય, સામાન્ય શારીરિક તકલીફો વગેરેમાં મદદ કરવા કલ્પનાભાભી હંમેશાં તૈયાર રહે છે.

માંડવીમાં ખીમજી રામદાસ કન્યા શાળા ૬૦ વર્ષથી ચાલે છે. ત્યાં ત્રણ શાળાઓનું નિર્માણ તેમણે કરાવ્યું છે. જ્યાં સાડા ત્રણ હજારથી પણ વધુ છોકરા–છોકરીઓ ભણે છે. કન્યાઓ માટે ૧૭૦ બેઠકોવાળી હૉસ્ટેલ બનાવી છે, જ્યાં બહેનો આરામથી રહી ભણી શકે. માંડવીમાં જ હૉસ્પિટલ બંધાવી છે, જ્યાં પહેલાં મફતમાં દવા આપતા હતા, હવે ટોકન રકમ લઈ દવા આપવામાં આવે છે.

આ ઉપરાંત કચ્છમાં થયેલા ભૂકંપ વખતે રૂપિયા અઢી કરોડ મસ્કતમાંથી ભેગા કરી કચ્છમાં મોકલાવ્યા હતા. બિહારમાં આવેલા પૂર પછી ઓમાન–અનુભૂતિ નામનું ગામ ઊભું કરવા બિહાર માટે પણ રૂપિયા અઢી કરોડ મોકલાવ્યા હતા. માંડવી શહેરનો વિકાસ સાધવા નાના મોટા ઘણા પ્રોજેક્ટમાં તેઓ સહાય આપી રહ્યા છે. ત્યાં તળાવ, સ્મશાન વગેરે સાફ કરાવીને લોકો માટે રૂપિયા ૫૫ લાખ જેટલું ફંડ એકઠું કરાવ્યું હતું. તો માંડવીનું તળાવ ઊંડું કરાવી ત્યાં વિદેશી પક્ષીઓ આવે તેવું આયોજન કરવાનું વિચાર્યું છે. લાતુર ભૂકંપ વખતે પણ તેમણે કરોડો રૂપિયાનું ફંડ મોકલ્યું હતું. ભુજ–કચ્છમાં ભૂકંપ બાદ ગુણાતિતપુર ગામનાં ૧૧૨ ઘરો ધરાવતી નવી વસાહત ફંડ મોકલીને બંધાવી હતી.

વૈષ્ણવધર્મી, કનકશીભાઈએ મસ્કતની બહાર 'બરકા' ગામે આવેલી પોતાની વાડીમાં 'ગૌશાળા' બનાવી છે. આ ગૌશાળાની ૧૭૨ ગાયો જાણે સમજણ ધરાવતી હોય તેમ તેમના પ્રવેશતાં જ ભાંભરવા માંડે છે. ત્યાં ધીમા સૂરે સંગીત વાગતું હતું. એકદમ ચોખ્ખી ચણક ગૌશાળામાં ભારતીય સંસ્કૃતિની ઝલક છલકાય છે. ત્રણ પેઢીની ગાયોને અને વાછરડાંઓને અહીં નિભાવવામાં આવે છે. જીવદયાનો શ્રેષ્ઠમંત્ર કનકશીભાઈએ હસ્તગત કર્યો છે. આ જ વાડીમાં ગાયોના છાણ–મૂત્રના કુદરતી ખાતરનો ઉપયોગ શાકભાજી, ફળફળાદિ ઉગાડવામાં કરવામાં આવે છે. ૨૬ વર્ષથી નભતી આ વાડીમાં ગાયોની ગમાણમાં ઉપર પંખા ફરે છે. ઘાસ આ વાડીમાં અલગથી ઉગાડાય છે અને સ્પ્રિન્કલર દ્વારા પાકને પાણી પીવડાવાય છે.

કનકશીભાઈએ હંમેશાં પોતાના ઘરમાં અને બહાર ભારતીય મૂળો સાથે જોડાઈને જ પ્રગતિનો મંત્ર સાધ્યો છે અને છતાં ઓમાનની સમૃદ્ધિ, તેના નિયમો–કાયદાઓ અને તેના વિકાસને હંમેશાં રાજવી પરિવાર સાથે નાતો રાખી નજર સમક્ષ રાખ્યો છે અને એ માટે કાર્યશીલ રહ્યા છે.

# સક્રિય સામાજિક કાર્યકર તથા સફળ વેપારી મહાજનના મોભી એટલે અનિલ ખીમજી



શ્રી અનિલભાઇ એમ. ખીમજીએ ખીમજી રામદાસ ગ્રૂપ ઑફ કું.ના ભાગીદાર ડાયરેક્ટર છે. ખીમજી રામદાસની કું. ઇ.સ. ૧૮૭૦થી મસ્કતમાં કાર્યરત છે. શ્રી અનિલભાઇએ બહુ નાની ઉંમરમાં પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. શ્રી અનિલ ખીમજી આજે સ્ટ્રેટેજિક ફૂડ ઇન્ટરનૅશનલ એલ.એલ.સી., રોટો પૅકેજિંગ દુબઇ અને કમ્પ્યૂટર વર્લ્ડ એલ.એલ.સી. મસ્કતની કંપનીઓમાં પણ ડાયરેક્ટર છે.

સદીઓ પહેલાં રામદાસ ઠાકરશી ખીમજી માંડવી (કચ્છ)થી દરિયો ખેડી ઓમાન પહોંચ્યા. ભાટિયા કુટુંબમાં જન્મેલા ખીમજી રામદાસે તે વખતે સાહસિક બની વહાણમાં ચોખા, ચા, ખાંડ અને તેજાના ભરી મસ્કત બંદરે વહાણ લાંગર્યું. મસ્કત પહોંચતાં તે વખતે એમને એક મહિનો થયેલો. ખબર નહોતી કે તેમનો બધો સામાન વેચાશે કે નહીં, પરંતુ વહાણમાં ભરીને લાવેલો બધો સામાન વેચવા માટે આ અજાણી ભૂમિ પર તેમને મહિના કરતાં પણ વધુ સમય રોકાવું પડે તેમ હતું. આમ, ખીમજી રામદાસ કંપનીનો પાયો આ ટૂંકા સમયના રોકાણ દરમિયાન નંખાયો હતો.

વળી, રામદાસ ઠાકરશીના પુત્ર ખીમજી રામદાસ અને તેમના બંને પુત્રો ગોકળદાસ ખીમજી તથા મથરાદાસ ખીમજીએ આ કૌટુંબિક વ્યવસાયને વધાર્યો. ઓમાનને પોતાનું કાયમી રહેઠાણ બનાવ્યું અને તેમના પુત્રોને પણ આ વ્યવસાયમાં ભેગા લીધા. ગોકળદાસ ખીમજીના પુત્ર કનકશી ખીમજી અને મથરાદાસ ખીમજીના પુત્રો અનિલ ખીમજી તથા અજય ખીમજીએ આ પેઢીની પ્રવૃત્તિઓ વધારી. શ્રી અનિલભાઇ એમ.ખીમજી 'ખીમજી રામદાસ ગ્રૂપ ઑફ કું.'ના ભાગીદાર-ડાયરેક્ટર છે. ખીમજી રામદાસની કું. ઇ.સ. ૧૮૭૦થી મસ્કતમાં કાર્યરત છે. શ્રી અનિલભાઇએ બહુ નાની ઉંમરમાં પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. શ્રી અનિલ ખીમજી આજે સ્ટ્રેટેજિક ફૂડ ઇન્ટરનૅશનલ એલ.એલ.સી., રોટો પૅકેજિંગ દુબઇ અને કમ્પ્યૂટર વર્લ્ડ એલ.એલ.સી. મસ્કતની કંપનીઓમાં પણ ડાયરેક્ટર છે.

ખીમજી રામદાસ પેઢીમાં અદના નાના કાર્યકર તરીકે કામ શરૂ કરી અનિલભાઇ દરેક સ્તરનો અનુભવ મેળવી આજે પેઢીનો કૉર્પોરેટ વિભાગ સંભાળે છે. તેઓ ખીમજી રામદાસ પેઢીની રોજબરોજની પ્રવૃત્તિ પર દેખરેખ રાખતાં રાખતાં 'ખીમજી રામદાસ' લાઇફ સ્ટાઇલ ગ્રૂપના મેગાસ્ટોર અને ઘડિયાળ ડિવિઝન પણ સંભાળે છે. શ્રી અનિલ ખીમજી વ્યાવસાયિક જવાબદારીની સાથે સાથે સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં પણ ઊંડો રસ લે છે. ઓમાનના ભારતીય સમુદાયને જોડતા 'ઇન્ડિયન સોશિયલ ક્લબ' મસ્કત ગુજરાતી સમાજ 'ઓમાન ક્રિકેટ ઍસોસિયેશન' જેવા સંગઠનોને પ્રોત્સાહન પૂરું પાડે છે. તો અનિલ અને અજય મથરાદાસે તેમના પિતાની સ્મૃતિમાં હોશિયાર વિદ્યાર્થીઓને અવૉર્ડ આપવાનું પણ 'વાદી કબીર' નામની ભારતીય શાળામાં ચાલુ કરાવ્યું છે. શ્રી અનિલભાઇ હિન્દુ મહાજન કમિટીમાં પણ સક્રિય છે જે ઓમાનમાં ભારતીયોના રસને લગતી કોઇપણ પ્રવૃત્તિ ગોઠવવામાં, કરવામાં કે સંકુલ ઊભું કરવામાં મદદ કરે છે. આ ઉપરાંત, શ્રી અનિલભાઇ રમત-ગમતમાં, વ્યાયામમાં, ફિલ્મોમાં અને સંગીતમાં પણ ઊંડો રસ ધરાવે છે. તે દરરોજ ફિટનેસ કેન્દ્રમાં જઇ 'તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત'ની ઊક્તિ સાર્થક કરે છે.


# તહેવારો વખતે ગુજરાત બહુ યાદ આવે છે કિરણભાઈ આશર



૧૯૭૫માં મસ્કત આવી કિરણભાઈએ 'અલ અન્સારી ગ્રૂપ' નામની કંપનીની સ્થાપના કરી અને પછી તો તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. આજે તો અલ અન્સારી ગ્રૂપ ઑઈલ રિફાઈનરી માટે ગેઝેટ્સ મશીનરી, પાણી શુદ્ધ કરવાનાં કેમિકલ્સ, સોલર એનર્જી દ્વારા ચાલતાં ઔદ્યોગિક અને ગૃહઉપયોગી સાધનો, વૉટર હીટર, ફુવારા, ટાઈલ્સ, કાર્પેટરી, બિલ્ડિંગ મટીરિયલ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે.

સાહિત્ય, સંગીત અને કલાને સમર્પિત કિરણભાઈ આશર અને તેમના કુટુંબીજનોએ ઓમાનમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા કેટલાય કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ચાર પેઢીથી મસ્કત ઓમાનમાં વસતા આશર કુટુંબના શ્રી કિરણભાઈએ ઈ.સ. ૧૯૭૫માં મસ્કત આવી 'અલ અન્સારી ગ્રૂપ' નામની કંપનીની સ્થાપના કરી. કિરણભાઈના પરદાદા સ્વ. વલ્લભદાસ આશર વ્યાવસાયિક કુટુંબોમાં અને ધંધામાં ન્યાય માટે જાણીતા હતા. એક પક્ષનું બીજા પક્ષ સાથે સમાધાન કરાવવામાં સ્વ. વલ્લભદાસ પોતાની આંતરસૂઝને કામે લગાડી ન્યાય કરતા હતા અને તેમના ઉપર ભારતીયોને સંપૂર્ણ ભરોસો હતો. તેમને સંઘર્ષ ગમતો નહિ. તે પોતે સમતાવાદી, ન્યાયી, ઉદાર, ધાર્મિક અને સહિષ્ણુ હતા. વળી તેમની ન્યાયપ્રિયતા, તટસ્થતા અને કોઈનું ય બુરું ન ઈચ્છવાના ગુણના કારણે વલ્લભદાસ કેટલાય સામાજિક, વ્યાવસાયિક, ધંધાકીય, વ્યક્તિગત કે પેઢી–પેઢી વચ્ચેના પ્રશ્નોના નિરાકરણ લાવ્યા હતા અને બંને પક્ષ વચ્ચે સમાધાન કરાવી પ્રેમની કૂંપી ભરી આપી હતી. સ્વ. વલ્લભદાસની નામના એવી જામી ગઈ હતી કે માન્યવરના દાદા સુલતાન તૈમુર બિન ફૈઝલ અલસઈદ ઝઘડામાં પડેલા બે પક્ષોને વલ્લભદાસ પાસે મોકલતા હતા. વલ્લભદાસ જે ઉકેલ લાવતા તેને સુલતાન સાહેબ સહિત સૌ પક્ષો આદરપૂર્વક સ્વીકારતા. એ સમયથી જ સુલતાન સાહેબે તેમને 'કાઝી'ની પદવી આપી હતી. આમ આશર કુટુંબની બીજી અટક 'કાઝી' પડી ગઈ. વલ્લભભાઈ પછી ભારત પાછા ફર્યા. જ્યારે તેમના પૌત્ર નવીનચંદ્ર મસ્કતમાં આવ્યા અને સામાન્ય કરિયાણાનો વ્યવસાય શરૂ કર્યો.

કિરણભાઈનો જન્મ મુંબઈમાં ઈ.સ. ૧૯૪૬માં થયો હતો. માતા કુસુમલતા અને પિતા નવીનચંદ્રના માટે પુત્રજન્મથી આનંદની લહેરખી દોડી ગઈ હતી. કિરણભાઈને બે બહેનો હતી. કિરણભાઈએ ૧૯ વર્ષ સુધી મુંબઈમાં રહીને અભ્યાસ કર્યો. તેમનું શાળાકીય શિક્ષણ બાઈ કબીબાઈ હાઈસ્કૂલમાં થયું હતું. શાળાના વિદ્યાર્થી તરીકે તેઓ પોતાના વર્ગમાં હંમેશાં અવ્વલ નંબરે જ રહેતા હતા. તો શાળાકીય પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેતા હતા. સંગીતનો શોખ તેમને નાનપણથી જ ગજબનો હતો. સ્કૂલ બેન્ડમાં તેઓ ડ્રમ વગાડતા અને જૈન સમાજના વરઘોડા દરમિયાન સંગીતવૃંદમાં અગ્રક્રમે જ રહેતા. કૉલેજકાળ દરમિયાન ઈતર પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વક્તૃત્વ સ્પર્ધામાં હંમેશાં પ્રથમ નંબરે જ આવતા. ૧૯૬૬માં બી.ટેક્. કરવા











તેઓ લંડન ગયા. ત્યાં અભ્યાસની સાથે સાથે કૉલેજ ખર્ચ અને લંડન રહેવાનો ખર્ચ કાઢવા પોસ્ટ ઑફિસ, રેસ્ટૉરન્ટ, કરિયાણાની દુકાન કે સુપર માર્કેટમાં કામ કરતા. આમ શ્રમનું, સાધનાનું અને કઠોર પરિશ્રમનું મૂલ્ય તેમને કૉલેજકાળ દરમિયાન જ સમજાયું હતું. અભ્યાસ પૂરો કરીને લંડનથી તેઓ ૧૯૭૩માં ભારત પાછા આવ્યા. તેમણે જોયું કે તેમના પિતાશ્રી મસ્કતમાં ધંધો કરવા આવ-જા કરતા હતા. તેઓ તેમના પિતાની ફર્મમાં જોડાયા કે જે ભારતથી નાના પાયે કેટલીક જીવનજરૂરી ચીજવસ્તુની નિકાસ કરતા હતા. લંડનમાં તેમણે વ્યવસ્થાપન અને તકનીકી વિકાસના મેળવેલા જ્ઞાનને તેમની પેઢીના વિકાસના કાર્યમાં લગાડયું અને ધંધાનો વિકાસ થયો. ૧૯૭૫માં મસ્કત આવી તેમણે તેમની 'અલ અન્સારી ગ્રૂપ' નામની કંપનીની સ્થાપના કરી અને પછી તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. આજે તો અલ અન્સારી ગ્રૂપ, ઑઇલ રિફાઇનરી માટે ગેઝેટ્સ મશીનરી, પાણી શુદ્ધ કરવાનાં કેમિકલ્સ, સોલર એનર્જી દ્વારા ચાલતાં ઔદ્યોગિક અને ગૃહઉપયોગી સાધનો, વૉટર હીટર, ફુવારા, ટાઇલ્સ, કાર્પેટરી, બિલ્ડિંગ મટીરિયલ જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. અલ અન્સારી ગ્રૂપની દસ શાખાઓ છે અને સરકારી પ્રોજેક્ટના કૉન્ટ્રેક્ટ પણ આ ગ્રૂપ લે છે. આ ગ્રૂપની કંપનીઓમાં ૪૦૦૦ જેટલા કર્મચારીઓ-કામદારો કામ કરે છે અને હિન્દુ-મુસ્લિમ, ક્રિશ્ચિયન, શીખ બધા માટેના તહેવારોની ઉજવણી કંપની દ્વારા કરવામાં આવે છે. તેમના કર્મચારીઓમાં ઓમાની, ભારતીયો, પાકિસ્તાની, બાંગ્લાદેશી અને શ્રીલંકન કામદારો છે. કંપનીના કર્મચારીઓના બાળકોને બિરદાવવા ફંકશન યોજવામાં આવે છે તો કોઇ કર્મચારીને ઘરમાં તકલીફ હોય તો પણ માનવીય અભિગમ રાખી કિરણભાઇ તેને સહાય આપે છે.

કિરણભાઇ આશર કુટુંબ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવા સદા તત્પર રહે છે. 'ઇન્ડિયન સ્કૂલ બોર્ડ'ના અધ્યક્ષપદે રહી તેઓએ અત્યાર સુધીમાં ૧૬ શાળાઓમાં ૨૦,૦૦૦ બાળકોને સમાવ્યા છે. સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક અને ધંધાકીય પ્રવૃત્તિમાં પોતાની સક્રિય સહભાગિતા નોંધાવી શ્રી કિરણભાઇ ઘરની વ્યક્તિઓ પ્રત્યે પણ એટલા જ સંવેદનશીલ છે. મોટી પુત્રી જેસલ ન્યૂ યૉર્કમાં સી.એ. છે અને મિથિલેશ સાથે સુખી છે. તો બીજી પુત્રી પૂજા આર્કિટેક્ટ છે અને લંડનમાં સ્થાયી થયેલી છે. સૌથી નાની દેવાંશીએ સાઇકોલૉજીમાં માસ્ટર કર્યું છે અને લંડનમાં એડવર્ટાઇઝિંગ કંપની સાથે કામ કરી રહી છે. સંગીતના જબરજસ્ત શોખીન કિરણભાઇને તેમનાં પત્ની જયશ્રીબેન અલગ અલગ વાનગી બનાવી ખવડાવે ત્યારે તો મહેફિલ કંઇક અલગ જ રંગત જામે છે. જયશ્રીબેન પણ મહિલા પાંખના અધ્યક્ષ બની જુદી જુદી સામાજિક પ્રવૃત્તિઓ સાથે મસ્કતમાં મશગૂલ છે અને આમ શિક્ષણ, આરોગ્ય અને ધર્મમાં કાર્યરત રહી સમાજને કંઇક પાછું આપવાનું ધ્યેય હૈયે રાખી કાર્ય કરે છે.

# ગરીબોના 'આશરા' બની આવ્યા નવીન આશર



નવીનભાઈનો પરિવાર ઓમાનમાં દેવદૂત તરીકે ઓળખાય છે, જે કોઈ પણ પ્રકારની મદદ કરવા હંમેશાં તત્પર હોય છે. લોકોના મસીહા બની આવેલા નવીનભાઈ આશર વિશે જાણીએ...


ઓમાનમાં જો દરિયાકિનારે રહી રાજાશાહી સવલતો ભોગવી સંગીતના ખોળે માથું મૂકી મહેફિલની રંગત માણવી હોય તો મસ્કતથી ૯૦ કિ.મી. દૂર સુવૈકમાં રહેતા નવીનભાઈ આશરને ઘેર જવું જ પડે.

એક અનોખો ને અનન્ય અનુભવ ! દરિયાકિનારે આવેલા હવામહેલ જેવડા મોટા મકાનમાં ઓમાનની પ્રજામાં લેવાતું સન્માનીય નામ નવીનચંદ્ર એબજી આશર.

૧૨૫ વર્ષ પહેલાં 'એબજી સુંદરદાસ ઍન્ડ પાર્ટનર્સ કાું.' નામની ફર્મ ઓમાનમાં સ્થપાઈ ને સુવૈકના લોકોને જીવનજરૂરી ચીજવસ્તુઓ સાથે દાક્તરી સવલત મળવાની ચાલુ થઈ.

કદાચ નવીનભાઈ આશરના દાદા, પરદાદા કે તેમના પણ પરદાદાએ સુવેકમાં આવી વ્યવસાય ચાલુ કરેલો. ત્યાં વસતી પ્રજા, વેપારીઓ, ગ્રાહકો કે નાના દુકાનદારો બધાને સમભાવ ને સમતાથી જોઈ તેમની આવડત–અણઆવડતને નજરઅંદાજ કરી તેમને ઘરમાં અને વેપારમાં મદદ કરી. કોઈપણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, રાષ્ટ્રીયતા કે આર્થિક પરિસ્થિતિને પણ ધ્યાનમાં લીધા વગર તેમણે લોકોને મફત દવા આપી મદદ કરી અને આને કારણે ત્યાંની પ્રજા નવીનભાઈને દાદા તેમજ ભગવાન માનવા લાગી.

દરિયાઈ રસ્તે ઈરાનથી આવતા આગંતુકો હોય કે પછી ગધેડા કે ઊંટ પર પોતાનો માલ લેવા અને દેવા આવતા નાના વેપારીઓ કે પ્રજાજનો હોય, તે દરેકને ખવડાવવું, રહેવા માટે જગ્યા આપવી અને તેમના સુખમાં ને દુઃખમાં ભાગીદાર બનવું તે આશર કુટુંબનો જીવનમંત્ર હતો. આથી જ નવીનભાઈનું ઘર બધાં માટે રહેવાનું સ્થળ બની ગયું. ઈરાકમાંથી આવતા વેપારીઓ, સૌરાષ્ટ્રમાંના દરિયાકિનારેથી આવતા નાના વેપારીઓ કે પછી આરબ અમીરાતમાંથી આવતા દરેકને આશ્રય પૂરો પાડવો તે તેમનું સ્વપ્ન હતું. તેમને ત્યાં ખરીદી કરવા આવતા ઘણા વેપારીઓ, ગ્રાહકો કે અન્ય મિત્રોને નાની મોટી શારીરિક તકલીફ થાય તો સૌ નવીનભાઈ પાસે દોડી આવતા. નવીનભાઈ પણ વ્યવસાય સાથે તેઓને મફત આયુર્વેદિક દવાઓ આપતા. જેથી લોકોને ધીરે ધીરે સારું થવા લાગ્યું હતું. વર્ષો કે દાયકાઓ પહેલાં ઓમાનમાં ક્યાંય હૉસ્પિટલ નહોતી કે એલોપથી દવા મળતી નહોતી. ત્યારે



આયુર્વેદિક દવાઓ દ્વારા લોકોને મદદ કરવી એ તેમને હૈયે વસેલું ધ્યેય હતું. આમ, મફત દવાને કારણે ગરીબોને રોગ મટવા લાગ્યો અને તેઓને નવીનભાઇમાં વૈદ્ય તરીકે શ્રદ્ધા બેસવા માંડી. તેમણે પોતાના ઘરના પ્રાંગણમાં એક નાની હૉસ્પિટલ જ ઊભી કરી દીધી, જ્યાં તે પેશન્ટને તપાસે અને દવા આપે, અને આમ નવીનભાઇનું ઘર 'આશ્રયસ્થાન' તેમજ હૉસ્પિટલ બની ગયું. તેમની દવા કારગત નીવડવા માંડી. નવીનભાઇ આશરના દાદા સુંદરદાસે મસ્કતમાં ૧૫૦ કિ.મી. દૂર આવેલા સુવૈકમાં નાની દુકાન શરૂ કરી હતી અને ધંધાનાં બીજ રોપ્યાં હતાં. આજે પેઢી દર પેઢી આ વ્યવસાય પાંગરીને ૨૦,૦૦૦ જેટલી નાની મોટી વસ્તુઓ સાથેના રિટેઇલ આઉટલેટ બની ગયા છે. રિટેઇલ અને હોલસેલ વેપારમાં અત્યારે તો નવીનભાઇની સાથે તેમના બંને પુત્રો મહેશભાઇ ને ધર્મેશભાઇ પણ છે. ચોખા, કૉફી, બિન્સ, કરિયાણું, કાપડ, મરીમસાલા, ખજૂર, તજ, લવિંગ વગેરે બધું જ આ રિટેઇલ શૉપમાં મળે છે. મોટા બજારોમાંના આઉટલેટ જેવા આઉટલેટ ધરાવતા તેમના સ્ટોરોમાં લેવા આવવા માટે તેમના મોટા સ્ટોરોની આસપાસના ૫૦ કિ.મી.ની ત્રિજ્યાના ગ્રાહકો આવે. વેપારી ધોરણે ઓછી કિંમતે ચીજવસ્તુઓ વિવિધ દેશોમાંથી લાવીને સુવૈકમાં વેચે છે. આરબો સાથે હળીમળીને રહેવાનો વ્યવહાર રાખ્યો છે.


તો આટલા વર્ષ સુવૈકમાં રહેવાને કારણે સુવૈકના સામાજિક, શૈક્ષણિક, આર્થિક કાર્યક્રમોમાં હંમેશાં આશર કુટુંબ પ્રથમ હરોળમાં જ હોય. ક્યાંક કોઇ દાન આપવાનું હોય કે પછી શાળાના બાળકોને સન્માનવાના હોય, પરંતુ નવીનભાઇ, મહેશભાઇ હંમેશાં આગળ પડતા જ રહે. સુવૈકમાં થતા બ્લડ ડોનેશન કૅમ્પ અને હેલ્થચેકઅપ કૅમ્પમાં પોતાના તરફથી ફાળો નોંધાવી હાજર રહે અને અન્ય પ્રજાની સુખાકારી અંગે હંમેશાં ચિંતા કરે. નવીનભાઇ અને મહેશભાઇ સુવૈકમાં આવેલી ભારતીય કે બિનભારતીય જ્પ શાળાઓમાંના બાળકોને માટે કોઇ પણ ભણતરને અનુલક્ષીને ભેટ આપે, ખાવાનું આપે, પુસ્તકો આપે, ઘણાં બાળકોને આગળ કૉલેજમાં ભણવું હોય ને નાણાંની તંગી હોય તો તેને નાણાકીય સહાય કરે. દાક્તરી સહાય તો સ્થાનિક પ્રજાને ભરપૂર કરે.

મહેશભાઇની સાથે સુવૈક જતાં સંગીતની જે મહેફિલ માણી તે તો હંમેશાં યાદ રહે તેવી છે. તેઓ પોતાના હવા મહેલમાં દર મહિને જુદા જુદા કલાકારોને બોલાવી સંગીતની મહેફિલ સજાવે છે. ક્યારેક ભજનો, ગુજરાતી ગીતો, ગરબા, લોકગીતો કે પછી ધાર્મિક કથા. પણ હંમેશાં અતિથિની આગતા-સ્વાગતામાં વ્યસ્ત નવીનભાઇ, મહેશભાઇ, ધર્મેશભાઇ, મીનાક્ષીભાભી, નિર્મળાબેન નવીનભાઇ આશર અને ધર્મેશભાઇનાં પત્ની હંમેશાં ખડેપગે તૈયાર રહે છે.

શ્રી નવીનભાઇ મુંબઇમાં જે બોર્ડિંગ સ્કૂલમાં રહી ભણ્યા હતા તે સંસ્થાને એટલે કે ભાટિયા ટ્રસ્ટને તેમણે પાછળથી ઘણું મોટું અનુદાન મોકલી વિદ્યાર્થીઓને ભણવાની તક મળે તેવું આયોજન કર્યું હતું. નવીનભાઇ સ્વાતંત્ર્ય ચળવળ અને હિંદ છોડો ચળવળ દરમિયાન પરોક્ષ રીતે સ્વાતંત્ર્ય આંદોલનના કર્મયોગી બન્યા હતા અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક જીવનની તેમના જીવન ઉપર છાપ હતી. આથી તેમણે તેમના પુત્રોને પણ સાદગી, નમ્રતા અને સ્વાવલંબનના પાઠ ભણાવ્યા હતા તેમજ કોઇપણ મુશ્કેલ સમયમાં સ્થિર રહીને બહાર આવવાની સમજણ આપી હતી. મહેશભાઇમાં આ ગુણો ભરપૂર ભર્યા છે. નવીનભાઇના ઘેર સૌ માટે રસોડું ચાલે છે. જેમાં શુદ્ધ ગુજરાતી ભાણું સૌને જમવા માટે મળે છે. ખાસ તો નવીનભાઇ-મહેશભાઇના ત્રણ ડિપાર્ટમેન્ટલ સ્ટોરના કર્મચારીઓ સ્થાનિક આરબો છે અને તેમની સાથે સરળતાથી અને સહેલાઇથી તેઓ વ્યવહાર ચલાવે છે.

નવીનભાઇના કુટુંબે ઓમાનમાં નામ અને કીર્તિ મેળવ્યાં છે. તેમની આતિથ્યભાવના અને મફત દવા સહાય માટે તેમની તોલે કોઇ આવે તેમ નથી.

# સેવા ધર્મ જેમની નસનસમાં વહે છે એવા ચંદ્રકાન્ત વલ્લભદાસ ચોથાણી



**જીવનના વિકટ સમયમાં માતા-પિતા પાસેથી મેળવેલી શીખ સાથે આગળ વધેલા ચંદ્રકાંત ચોથાણી માંડવી અને મસ્કતમાં 'સેવા ધર્મ'નું બીજ રોપી તેને સીંચી રહ્યા છે. જાણીએ આવા અસાધારણ, પરંતુ અત્યંત સાધારણ એવા સેવાભાવી ચંદ્રકાંતભાઈ ચોથાણીને...**

ઉપનિષદો, વેદો અને ગીતાએ જેને હંમેશાં બિરદાવ્યો છે તે છે સેવાધર્મ. જરૂરિયાતમંદને અને નબળાને સહાય, ખોટાને દેશવટો એ જેમના 'રક્તના કણેકણમાં' વણાયેલું છે તેવી સ્થિતપ્રજ્ઞ, કર્મઠ વ્યક્તિનું નામ લેવું હોય તો એક જ લઈ શકાય : શ્રી ચંદ્રકાન્ત વલ્લભદાસ ચોથાણીનું.

જીવન ગંગાના નીર જેવું પવિત્ર અને સ્ફટિક જેવું પારદર્શક બનાવ્યું હોય તેવા નિર્મળ, નિર્મોહી, નિઃસ્વાર્થ તેમજ નીડર ચંદ્રકાન્તભાઈનું જીવન ઈશ્વર સમર્પિત છે તેવું તેઓ માને છે.

પિતા વલ્લભદાસ વેલજી અને માતા સાવિત્રીના સંતાન ચંદ્રકાન્તભાઇનો જન્મ ૨૪મી ડિસેમ્બર, ૧૯૫૫ના રોજ લોહાણા કુટુંબમાં માંડવીમાં થયો. દાદા વેલજીભાઇ તે વખતે લાકડાં અને અનાજના વ્યવસાયમાં ખૂબ સારું કમાતા. ચંદ્રકાન્તભાઇના પિતા વલ્લભદાસ પિતાની સાથે જોડાયા. પરંતુ કેટલાક ધંધાકીય જોખમો સામે પાછા પડ્યા. પરિણામે ધંધામાં ખોટ ગઇ. આ ખોટને ભરપાઇ કરવા માતા સાવિત્રીબેને પોતાના બધાં જ ઘરેણાં વેચી નાખ્યા. ખોટ તો ભરપાઇ કરી નાખી, પરંતુ મોટા ચંદ્રકાન્તભાઇ, નાના ચાર પુત્રો અને એક પુત્રીના જીવનને ટકાવી રાખવું મુશ્કેલ બન્યું. મોટા ચંદ્રકાન્તને મા–બાપે શીખ આપેલી કે 'ક્યારેય ખોટું બોલવું નહિ, ખોટું કરવું નહિ, અણછાજતું કોઇનું લેવું નહિ, ને ક્યારેય કોઇને દુઃખી કરવા નહિ.' આ સોનેરી સૂત્રો ચંદ્રકાન્તના મગજમાં કોતરાઈ ગયા અને જીવનભર મદદ, સહાય અને સેવાનું પ્રણ લીધું.

માંડવીમાં શાળાની ફી ન ભરી શકનાર ચંદ્રકાન્તભાઇએ અલ્પકાલિન નોકરી ચાલુ કરી અને તેમાંથી જે મળ્યું તેમાંથી શાળાની અડધી ફી ભરી શક્યા. બાકીની ફી શાળાના સંચાલકોએ હોશિયાર વિદ્યાર્થી ગણીને માફ કરી દીધી. આમ કરતાં શાળાનું શિક્ષણ પૂરું કર્યું. દરમિયાન નાણાકીય તંગીને નિવારવા ચંદ્રકાન્તભાઇએ માંડવીમાં ડૉ. મધુકર રાણાને ત્યાં સહાયક તરીકે કામ શરૂ કર્યું હતું. ધીરે ધીરે ચંદ્રકાન્ત નામના એ બાળકે ડૉ. રાણા સાથે રહી ઑપરેશન દરમિયાન જરૂરી ટેક્નિક, પાછળથી અપાતી દવાઓ, ફર્સ્ટ એઇડ બધું જ શીખી લીધું અને જરૂરિયાતવાળા લોકોને આપવાનું શરૂ કર્યું. ચંદ્રકાન્તના કઠોર પરિશ્રમ, કામ શીખવાની ધગશ અને ભક્તિભાવને

ડૉ. રાણાએ પારખી લીધી અને તેને ડૉક્ટરી લાઇનમાં જરૂરી તમામ તાલીમ આપી દીધી કે જે તાલીમ મેડિકલ પ્રેક્ટિશનરોને મળેલી હોય છે. આ તાલીમ ભવિષ્ય માટે ચંદ્રકાન્તભાઇને ખૂબ કામ આવી.

માંડવીમાં કનકશીભાઇના પિતાશ્રી ગોકળદાસ ખીમજી તે સમયગાળામાં ખૂબ આવતા. કારણ કે, એક તો ગોકળદાસભાઇનું તે વતન હતું અને માંડવીના વિકાસમાં પણ તે ધ્યાન આપતા. તે સમયે ડૉ. મધુકર રાણાની સિફારિશથી ચંદ્રકાન્તભાઇને ગોકળદાસ ખીમજીએ પોતાની કંપનીમાં મસ્કતમાં કામ આપ્યું અને ૧૯૭૬માં યુવાન ચંદ્રકાન્તભાઇ મસ્કતમાં આવ્યા. જીવનનિર્વાહ ચલાવવા માટે તેમણે 'ખીમજી રામદાસ'ની પેઢીમાં મેડિકલ એડમિનિસ્ટ્રેટરની જગ્યા પર કામ શરૂ કર્યું. અહીં કામ કરવા દરમિયાન ભારત આવી તેમણે આરએમપીની પરીક્ષા પાસ કરી અને લંડનની એમઆરએસએચની પરીક્ષા પાસ કરી દીધી. તેઓ પોતાની જગ્યાને અનુરૂપ વધુ સારી રીતે અને સમજપૂર્વક કામ કરવા માગતા હતા. આમ તેઓ પોતાનું જીવન ચલાવવા રોજ કામે જવા લાગ્યા.

પરંતુ ચંદ્રકાન્તભાઇનો માંહ્યલો સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવૃત્તિમાં રચ્યો-પચ્યો રહેવા માગતો હતો. આથી તેમણે શેખશ્રી કનકશીભાઇ ખીમજીના માર્ગદર્શન હેઠળ 'મસ્કત ગુજરાતી સમાજ'ની ૧૯૭૬માં સ્થાપના કરી. સ્થાપનાથી માંડીને આજદિન સુધી શ્રી ચંદ્રકાન્તભાઇ ચોથાણી 'મસ્કત ગુજરાતી સમાજ'ના સ્થાપક સભ્ય, માનદ્ સંયોજક અને મંત્રી તરીકે કામ કરી રહ્યા છે. વિશ્વમાં કામ કરતા અન્ય ગુજરાતી સમાજોમાં 'મસ્કત ગુજરાતી સમાજ' એક અનોખી અને જીવંતતાની છાપ પાડે છે. મસ્કત ગુજરાતી સમાજની પ્રવૃત્તિઓ વર્ષભર ચાલતી રહે છે. થાક્યા વગર કામ કરતા ચંદ્રકાન્તભાઇને સાહિત્યિક, સામાજિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં 'મસ્કત ગુજરાતી સમાજ'ના સભ્યોનો સહકાર મળી રહે છે. તે પડદા પાછળ રહીને દરેક કાર્યક્રમને સફળતા બક્ષે છે. તેમની પ્રવૃત્તિ માત્ર 'મસ્કત ગુજરાતી સમાજ' પૂરતી જ મર્યાદિત નથી, પરંતુ ઓમાનના બીજા સંગઠનોને પણ તેઓ મદદ કરે છે. માત્ર ઓમાનમાં જ નહિ, પરંતુ ભારતમાં પણ તેઓ અનેક સંગઠનોને મદદ કરતા રહ્યા છે. માંડવીમાં આવેલા પુરુષોત્તમ કાનજી પવાણી કન્યા છાત્રાલયના તેઓ મૅનેજિંગ ટ્રસ્ટી છે કે જેઓ ગરીબ કન્યાઓને બોર્ડિંગ, લૉજિંગ અને શૈક્ષણિક સગવડો પૂરી પાડે છે. તેઓ 'અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટી'ના ટ્રસ્ટી છે. તો માંડવીમાં આવેલી 'જનકલ્યાણ મેડિકલ સોસાયટી'ના તેઓ માનદ્ ટ્રસ્ટી છે. આ સોસાયટી ટૂંક સમયમાં ગુજરાતમાં મોટામાં મોટી કેન્સર હોસ્પિટલ શરૂ કરનાર છે. તેઓ મસ્કતના 'એકલ વિદ્યાલય ફાઉન્ડેશન'ના સહસંયોજક છે. આ ઉપરાંત ઘણી બધી સામાજિક પ્રવૃત્તિઓ સાથે તેઓ જોડાયેલા છે. આ

**ચંદ્રકાન્તભાઇને સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક પ્રવૃત્તિઓમાં પહેલેથી જ ખૂબ રસ હતો. આથી તેમણે શેખ શ્રી કનકશીભાઇ ખીમજીના માર્ગદર્શન હેઠળ ૧૯૭૬માં 'મસ્કત ગુજરાતી સમાજ'ની સ્થાપના કરી.**

ઉપરાંત 'જલારામ ભક્ત મંડળ', 'રઘુવંશી પરિવાર'ની પ્રવૃત્તિઓમાં સક્રિય છે. તો પાંજરાપોળ માટે સહાય એકત્રિત કરવા કે માંડવી-કચ્છમાં માળખાગત સુવિધાઓ ઊભી કરવા હંમેશાં કાર્યરત છે.

ખાસ મહત્ત્વની વાત તો એ છે કે તેમના આ સત્કાર્યોમાં તેમનાં પત્ની ચેતનાબેન, તેમનાં બાળકો કપિલ અને નિશિતા હંમેશાં સાથ આપે છે. કપિલ પણ પિતાના પગલે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલો છે. તો પત્ની ચેતનાબેન ૨૪ કલાક પતિ ચંદ્રકાન્તભાઇની સાથે છાયાની જેમ રહે છે અને કામ કરે છે. ખરેખર 'સફળ પુરુષની પાછળ સ્ત્રીનો હાથ' રહેલો છે. તે બિલકુલ સાચી વાત છે. તો ચંદ્રકાન્તભાઇ ચોથાણીની સેવાકીય પ્રવૃત્તિ ચેતનાબેનને આભારી છે. જેમણે 'અતિથિ દેવો ભવઃ'ની ભાવનાને સંભાળીને પોતાના વડીલ મણિલાલ કુંવરજીનું નામ રોશન કરેલ છે.

ચંદ્રકાન્તભાઇને તેમની સેવાકીય, સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિને અનુલક્ષીને ઘણા માન-સન્માન, અવૉર્ડ મળેલા છે. તેઓને પ્રમુખસ્વામી મહારાજના અનહદ આર્શીવાદ છે તથા તેમનો પુત્ર કપિલ ચંદ્રકાન્ત ચોથાણી હાલ બી.એ.પી.એસ. કેનેડા, મંદિરમાં સક્રિય સેવા આપે છે.

**ઈન્તિસાર કૉર્પોરેશનના સ્થાપક ઓમાનમાં 'ઈન્તિસાર' શબ્દનો અર્થ સાર્થક કરે છે...**

# અનિલભાઈ વાઘેર



સામાજિક જવાબદારી પૂરી કરવા ઘણા સામાજિક સંગઠનો સાથે જોડાયેલા તેમજ 'મસ્કત ગુજરાતી સમાજ'ના લોર્ડ મેમ્બર્સ 'જૈન એસોસિયેશન ઑફ મસ્કત' ના સભ્ય શ્રી અનિલભાઈ વાઘેર 'એકલ વિદ્યાલય'નું કામ કરવા અને બાળકોને શિક્ષણ મળે તે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આવો શબ્દોથી ઓળખીએ આવા મળવા જેવા માણસ શ્રી **અનિલભાઈ વાઘેરને...**

'ભારત એ તો જગતની આધ્યાત્મિક રાજધાની છે. આવા ભારતમાં જન્મ મેળવવો દુર્લભ છે' એમ કહેનાર જામનગરના જૈન કુટુંબના શ્રી અનિલ વાઘેર ભલે જન્મ્યા નથી ભારતમાં, પરંતુ ભારત, ગુજરાત, સૌરાષ્ટ્ર પ્રત્યેનો તેમનો પ્રેમ અતૂટ છે. ઓમાનના મસ્કતમાં રહેતા ઇન્તિસાર કૉર્પોરેશનના સ્થાપક ઉદ્યોગપતિ શ્રી અનિલ વાઘેર ૧૯૪૫માં સુદાનમાં જન્મ્યા. પ્રાથમિક શિક્ષણ 'ઓમ દુર્માન' ખાર્ટોમની રાજધાનીમાં લીધું. આ પહેલાં ૧૯૩૮માં અનિલભાઇના પિતા જયંતીલાલ વાઘેર સુદાન પહોંચ્યા. તે વખતે સુદાન બ્રિટિશ હકૂમત હેઠળ હતું. તે વખતે સુદાનમાં રહેતા ગુજરાતીઓ સુતરાઉ કાપડ, અનાજ, સ્ટેશનરી અને કટલરીની ચીજવસ્તુઓનો વેપાર કરતા. જયંતીભાઇને સાત બાળકો હતા. જેમાં અનિલભાઇ સૌથી મોટા.

પરંતુ પોતાની જવાબદારી સમજી અનિલભાઇ મોટા હોવાથી નાનપણથી જ શાળામાંથી છૂટી તેમના પિતા જયંતીભાઇને મદદ કરવા દુકાન પર જતા. વેપારની આંટીઘૂંટી સમજતા અને પિતાને નાની મોટી પ્રવૃત્તિમાં મદદ કરતા. શાળાનું શિક્ષણ પૂરું કરી તેઓ પિતાજીની સાથે બહુ નાની ઉંમરમાં વેપારમાં જોડાયા. ગ્રાહકો સાથે વાતચીત, દુકાનનો વહીવટ, ખરીદ વેચાણ વગેરે નાનપણથી તેમને આવડી ગયું. સુદાનમાં તે વખતે ગુજરાતીઓનું નાનકડું જૂથ બની ગયું હતું. જેઓ તહેવારો, ઉત્સવો, નવા વર્ષની ઉજવણી ત્યાં જ કરતા હતા. આ ઉજવણીમાં અનિલભાઇ હંમેશાં નૃત્ય નાટક, સંગીત અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા.

૧૯૫૬માં સુદાન બ્રિટિશ હકૂમતની બેડીઓમાંથી મુક્ત થયું. આ વખતે સુદાનીઓના હાથમાં રાજ્યની ધુરા આવી, અને ગુજરાતીઓને ત્યાંથી ૧૯૭૦માં ભગાડ્યા. પરિણામે અનિલભાઇ ભારત પાછા આવ્યા અને બેંગ્લોરમાં સૂટકેસનો વ્યવસાય શરૂ કર્યો. પરંતુ ૧૯૭૩માં મસ્કતના તેમના મિત્રોએ તેમને મસ્કત આવવાનું કહ્યું અને તેમને અરેબિક ભાષા આવડતી હોવાથી મસ્કત જવાનું પસંદ કર્યું. તેમના માટે મસ્કત જવું ને સ્થાયી થવું વધુ સરળ હતું. શરૂઆતમાં તેમણે ભારતીય એમ્બેસીમાં ૨૦ રિયાલના પગારે પાર્ટટાઇમ નોકરી કરી. પરંતુ પછી થોડા સમય પછી એક હજાર રિયાલ તેમની પાસે જમા થતાં તેમણે પોતાનો વ્યવસાય શરૂ કર્યો.



કિશોરભાઈ વાઘેર

૧૯૭૩થી આજ સુધી ન રાત જોઈ, ન દિવસ. અનિલભાઈએ ખૂબ મહેનત કરીને ઇન્તિસાર કૉર્પોરેશનનો વિકાસ કર્યો. અરેબિક શબ્દ 'ઇન્તિસાર'નો અર્થ 'વિજય' થાય છે અને આ શબ્દને અનિલભાઈએ સાર્થક કરી બતાવ્યો. વિકાસ અને સમૃદ્ધિ તરફ જતી મસ્કતની આર્થિક પરિસ્થિતિને કારણે અનિલભાઈ વાઘેરને ધંધામાં બરકત આવી અને ઓમાન સરકારના હળવા નિયમોને લીધે તેમનો ધંધો વિકસ્યો. તેઓ બિલ્ડિંગ મટીરિયલ, હાર્ડવેર, કન્સ્ટ્રક્શન, કમ્પ્યૂટર વગેરે વ્યવસાયમાં આગળ વધ્યા. તો તેમની કંપની જૂના મકાનોના મેન્ટેનન્સ અને રિનોવેશનનાં કામો પણ હાથ ધરે છે. વળી, બહુમાળી ઇમારતો બનાવવાના, ફાયર ફાઈટિંગ સિસ્ટમના, હાર્ડવેર, સેનિટરીવેર્સ વગેરેના વ્યવસાયમાં પણ આગળ પડતો ભાગ ભજવે છે. અનિલભાઈ, તેમના ભાઈ કિશોરભાઈ અને શ્રી ગુરનાની નામના અન્ય ભાગીદાર સાથે તેમણે ભારત, પાકિસ્તાન, તાઈવાન, હોંગકોંગ, મલેશિયા, સિંગાપોર, સાઉથ કોરિયા અને થાઈલૅન્ડમાંથી કોસ્મેટિક્સ મંગાવીને વેચે છે. તેમની અન્ય એક કું. 'અલ તકદીર ફૅશન્સ' નામના મોટા શો-રૂમમાં તૈયાર કપડાં વેચે છે. આમ તેમના ભાઈ કિશોરભાઈને લંડનથી પાછા બોલાવી પોતાની સાથે જોડી તેમણે પોતાના ધંધાનો ખૂબ વિકાસ કર્યો છે. અત્યારે તેમની કંપનીમાં ૧૨૦ થી વધુ લોકો કામ કરે છે. તે પોતાના કર્મચારીઓ માટેની કલ્યાણ યોજનાઓ પણ કરે છે.

અનિલભાઈ વ્યવસાયની સાથે તેમની સામાજિક જવાબદારી પૂરી કરવા ઘણા સામાજિક સંગઠનો સાથે જોડાયેલા છે. 'મસ્કત ગુજરાતી સમાજ'ના તેઓ કારોબારી સભ્ય છે. 'જૈન ઍસોસિયેશન ઑફ મસ્કત'ના પણ તેઓ સભ્ય છે. આજે પણ તેઓ 'એકલ વિદ્યાલય'નું કામ કરવા અને બાળકોને શિક્ષણ મળે તે માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. તેમને જૂનાં ગીતો સાંભળવાનો અનોખો શોખ છે. આજે તો મસ્કતના ગુજરાતીઓમાં તેમણે સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. અનિલભાઈનાં પત્ની શોભાબેન અને કિશોરભાઈનાં પત્ની શ્રીમતી કિરણબેન મસ્કતની લેડીઝ સોશિયલ ક્લબમાં સક્રિય રીતે સંકળાયેલાં છે. આમ, અનિલભાઈ પણ સાંસ્કૃતિક, શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા સમાજસેવા કરવામાં અગ્રેસર છે.

# પેઢીના નામ સાથે પોતાનું આગવું અસ્તિત્વ વિકસાવનાર વિમલ પુરેચા



ઓમાનમાં પેઢીના નામ સાથે પોતાનું આગવું અસ્તિત્વ વિકસાવનાર તેમજ સમગ્ર વેપારી આલમમાં જાણીતા એવા વિમલ પુરેચા સામાજિક સેવાની સાથો સાથ મરચન્ટ કમ્યૂનિટીમાં પણ પ્રતિનિધિત્વ કરે છે. આજે શ્રી વિમલ પુરેચા 'રતનશી પુરુષોત્તમ પેઢી'ના મૅનેજિંગ પાર્ટનર છે. ખાસ વાત તો એ છે કે જ્યારે ભારતીય દૂતાવાસે ઓમાન સાથેના ભારતના ઐતિહાસિક સંબંધો ઉપર પ્રદર્શન ચોજ્યું ત્યારે તેમણે ઘણા બધા દસ્તાવેજો પૂરા પાડયા હતા.

'પુરેચા' કુટુંબનો ઇતિહાસ આમ જોવા જઇએ તો સૈકાઓ જૂનો છે. આ કુટુંબના 'નાથા મકાને' મસ્કતમાં ધંધાનો પાયો નાખ્યો હતો ત્યારથી આજ સુધીમાં દસ પેઢીનું અંતર થઇ ગયું છે. પરંતુ દસ્તાવેજો દ્વારા આ કુટુંબનો ઇતિહાસ જાણવો હોય તો તે રતનશી પુરુષોત્તમ અલ બનિયાનીના સમયથી મળે છે. જેમણે વિશાળ પાયે ધંધાને વિસ્તૃત કરી ૧૯મી સદીના ઉતરાર્ધમાં ધંધાને વિકસાવ્યો. ધંધો વિકસાવવાના કારણે માલ-મિલકત પણ વધતા ગયા અને મસ્કતમાં 'રતનશી પુરુષોત્તમ કું.' નું નામ ઇતિહાસકારો તેમના પુસ્તકોમાં આપતા ગયા એક સમૃદ્ધ અને વગદાર વેપારી તરીકે, આયાત-નિકાસની મુખ્ય પેઢી તરીકે અને ૧૯મી સદીના ઉતરાર્ધમાં યુરોપ, અમેરિકા ને પશ્ચિમના દેશોમાં અનાજ, ખાવા-પીવાની ચીજવસ્તુઓની આયાત-નિકાસની પેઢી તરીકે આ પેઢી પ્રખ્યાત થઈ ગઈ. આજે પણ પૂર્ણ સન્માન અને શ્રદ્ધા સાથે આ પેઢીનું નામ લેવામાં આવે છે. તો મસ્કતના ગુજરાતી સમાજમાં આ પેઢી સન્માનનીય રહી છે. સન્માનનીય સુલતાન સૈદ ફૈઝલ બિન તુર્કીએ શેઠ રતનશીને 'બાદશાહ'ના ખિતાબથી નવાજ્યા હતા.

શેઠ રતનશી પછીની ચોથી પેઢીમાં યુવા આયાત-નિકાસકાર વિમલ રણછોડદાસ પુરેચા એવા જ સાહસિક, તરવરિયા અને દીર્ઘદષ્ટિવાળા વેપારી પુરવાર થયા. ૧૯૫૨માં કચ્છના માંડવીમાં જન્મેલા વિમલભાઇએ શાળાકીય શિક્ષણ માંડવીમાંથી પ્રાપ્ત કર્યું અને ગ્રેજ્યુએશન વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાંથી ૧૯૭૩માં પૂરું કર્યું. તેમના પરદાદા રતનશી, યુવા વિમલ માટે પ્રોત્સાહક મૂર્તિ બની રહ્યા. વિમલભાઇ તેમના કુટુંબ સાથે મસ્કતમાં સેટલ થયા છે. તેમની પુત્રી પૂજાએ સીએ, સીએફએ પૂર્ણ કર્યું છે અને મસ્કતમાં જ તે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. તેમનો પુત્ર ધ્રુવ અમેરિકાની બોસ્ટનની બિઝનેસ સ્કૂલમાં ભણે છે. બંને બાળકો કૌટુંબિક વ્યવસાયમાં જોડાઇ ગયાં છે અને ભવિષ્યમાં ધંધો વધારવા આગળ વધી રહ્યાં છે. ધંધાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત વિમલભાઇને જૂના કલાકારીગીરીના નમૂના એકઠા કરવામાં તથા સામાજિક સેવામાં પણ રસ છે. તેઓ મરચન્ટ કમ્યૂનિટીમાં પણ પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે ભારતીય દૂતાવાસે 'ઓમાન સાથેના ભારતના ઐતિહાસિક સંબંધો' ઉપર પ્રદર્શન યોજ્યું ત્યારે તેમણે ઘણા બધા દસ્તાવેજો પૂરા પાડયા હતા.

આજે શ્રી વિમલ પુરેચા 'રતનશી પુરુષોત્તમ પેઢી'ના મૅનેજિંગ પાર્ટનર છે અને પેઢીનો ધંધો મતરાહમાં આવેલી ઑફિસમાંથી ચાલે છે. આજે પણ તેઓ ખાવા-પીવાની ચીજવસ્તુઓની આયાત-નિકાસનો વ્યવસાય કરે છે. ઓમાનની ખજૂર બહાર વેચે છે. આ ઉપરાંત આ પેઢી જમીનના પૈતૃક વ્યવસાયમાં જોડાઇ તેના વિકાસનું કામ કરે છે, તથા ઓમાનમાં રોકાણ માટેની સલાહો પણ તેઓ આપે છે. શ્રી વિમલભાઇએ તેમની પેઢીના નામ સાથે પોતાનું આગવું અસ્તિત્વ વિકસાવ્યું છે અને વેપારીઓમાં જાણીતું નામ બની ગયું છે. આજે પણ ઓમાનના વિવિધ ઐતિહાસિક પુસ્તકોમાં 'રતનશી પુરુષોત્તમ'ની પેઢીનું નામ ગૂંથાયેલું રહ્યું છે...

# મસ્કત-ઓમાનમાં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખે છે રાજેન્દ્રભાઈ વેદ



છેલ્લાં ૨૫ વર્ષથી શ્રી રાજેન્દ્રભાઈ વેદ ઓમાનની શૈક્ષણિક સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઈન્ડિયન સોશિયલ ક્લબના ઉપપ્રમુખ, મસ્કત ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે કામગીરી કરી ચૂક્યા છે.

મસ્કતના મતરાહ વિસ્તારમાં સૌપ્રથમ ૧૯૦૪ની સાલમાં લક્ષ્મીદાસ થારિયા વેદે પોતાની નાની એવી કરિયાણાની દુકાન શરૂ કરી હતી. જીવનજરૂરી ચીજવસ્તુઓ સહેલાઈથી ઓમાની લોકો લઈ જતા હતા. પરિણામે આ નાની દુકાને પાંખો પ્રસરાવી અને પ્રામાણિક વ્યવહારને કારણે ઓમાની લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. પરિણામે રહેતાં રહેતાં સલ્તનત ઑફ ઓમાનમાં તેમણે મોટો વ્યવસાય શરૂ કર્યો.

ત્યાર બાદ, સ્વ. મેઘજી લક્ષ્મીદાસ વેદે (મગનભાઈ તરીકે જાણીતા) (લક્ષ્મીદાસ થારિયા વેદના સુપુત્ર) ખૂબ મહેનત કરી અને પોતાના પિતાના નામની પેઢીને સદ્ધર બનાવી. આજની તારીખમાં આ પેઢીએ તેના નૈતિક મૂલ્યો અને સારી નીતિને કારણે નામના પ્રાપ્ત કરી છે.

૧૯૫૫ની સાલમાં જ્યારે ઓમાનમાં વાહનવ્યવહાર અને સંચાર વ્યવસ્થાની કમી હતી ત્યારે લખુસે ઓમાનની અંદરના ભાગોમાં બિઝનેસ હાઉસીસમાં કમિશન એજન્ટ તરીકે કામ શરૂ કર્યું. આજ વખતે કાપડનો વ્યવસાય શરૂ કર્યો. સન્. ૧૯૬૦માં લખુસે મની એક્સચેન્જનો નવો વ્યવસાય શરૂ કર્યો અને દરેક ક્ષેત્રમાં દરેકને સંપૂર્ણ સંતોષ મળી રહે તેવું કામ કરી સફળતા પ્રાપ્ત કરી. સન્. ૧૯૭૨માં લખુસે પોતાનો વ્યવસાય દુબઈમાં પણ વિસ્તાર્યો. દુબઈમાં મની એક્સચેન્જ, ટેક્સટાઈલ, કમિશન એજન્ટ અને ફુડસ્ટફનો વ્યવસાય વધાર્યો.

લખુસ એ સંયુક્ત પરિવારનો વ્યવસાય છે. જેમાં સ્વ. મેઘજીભાઈ વેદના ચારેય પુત્રો સંકળાયેલા છે. મોટા પુત્ર નવલભાઈ ગ્રૂપના ચેરમેન છે અને અન્ય ત્રણ ભાઈઓ રણજિત, રાજુ અને સતિશ કંપનીના ડાયરેક્ટર છે. નવલભાઈ અને રણજિતભાઈ દુબઈમાં ધંધો સંભાળે છે. જ્યારે રાજુભાઈ અને સતિશભાઈ મસ્કતમાં ધંધો સંભાળે છે. મેઘજીભાઈના પૌત્રો નીલેશ નવલ વેદ, તુષાર નવલ વેદ, જિગ્નેશ રણજિત વેદ અને ધર્મિન રાજેન્દ્ર વેદે આ ધંધામાં પિતાને મદદ કરવા ઝંપલાવ્યું છે. તેઓ સૌ અમેરિકામાં અને બ્રિટનમાં ભણીને આવ્યા છે અને સૌથી નાનો પૌત્ર દીપ વેદ મસ્કતની ભારતીય શાળામાં શિક્ષણ લઈ રહ્યો છે. વ્યવસાયમાં સમૃદ્ધિ અને વિસ્તૃતિકરણ કુટુંબની એકતાને કારણે છે.


લખુસમાં ઓમાની કર્મચારીઓને નોકરી આપવામાં આવી છે અને છેલ્લાં પંદર વર્ષોથી તેઓ કામ કરે છે.

લખુસની મુખ્ય ઑફિસ રુવીમાં છે અને અન્ય પાંચ શાખાઓ સલાલા, સોહર, સૂર, નિઝવા અને દુબઇમાં છે. કંપનીનું ધ્યેય છે પ્રામાણિકતા અને એકતા. આ સંયુક્ત વ્યવસાય લાખુસના નામે ચાલે છે. જે તેમના દાદા અને પિતાના નામે છે અને એમાં તેઓ ગૌરવ અનુભવે છે. લાખુસ અથવા તો લક્ષ્મીદાસ થારિયા ઍન્ડ કું. મની એક્સચેઇન્જ, ટેક્સટાઇલ, ફુડસ્ટફ, જ્વેલરી, રેડિમેડ ગાર્મેન્ટ અને ગિફ્ટ આર્ટિકલ્સમાં ધંધો કરે છે. લાખુસનું સોનાનું પણ હોલસેલ કામ છે. તેમની ઓમાનમાં ૯ અને દુબઇમાં ચાર મની એક્સચેન્જ શાખાઓ છે. જેમાં ૨૨૫ જેટલા કર્મચારીઓ કામ કરે છે. તેમાંથી ૫૮ ટકા ભારતીય, ૪૦ ટકા સ્થાનિક ઓમાની અને બે ટકા અન્ય કર્મચારીઓ છે.

**તેઓ વાદી કબીર ઇન્ડિયન સ્કૂલ મસ્કતના ઉપપ્રમુખ હતા અને અત્યારે પણ તેઓ મસ્કત હિન્દુ મંદિર અને અન્ય મહાજન પ્રવૃત્તિની વહીવટીય સમિતિમાં છે. શ્રી રાજુભાઇને વાંચનનો અને પ્રવાસનો શોખ છે અને સાથે સાથે ક્રિકેટનો પણ જબ્બર શોખ છે. રાજેન્દ્રભાઇને માતૃભાષા માટે એટલો બધો લગાવ છે કે દર શુક્રવારે ઓમાનમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતા ગુજરાતી બાળકો ગુજરાતી ભાષા શીખી શકે તે માટે સુવિધા કરી આપે છે**

શ્રી રાજેન્દ્ર એમ. વેદે પ્રાથમિક શિક્ષણ મસ્કતમાં લીધું ત્યાર બાદ તે ભારત આવી મુંબઇ યુનિવર્સિટીમાંથી ગ્રેજયુએટ થયા અને ૧૯૭૬માં ધંધામાં પ્રવૃત્ત થયા. ૧૯૭૮માં હીનાબેન સાથે લગ્ન કર્યું. મોટી પુત્રીનું લગ્ન દુબઇમાં, બીજી પુત્રી સ્નેહાએ મુંબઇ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થઈ ખરીદ-વેચાણ વિભાગ સંભાળી લીધો છે. જ્યારે ધર્મિન વેદે યુ.કે.માંથી ડિગ્રી લઇ દુબઇમાં અર્નેસ્ટ અને યંગમાં નોકરી લીધી છે. તેમની પત્ની સીમા યુ.કે.માંથી એમબીએ થઈ કંપનીમાં કામ કરે છે. છેલ્લાં ૨૫ વર્ષોથી શ્રી રાજેન્દ્રભાઇ વેદ ઓમાનની શૈક્ષણિક સામાજિક, ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઇન્ડિયન સોશિયલ કલબના ઉપપ્રમુખ, મસ્કત ગુજરાતી સમાજના પ્રમુખ તરીકે કામગીરી કરી ચૂકેલા શ્રી રાજેન્દ્રભાઇ મંદિરોની વ્યવસ્થામાં પણ સક્રિય ભાગ લે છે. તેઓ વાદી કબીર ઇન્ડિયન સ્કૂલ મસ્કતના ઉપપ્રમુખ હતા અને અત્યારે પણ તેઓ મસ્કત હિન્દુ મંદિર અને અન્ય મહાજન પ્રવૃત્તિની વહીવટીય સમિતિમાં છે. શ્રી રાજુભાઇને વાંચનનો અને પ્રવાસનો શોખ છે અને સાથે સાથે ક્રિકેટનો પણ જબ્બર શોખ છે. મસ્કતમાં હિન્દુઓ માટે સ્મશાન બનાવવામાં તેમણે અગ્રભૂમિકા ભજવી છે. મસ્કત ગુજરાતી સમાજના ટ્રસ્ટી તરીકે તેઓ કામ કરે છે. રાજેન્દ્રભાઇના મતે ગુજરાતે દુનિયામાં નામ કાઢ્યું છે અને હજી પણ આગળ વધશે તેવો તેમને વિશ્વાસ છે. રાજેન્દ્રભાઇએ આરોગ્ય સેવાઓમાં ઘણું પ્રદાન કર્યું છે અને હજી પણ આ સેવા ચાલુ રાખવાનો ઇરાદો છે. રાજેન્દ્રભાઇને માતૃભાષા માટે એટલો બધો લગાવ છે કે દર શુક્રવારે ઓમાનમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણતા ગુજરાતી બાળકો ગુજરાતી ભાષા શીખી શકે તે માટે સુવિધા કરી આપે છે. અગ્રણી ગુજરાતી તરીકે ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખવાનો તેમનો આ નમ્ર પ્રયાસ છે તેવું તેઓ જણાવે છે. તેઓ ગુજરાતી નાટકો, નૃત્ય-નાટિકાઓ, ગીત-સંગીત, અંતાક્ષરી દ્વારા ગુજરાતી ભાષાને જીવંત રાખવાના પ્રયાસોમાં હંમેશાં અગ્રેસર રહે છે. ઓમાનમાં ભારતીય તહેવારો, જેવા કે દિવાળી, જન્માષ્ટમી, નવરાત્રિ, હોળી, ગણપતિ ઉત્સવ બહુ જ ધામધૂમથી ઉજવાય છે. તેમના મતે સંસ્કૃતિનું જતન, સંવર્ધન અને પરિવહન આવા ઉત્સવો દ્વારા જ થાય છે. વળી માતૃભાષાને જીવંત રાખવા ઘરમાં ગુજરાતી બોલવું, ગુજરાતી ઉત્સવો ઉજવવા, ગુજરાતી ભોજન બનાવવું વગેરે દ્વારા સંસ્કૃતિનું પરિવહન કરવામાં તેઓ માને છે.

# મસ્કત ગુજરાતી સમાજના પ્રમુખશ્રી અરવિંદભાઈ ટોપરાણી



ઓમાનમાં છેલ્લાં ત્રણસો વર્ષોથી કાર્યરત ટોપરાણી કુટુંબ વ્યાપાર ક્ષેત્રે અગ્રેસર છે. તેમના દાદાશ્રી પુરુષોત્તમભાઇ ટોપરાણીએ ૨૦૦ વર્ષ પહેલાં 'પુરુષોત્તમભાઈ દામોદર કું.' સ્થાપી હતી અને વેપાર વધાર્યો હતો. તેમના બે પુત્રો વીરજી પુરુષોત્તમ ટોપરાણી અને શ્રી વિજયસિંહ પુરુષોત્તમ ટોપરાણીએ પિતાનો ધંધો વિકસાવ્યો. અરવિંદભાઇ ટોપરાણી, વિજયસિંહ ટોપરાણીના પુત્ર છે. જેમણે ૧૯૭૫માં પિતાની સાથે જોડાઇ વ્યવસાયને નવી ઊંચાઇ આપી...

ગુજરાતી ભાષાને જીવંત રાખવા અને ગુજરાતી સંસ્કૃતિને વહેવડાવવા ઘરમાં ગુજરાતી ભાષા બોલવી જરૂરી છે તેમ ગુજરાતી ભોજન જે સ્વાદિષ્ટ હોય છે તે પણ રોજ જમવું જરૂરી છે તેમ જણાવતાં અરવિંદભાઇ વિજયસિંહ ટોપરાણી ગુજરાતી અસ્મિતાને જાળવવાના પ્રયાસોમાં હંમેશાં અગ્રેસર રહે છે. ઓમાનમાં છેલ્લાં ત્રણસો વર્ષોથી કાર્યરત ટોપરાણી કુટુંબ વ્યાપાર ક્ષેત્રે અગ્રેસર છે. તેમના દાદાશ્રી પુરુષોત્તમભાઇ ટોપરાણીએ ૨૦૦ વર્ષ પહેલાં 'પુરુષોત્તમભાઇ દામોદર કું.' સ્થાપી હતી અને વેપાર વધાર્યો હતો. તેમના બે પુત્રો વીરજી પુરુષોત્તમ ટોપરાણી અને શ્રી વિજયસિંહ પુરુષોત્તમ ટોપરાણીએ પિતાનો ધંધો વિકસાવ્યો. અરવિંદભાઇ ટોપરાણી, વિજયસિંહ ટોપરાણીના પુત્ર છે. જેમણે ૧૯૭૫માં પિતાની સાથે જોડાઇ વ્યવસાયને નવી ઊંચાઇ આપી.

૧૫મી જાન્યુઆરી, ૧૯૫૧માં મસ્કતમાં જન્મેલ અરવિંદભાઇ ટોપરાણીએ ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ મીઠીબાઈ કૉલેજ, મુંબઇમાંથી લીધું. મૂળ માંડવી–કચ્છના અરવિંદભાઇએ પોતાનો નિવાસ તો મસ્કતમાં રાખ્યો. તેમને બે બાળકો છે. પુત્ર સુમિત અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ માટે ગયો અને ત્યાં જ આઇબીએમ કું.માં કામ કરે છે. જ્યારે પુત્રી બ્રિન્દા જે.જે.કૉલેજ, મુંબઇમાંથી આર્કિટેકચર પૂરું કરી અમેરિકા વધુ અભ્યાસ અર્થે ગઇ છે.

જૂની 'પુરુષોત્તમદાસ દામોદર ઍન્ડ કું.'નું ૨૦૦૦ની સાલમાં બે કંપનીમાં વિભાજન થયું. અરવિંદભાઇએ 'ગોલ્ડન ગ્રેઇન્સ ટ્રેડિંગ'નામની નવી કંપનીની સ્થાપના કરી. જેના દ્વારા ઘી, કૉફી બિન્સ, દૂધનો પાઉડર, તેજાના, ચોખા અને અન્ય અનાજ મંગાવવાનું શરૂ કર્યું. આ અનાજ અને ફૂડસ્ટફ ઓમાનના આંતરિક વિસ્તારોમાં વેચાય છે. 'ગોલ્ડન ગ્રેઇન્સ કંપની'ના બે ગોડાઉન છે. જ્યાંથી સમગ્ર ઓમાનમાં માલ પહોંચાડવામાં આવે છે. મસ્કતના તેમના વિસ્તારના અને વિકસતા વ્યવસાયને કારણે તેમનું નામ ઓમાનના આગળ પડતા વેપારીઓમાં લેવાય છે.

ભારતમાં તેમનું ઘર માંડવી અને મુંબઇમાં છે. તેમણે પોતાના વ્યવસાય માટે ભારતમાં અનેક જગ્યાએ પોતાના સંબંધો વિકસાવ્યા છે. ગુજરાતમાંથી ચણા, ઊંઝાથી જીરું અને મસાલા લાવી મુંબઇથી નિકાસ કરી મસ્કતમાં લાવવામાં આવે છે. આમ તેમને ખરીદ કિંમત ઓછી પડતી હોવાથી

ધંધો કરવામાં ફાયદો થાય છે. હવે તો તેઓ સીધા ગુજરાતમાંથી ઓમાન આયાત કરી શકે છે.

અરવિંદભાઇએ એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું કે, ઓમાનના ગુજરાતીઓ હમણાં મુંબઇના શેર માર્કેટ પ્રોપર્ટીમાં રોકાણ કરે છે. જેથી ઓમાનના વ્યવસાય ઉપરાંત તેમને અન્ય વ્યવસાયમાંથી પણ ફાયદો થઇ શકે.

અરવિંદભાઇને ઉત્સવો ખૂબ ગમે છે. પરંતુ ભારતમાં ઉત્સવોની જે મજા છે તે ઓમાનમાં નથી મળતી. છતાં ઓમાનમાં પણ દિવાળી, નવરાત્રિ વગેરે સારી રીતે ઉજવાય છે અને દરેક ગુજરાતીઓ તેનો લાભ લે છે. પરંતુ ઓમાનમાં સૌથી વધુ મુશ્કેલી હોય તો દીકરા-દીકરીનાં લગ્નની. જીવનસાથી શોધવાની તકલીફ પડે છે. દીકરા-દીકરીને જોઇએ તેવા જીવનસાથી મેળવવા તેમણે કાં તો ભારત આવવું પડે અથવા તો અમેરિકામાં જ્યાં કામ કરતા હોય ત્યાંથી શોધવા પડે.

**મસ્કતમાં વાડી કબીરમાં આવેલી ભારતીય શાળાની 'ખરીદ કમિટી'ના અધ્યક્ષ તરીકે તેઓ સેવા આપે છે, તો મહાજન ઍસોસિયેશનની મેનેજિંગ કમિટીના તેઓ સભ્ય છે. ઓમાનમાં રક્તદાતા તરીકે તેમનું આગળ પડતું નામ છે. આ માટે તેમને ઓમાન દેશનો 'અવૉર્ડ ઑફ ઍપ્રિસિયેશન' મળેલો છે. અરવિંદભાઇના કુટુંબે ૧૯૯૬માં અને ૨૦૦૭માં મહારાષ્ટ્રના શિરમપુરમાં 'નેત્રયજ્ઞ'નું આયોજન કર્યું હતું. આ જ રીતે ૧૯૯૬માં મહારાષ્ટ્રના શિરમપુરમાં આવેલા 'માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ'ને જયપુર ફૂટ ઑપરેશન કેમ્પ માટે મોટું ડોનેશન કર્યું હતું.**

અરવિંદભાઇ ટોપરાણીનું નામ મસ્કતના ગુજરાતી સમાજમાં ખૂબ આદરથી લેવાય છે. કારણ કે, તે ઘણી બધી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. તેઓ મસ્કત ગુજરાતી સમાજના પહેલા ઉપપ્રમુખ હતા અને હવે તેઓ પ્રમુખપદ શોભાવી રહ્યા છે. મસ્કત ગુજરાતી સમાજ દ્વારા થતી સાંસ્કૃતિક-સાહિત્યિક-સેવાકીય પ્રવૃત્તિઓને હકારાત્મક સ્વરૂપે તેઓ સ્વીકારે છે, કરે છે તેમજ સાથ આપે છે. મસ્કતમાં વાડી કબીરમાં આવેલી ભારતીય શાળાની 'ખરીદ કમિટી'ના અધ્યક્ષ તરીકે તેઓ સેવા આપે છે. તો મહાજન ઍસોસિયેશનની મેનેજિંગ કમિટીના તેઓ સભ્ય છે. ઓમાનમાં રક્તદાતા તરીકે તેમનું આગળ પડતું નામ છે. આ માટે તેમને ઓમાન દેશનો 'અવૉર્ડ ઑફ ઍપ્રિસિયેશન' મળેલો છે. અરવિંદભાઇના કુટુંબે ૧૯૯૬માં અને ૨૦૦૭માં મહારાષ્ટ્રના શિરમપુરમાં 'નેત્રયજ્ઞ'નું આયોજન કર્યું હતું. આ જ રીતે ૧૯૯૬માં મહારાષ્ટ્રના શિરમપુરમાં આવેલા 'માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ'ને જયપુર ફૂટ ઑપરેશન કેમ્પ માટે મોટું ડોનેશન કર્યું હતું. આમ અરવિંદભાઇ ટોપરાણી અને તેમના કુટુંબને સમાજસેવા, સમાજ આરોગ્યની સારી એવી ચિંતા રહે છે અને તેમના માટે કામ કરતા રહે છે.

આમ અરવિંદભાઇ, તેમનાં પત્ની નિરંજનાબેન, તેમનાં બાળકો અને કુટુંબીઓ વ્યવસાયની સાથે સમાજ પ્રત્યેનું ઋણ ચૂકવવામાં ક્યાંય પાછી પાની નથી કરતા.

અરવિંદભાઇના મતે ઓમાનમાં રાજકીય સ્થિરતા અને શિસ્ત તથા સુલતાનનો વિકાસનો દષ્ટિકોણ હોવાથી એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે કે વૈશ્વિક મંદી હોવા છતાં તેમને ક્યારેય આર્થિક મંદી નડી નથી અને સૌ ચેનથી જીવે તેવું બન્યું છે.

## શૂન્યમાંથી સર્જન કરનાર હરિદાસ લાલજી ઍન્ડ કું.ના બાબુભાઈ

હરિદાસભાઈ લાલજીએ વર્ષો પહેલાં ઓમાનમાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. આ કરિયાણાની પેઢી હતી જેમાં અનાજ, ફૂડસ્ટફ, શાકભાજી, જ્યુસ વગેરેનો વ્યવસાય થતો હતો. હરિદાસભાઈના પુત્ર કરસનદાસ અને તેમનાં પત્ની ક્રિષ્ણાબાઈ વર્ષોથી ઓમાનમાં રહેતાં હતાં. કરસનદાસજી એટલે કે બાબુભાઈ ખૂબ મહેનતુ હતા. તેમણે તેમના પુત્ર અજિતને ભારતમાં ભણવા મોકલ્યા હતા. તેઓ માંડવીના કચ્છી ભાટિયા છે. બાબુભાઈને તબલાં, હાર્મોનિયમ, તંબુરો વગેરે વાજિંત્રો વગાડવાનો ખૂબ શોખ. અત્યારે ૮૬ વર્ષની વયે પણ તેઓ પોતાની પેઢીમાં બેસે છે. બજારમાં આવે, વાજિંત્રોની, સંગીતની, ગુજરાતીની વાત કરે અને રાગોની ઓળખ તો તેમને પૂરેપૂરી છે. બાબુભાઈએ ઝવેરાત વેચવાનો પણ ધંધો વિકસાવેલો હતો.

પણ પછી દાદા હરિદાસભાઈએ તેમના પૌત્રો સુજય અને અજયભાઈને ભારતથી ૧૯૫૭માં પાછા ઓમાનમાં બોલાવી લીધા. ત્યારથી આજસુધી અજિતભાઈએ તન-મનથી મહેનત કરી. સખત પરિશ્રમ, એકાગ્રતા, પ્રામાણિકતા, દ્રઢનિશ્ચય, વ્યાવસાયિક એકતા અને સાહસિક ગુણોને કારણે હરિદાસ લાલજી પેઢીને ઊંચે લઈ જવામાં અજિતભાઈનો ફાળો ખૂબ છે. દાદાના પ્રામાણિકતાના પાઠ મમળાવતા અજિતભાઈએ પછી તો ઓમાનના વિકાસમાં ફાળો આપી અત્યારે બિઝનેસ માંધાતા બની ગયા છે. લાલજી હરિદાસ ઍન્ડ કું.માં મહિને રૂા. ૮૦ના પગારથી કામ કરનાર અજિતભાઈએ પછી તો ધંધો વિકસાવ્યો. આજે કંપની રોજના દસ કરોડના ટર્નઑવર સાથે કામ કરે છે. અજિતભાઈ અત્યારે ૪૦ કંપનીઓના માલિક હતા. હાલમાં કંપની પાસે દસ ફૅક્ટરીઓ છે. વિવિધ ક્ષેત્રોમાં નસીબ અજમાવનાર અજિતભાઈએ પિતાના ધંધાને ખૂબ વિકસાવ્યો હતો. બાબુભાઈ-કરસનદાસભાઈ અત્યારે તો નિવૃત્ત જીવન ગાળે છે પરંતુ પોતાના વંશજોના વિકાસને જોઈને ખુશ છે અને પોતાના સંગીતમાં મસ્ત છે. પણ, અજિતભાઈ થોડા સમય પહેલા જ અવસાન પામ્યા.

## ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખવા તત્પર ધીરેનભાઈ-કનુ દલાલ

૭૦ વર્ષીય કનકશીભાઈ આજે પણ એકદમ સ્વસ્થ છે. તેમના પુત્ર ધીરેનભાઈ કચ્છ-મુન્દ્રામાં જન્મેલા, પણ જ્યારે બાદમાં મસ્કતમાં આવ્યા ત્યારે તેમના પિતાની એટલે કે કનકશી પ્રાગજીની કરિયાણાની, ફૂડસ્ટફની દુકાન હતી. પરંતુ મોટાપાયે ફૂડસ્ટફ વેચતા કનકશીભાઈ પ્રાગજીભાઈમાં વહેવારુ બુદ્ધિ હતી. પરિણામે બધા ઓમાનીઓ તેમની દુકાને આવીને સામટો માલ લઈ જતા. ધીરેનભાઈના પિતાને સહુ કનકશીભાઈને બદલે કનુભાઈ દલાલ તરીકે વધુ ઓળખતા. કારણ કે, તેઓ દલાલીનું કામ કરતા હતા. કનુભાઈ હિન્દુ મહાજન ઍસોસિયેશનમાં ૧૯૭૨થી છે. કનુભાઈ મસ્કતમાં જ છોકરાઓ સાથે રહે છે.

તેઓ ક્યારેક ક્યારેક મુન્દ્રા આવે છે અને વેકેશન પસાર કરી પાછા મસ્કતમાં-પોતાની કર્મભૂમિમાં આવી જાય છે. ગુજરાત પ્રત્યે તેમને માન છે અને ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખવા તત્પર છે. તેઓ ગુજરાતી નાટકો, ગીત-સંગીત વધુ પસંદ કરે છે.

# દિનેશભાઈ જેસરાણી અને અશ્વિનભાઈ દેસાઈ



દિનેશભાઈ જેસરાણી



અશ્વિનભાઈ દેસાઈ


સન્ ૧૯૫૩માં મુંબઇમાં જન્મેલા દિનેશભાઇએ શિક્ષણ મુંબઇમાં લીધું પણ વતન માંડવીમાં તેમના મૂળ હોવાને કારણે ઘણી વાર મુંબઇથી માંડવી આવતા. સાહસિક સ્વભાવવાળા દિનેશભાઇને ઓમાનમાં વસતા માંડવીવાસી વેપારીઓ અને બિઝનેસ માંધાતાઓ સાથે મુલાકાત થઈ અને તેમણે ઓમાનમાં ધંધો વિકસાવવાનું નક્કી કર્યું. ૧૯૯૪માં તેઓએ મસ્કત-ઓમાનમાં પોતાના પુત્ર મેહુલના નામે 'મેહુલ એન્ટરપ્રાઇઝીસ' નામની કંપની શરૂ કરી. આ કંપની દ્વારા ફૂડસ્ટફ પૂરું પાડવાનો અને કેટરિંગનો વ્યવસાય શરૂ કર્યો.

મસ્કતના વાડી કબીરમાં આવેલી 'મેહુલ એન્ટરપ્રાઇઝીસ'ના બીજા ભાગીદાર શ્રી અશ્વિનભાઇ દેસાઈ પણ કચ્છ-મુન્દ્રાના વતની છે. પહેલેથી જ દિનેશભાઇના મિત્ર રહ્યા છે. પણ અશ્વિનભાઇએ પોતાનું શિક્ષણ માંડવીમાં જ લીધું અને ગ્રેજ્યુએટ પણ માંડવીમાં જ થયા. પરંતુ પછી દિનેશભાઇના આગ્રહથી તેઓ મસ્કતમાં આવી 'મેહુલ એન્ટરપ્રાઇઝીસ'માં જોડાયા અને બંને મિત્રોએ હવે ખૂબ સારી રીતે મેહુલ એન્ટરપ્રાઇઝીસ દ્વારા મસ્કતના ગુજરાતી સમાજમાં સ્થાન મેળવ્યું છે. વ્યવસાયનો વિકાસ થતાં વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ થાય છે, ઉદારતા પ્રવેશે છે. પરિણામે ૨૦૦૧ના ધરતીકંપ પછી માંડવી-મુન્દ્રા-કચ્છમાં તેમણે ખૂબ આર્થિક મદદ કરી. આ સિવાય, પણ જ્યારે જ્યારે કોઈ કુદરતી આફત આવી છે ત્યારે ત્યારે દિનેશભાઈ અને અશ્વિનભાઇએ હંમેશાં મદદ કરી છે. આ ઉપરાંત સામાજિક કાર્યો, ગુજરાતી સમાજના ગીત-સંગીત કે નાટ્ય પ્રવૃત્તિ અને શિક્ષણમાં તેમણે ઊંડો રસ લીધો છે. કર્મભૂમિ મસ્કત-ઓમાન હોવા છતાં તેમને ભારતનો-કચ્છનો વિકાસ થાય તેવી તમન્ના રહે છે.

મસ્કતમાં ગુજરાતી સમાજની પ્રવૃત્તિઓમાં આગળ પડી તેઓ ભાગ લે છે. દિનેશભાઇ ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખવાના પ્રયત્નો કરવા માગે છે અને વેપારનો વિકાસ તો તેમને ગમે જ છે. તેમનો પુત્ર મેહુલ અમેરિકા ભણીને ઓમાનમાં પાછો આવી પોતાના પિતા સાથે જોડાઇ ગયો છે. બીજો દીકરો રીતેશ એક નાણાંકીય કંપનીમાં કામ કરી રહ્યો છે.

અશ્વિનભાઇ દેસાઈને પણ બે પુત્રો છે. અશ્વિનભાઇનો એક દીકરો સીપીએ કરી મસ્કતમાં જ જોબ કરે છે, જ્યારે બીજો પુત્ર ઑસ્ટ્રેલિયામાં ભણે છે. બંને ભાગીદારોએ ગુજરાતી પહેરવેશ, રહેણીકરણી, ઉત્સવો અને સંસ્કૃતિની દૃષ્ટિએ ગુજરાતને સારું એવું મહત્ત્વ આપ્યું છે. દિનેશભાઇ અને અશ્વિનભાઇને મસ્કતમાં થઇ રહેલો વિકાસ ખૂબ જ ગમે છે. તેઓ માને છે કે આધુનિક વૈશ્વિકરણના વાયરે ઓમાનનો વિકાસ ઉર્ધ્વગતિ તરફ હશે.

# શાહ નાગરદાસ મનજીની પેઢીના રમેશભાઈ શાહ



૧૯૫૫માં રમેશભાઈ મસ્કત આવ્યા. સત્તર વર્ષ કામ કર્યા બાદ તેમણે પેઢીના વ્યવસાયને આગળ વધાર્યો. અત્યારે તો ચાર મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર શરૂ કર્યા છે અને તેમની પેઢીમાં ૧૨૦ કર્મચારીઓ કામ કરે છે. મસ્કતમાં આવેલી હવેલી અને ધાર્મિક, સામાજિક પ્રવચનોના આયોજન માટે પણ તેમણે ઉદાર સખાવતો આપી છે. હિન્દુ મહાજન ઍસોસિયેશનમાં બાર વર્ષ સુધી તેમણે આયોજન સેક્રેટરી તરીકે કામગીરી કરી હતી.

નાગરદાસ મનજી કુટુંબની કથા સાહસ, હિંમત અને દૃઢનિશ્ચયની છે. જેમાં ઘણી મુશ્કેલીઓ વચ્ચે માર્ગ કાઢવાનો અને આગળ વધવાનો મનસૂબો છુપાયેલો છે. ભારતમાં ૧૯૩૦ની સાલમાં જ્યારે 'દાંડીયાત્રા' યોજાઇ રહી હતી ત્યારે નાગરદાસ મનજી ભારતીય કિનારાને અલવિદા કહી. તેમના પિતા મનજીભાઈ શાહને છ પુત્રોવાળા કુટુંબનું ભરણપોષણ કરવું મુશ્કેલ લાગતું હતું. આ છમાંથી ચોથા નંબરના પુત્ર નાગરદાસે વતન છોડવાનું નક્કી કર્યું. નાગરદાસ મનજી મૂળ રાજકોટના વતની, પરંતુ કુટુંબને ટેકો આપવા તેઓ મસ્કતમાં આવ્યા. તેઓએ આ પહેલાં ઘણી તકલીફો વેઠી, જુદી જુદી જગ્યાઓએ તકદીર અજમાવવા ગયા. પહેલાં દિજબૌરી બે વર્ષો રહ્યા, પછી બીજા બે વર્ષ એડનમાં જઈ નાની મોટી નોકરીઓ કરી અને છેલ્લે ઓમાનમાં જઇ સ્થિર થયા. અન્ય ઘણા ગુજરાતીઓની જેમ જ તેમને પણ મસ્કતમાં આશરો મળ્યો અને 'ખીમજી રામદાસ'માં નોકરી મળી. પાંચ વર્ષ સુધી આ કંપનીમાં કામ કરવાને લીધે તેમને પૂરતો અનુભવ મળ્યો અને પછી તો કૌટુંબિક કારણોસર તેમણે પોતાનો નાનો પણ અલાયદો વ્યવસાય શરૂ કર્યો. તે વખતે બીજા બધા અખાતી દેશો કરતાં મસ્કત ખૂબ આગળ પડતું ને વિકાસ પામતું શહેર હતું. અન્ય અખાતી દેશો કરતાં અહીં મસ્કતમાં સમૃદ્ધિ વધતી હોય તેવું લાગ્યું. જીવનમાં સ્વપ્નોને સાકાર કરવા ને આગળ વધવા તેમણે વિદેશની ધરતી પરથી અમુક ચીજવસ્તુઓ આયાત કરવાનું શરૂ કર્યું. તેમની દૂરંદેશિતા અને દૃષ્ટિને કારણે ૧૯૭૦ સુધીમાં તો તે ખૂબ જ સારો વ્યવસાય વિકસાવી ચૂક્યા હતા.

પિતાજીને જવાબદારીમાંથી હળવા કરી ધંધાનો ભાર ઉપાડવાનું નાગરદાસ મનજીભાઈ શાહના પુત્રોએ નક્કી કર્યું. રમણિકભાઇ, રમેશભાઇ અને નવીનભાઇ ત્રણેય ભાઇઓએ તેમની આંતરિક સૂઝ પ્રમાણે જુદાજુદા વ્યવસાયો વહેંચી લીધા અને જે તે ક્ષેત્રમાં આગળ વધવા લાગ્યા. દરેકમાં નેતૃત્વ શક્તિ હતી. દરેકને નાનપણથી અનુભવ હતો. સૂઝ અને આવડત હતી.

ત્રણેય ભાઇઓના પ્રયત્નોને કારણે ઘણી બધી આંતરરાષ્ટ્રીય મલ્ટિનૅશનલ કંપનીઓએ તેમને અમુક પ્રોડક્ટ્સ તેમજ બ્રાન્ડની ડિસ્ટ્રીબ્યૂટરશિપ આપી. જેમાં યાશિકા, કોડક, ઑલમ્પસ, કેસિયો, ઇગ્લુ

કિચનવેર તેમજ અમુક સ્ટેશનરીની ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. કંપનીના વિકાસ સાથે ત્રણેય ભાઇઓએ વ્યાવસાયિક અભિગમ અપનાવ્યો. વેચાણની નવી વ્યૂહરચના અપનાવી. શિસ્તબદ્ધ નાણાકીય આયોજન સાથે વ્યવસ્થિત વહીવટીય નિયંત્રણ રાખી વિકાસ કર્યો. આ ઉપરાંત કંપનીની આબરૂ તેના માલિકોની પ્રામાણિકતા, નૈતિકતા અને એકરૂપતાને કારણે વધી. પરિણામે ઓમાનના વ્યાવસાયિક જગતમાં તેમની ઘણી બધી શાખ વધી.

નાગરદાસ મનજી શાહના ત્રીજા પુત્ર રમેશભાઇ શાહનો ૨૬મી માર્ચ, ૧૯૩૬માં રાજકોટમાં જન્મ થયો. પછી તો રમેશભાઇએ મસ્કત, ગોંડલ અને પૂણેમાં અભ્યાસ કર્યો. તેમનામાં ગજબની વ્યાવસાયિક સૂઝ હતી. જે તેમણે તેમના પિતાજી પાસેથી પ્રાપ્ત કરી હતી. ૧૯૫૫માં રમેશભાઇ મસ્કત આવ્યા અને બ્રિટિશ 'ગ્રે મેકેન્ઝી એન્ડ કંપની'માં ટાઇપિસ્ટ તરીકે નોકરી શરૂ કરી. વિદેશી ફર્મમાં સત્તર વર્ષ દરમિયાન કામ કર્યા બાદ રમેશભાઇને ખૂબ અનુભવ પ્રાપ્ત થયો અને તેમણે પેઢીના વ્યવસાયને આગળ વધાર્યો. નિર્મળાબેન સાથે લગ્ન થતાં વધુ સકારાત્મકતા આવી. પુત્ર ચેતન કે જેનો જન્મ મસ્કતમાં થયો હતો. તેને પણ ભણીને પેઢીમાં જોડાવાની જ લગન હતી. આથી તે પણ પેઢીમાં જોડાયો. પિતા નાગરદાસે રમેશભાઇને બધો જ ધંધો ૧૯૭૨માં સોંપી દીધો અને પોતે નિવૃત્ત થઇ ગયા.

રમેશભાઇ સારા રમતવીર હતા અને નેતૃત્વનો ગુણ તેમનામાં હતો. તે સાથે શિસ્તપ્રિયતા અને નિર્ણાયક શક્તિ પણ ખીલી હતી. તેઓ નાનપણમાં કબડ્ડી, ક્રિકેટ અને અન્ય રમતો રમતા. સારા સાઇકલવીર હતા. આ બધી શક્તિને કારણે તેઓ વ્યવસાયમાં પણ ખૂબ આગળ વધી ગયા. ધંધાનો વિકાસ થયો અને અત્યારે તો ચાર મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર શરૂ કર્યા છે.

રમેશભાઇની પેઢીમાં ૧૨૦ કર્મચારીઓ છે. જેમાંથી ૮૫ ભારતીય અને બાકીના ઓમાની નાગરિક છે. કર્મચારીઓમાં વધુ પડતા ભારતીયો હોવાથી હિન્દી અને ગુજરાતી ભાષાનો વપરાશ વ્યવસાયમાં વધ્યો છે.

રમેશભાઇ પોતાના સ્ટોર માટે અમેરિકા, બ્રિટન, ઑસ્ટ્રેલિયા, જાપાન, સ્પેન, ફ્રાન્સ અને ઇટાલી તેમજ વિકસતા રાષ્ટ્રો જેવા કે થાઇલેન્ડ, તાઇવાન, દક્ષિણ કોરિયા, ભારત અને પાકિસ્તાનમાંથી માલ આયાત કરે છે. પોતાના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં તેઓ અમેરિકાના મોલની જેમ જ કાઉન્ટરો રાખે છે. માલ વ્યવસ્થિત ગોઠવે છે અને ક્યારેય કોઇને તકલીફ ન પડે તે રીતે આધુનિક પદ્ધતિથી માલ ગોઠવે છે.

વ્યવસાયમાં સધ્ધરતા આવતા સમાજને કંઇક પાછું વાળવાની ભાવના મનમાં આકાર લે છે. આ લાગણી આધુનિક પેઢીમાં પણ વિકાસ પામે છે અને સમગ્રતયા સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના વિકાસમાં વિવિધ પ્રકારે મદદ કરવાની ભાવના રમેશભાઇ અને તેમના ભાઇઓના કુટુંબમાં પણ વિકાસ પામી. ત્રણેય ભાઇઓએ માતા–પિતાની કઠિનાઇભરી સફરને યાદ રાખી સમૃદ્ધિ વધતાં જૈન સાધુઓ માટે ધાર્મિક સ્થળો બનાવ્યાં. જેથી સાધુઓ ત્યાં વિહાર કરી શકે. વળી, અન્ય ધાર્મિક કાર્યોમાં પણ તેમણે અનુદાન આપવાનું ચાલુ કર્યું હતું. મસ્કતમાં આવેલી હવેલી અને ધાર્મિક, સામાજિક પ્રવચનોના આયોજન માટે પણ તેમણે ઉદાર સખાવતો આપી છે. હિન્દુ મહાજન એસોસિયેશનમાં બાર વર્ષ સુધી તેમણે આયોજન સેક્રેટરી તરીકે કામગીરી કરી હતી. આ ઉપરાંત ઈન્ડિયન સેન્ટ્રલ સ્કૂલ બનાવવામાં દાન સહિત અગ્રેસર રહી મદદ કરી. વાડી કબીરમાં આવેલી ભારતીય શાળાને ઊભી કરવામાં મદદ કરી. રમેશભાઇનું પોતાના વતન રાજકોટમાં કોઇ ઘર નથી, પરંતુ મોટાભાઇનું ઘર ત્યાં હોવાથી વાંધો આવતો નથી. રાજકોટમાં પણ હૉસ્પિટલમાં દાન આપ્યું છે. ધાર્મિક સ્થળોમાં દાન આપ્યું છે અને કાયમી ધોરણે ગરીબોને ભોજન કે છાશ મળી રહે તેવો પ્રબંધ પણ કર્યો છે.

રમેશભાઇએ તહેવારો ઉજવાય ત્યારે માતૃભૂમિની તીવ્ર યાદ આવે તેવું જણાવતાં આગળ કહ્યું કે, ૭૮ વર્ષથી ઓમાનમાં ધંધો ધરાવતા હોવાથી ઓમાન પણ હવે પોતીકું લાગે છે. વળી, જ્યાં 'રોટલો ત્યાં જ ઓટલો' બનાવવાની આપણી હંમેશાં નિયત હોય છે. વળી, ગુજરાતી સંસ્કૃતિને જાળવી રાખવા ઘરમાં ગુજરાતી બોલવાનો તેઓ આગ્રહ રાખે છે તો ભોજન ગુજરાતી હોય અને ગુજરાતી તહેવારો ઉજવાતા હોય એટલે સંસ્કૃતિ ભૂલાય નહીં.

તેમના મતે ગુજરાતમાં સ્થિરતા હોવાને લીધે રાજ્યનો વિકાસ થાય છે. ભારતમાં બહુ ઓછા રાજ્ય છે જેનો સંપૂર્ણ રીતે વિકાસ થાય છે. પણ આમાં ગુજરાતનું સ્થાન અનન્ય છે.

નાગરદાસ પેઢીની બ્રાન્ચ મુંબઇમાં પણ છે. જેનું નામ 'વેલકમ ઇમ્પોર્ટ એન્ડ એક્સપોર્ટ કાું.' છે. જેના દ્વારા મુંબઇથી મસ્કત શિપમેન્ટ થઇ શકે છે. આમ, રમેશભાઇ અને તેમની પછીની પેઢીના સભ્યોએ 'નાગરદાસ એન્ડ કાું.'ની શાખ વધારવામાં, વિસ્તૃત કરવામાં અને વૃદ્ધિ કરવામાં ક્યાંય પાછી પાની કરી નથી.

# ઓમાન-મસ્કતમાં 'મસ્કત ફાર્મસી' ને આગવી ઓળખ આપનાર બકુલભાઈ મહેતા



બકુલભાઈએ બી.કોમ. સુધી શિક્ષણ લઈ ફાર્મસીમાં પણ રજિસ્ટ્રેશન કરાવ્યું. ત્યાર બાદ તેઓ મસ્કત આવ્યા અને ફાર્મસીનો કારોબાર શરૂ કર્યો અને 'મસ્કત ફાર્મસી'ને વિકસાવી. નામદાર સુલતાને ૨૦૦૬માં તેઓને મસ્કતનું નાગરિકત્વ આપ્યું. બકુલભાઈ અને તેમના બંધુ દિલીપભાઈ મસ્કત જૈન સમાજમાં અગ્રભૂમિકા ભજવે છે. મસ્કત જૈન સમાજના સ્થાપક અને પ્રમુખ શ્રી બકુલભાઈ 'હિન્દુ મહાજન એસોસિયેશન' સાથે પણ સંકળાયેલા છે.

સાદાસીધા, ઉત્સવપ્રિય, સંસ્કૃતિપ્રિય બકુલભાઈ મહેતા મૂળ ગોંડલના છે. ૧૯૩૮ની સાલમાં અવિભાજ્ય ભારત વખતે કરાંચીમાં તેમનો જન્મ થયો હતો. બાપદાદાનો વ્યવસાય તે વખતે કરાંચીમાં હતો, પરંતુ પાછળથી ભારતમાં અને સ્વતંત્રતા બાદ ગોંડલમાં જ પોતાના વતનમાં ઘર બનાવ્યું. ગોંડલમાં જ શિક્ષણ લીધું. પરંતુ ૩૦ વર્ષની વયે ૧૯૬૮માં બકુલભાઈએ લગ્ન બાદ પોતાના સસરા રમણિકભાઈના આમંત્રણથી મસ્કત આવવાનું નક્કી કર્યું. એ પહેલાં ગોંડલમાં એક મેડિકલ ફર્મ, સી.જે.શેઠ એન્ડ કું.માં કામ કરતા હતા. ૧૯૬૮માં મસ્કત આવ્યા. પછી શ્રી બકુલભાઈ સસરા રમણિકભાઈના એક આરબ મિત્ર 'કેઈસ ઝવાવી'ના ફાર્મસી સ્ટોરમાં જોડાયા. તેમનો ગોંડલનો મેડિકલ ફર્મનો અનુભવ કામ લાગ્યો અને પોતાની મહેનત, પરિશ્રમ, મોડે સુધી કામ કરવાની લગન, પ્રામાણિકતા અને નૈતિકતાને લીધે 'કેઈસ ઝવાવી'નું દિલ જીતી લીધું. બકુલભાઈની છઠ્ઠી ઇન્દ્રિય બહુ જ પાવરફુલ છે. એકવાર એક સાથી કર્મચારીએ સસ્તામાં દવા વેચવા માટે તેમને લાલચ આપી. પરંતુ તેમણે વિચાર્યું કે દવા સસ્તી કેવી રીતે થાય ?

(i) એક તો જો શૉપમાંથી જ સીધી ચોરી લીધી હોય તો દવા સસ્તી મળે. (ii) અને બીજું દવા મસ્કતમાં બનાવાતી હોય ત્યારે તેના કન્ટેનરમાં હલકા કેમિકલનો ઉપયોગ થયો હોય. આથી વિચક્ષણ બકુલભાઈએ આવા ખોટા પૈસા કમાવાનું નકારી સીધા રસ્તે 'કેઈસ ઝવાવી'ની દવાઓના વેચાણમાં વધુ ધ્યાન આપ્યું. તેમણે પોતાની પ્રામાણિકતાથી આ આરબ શેઠને પ્રભાવિત કર્યા અને આરબ શેઠનો ધંધો પોતાની કુનેહ અને સમજદારીથી વધાર્યો. આમ, ૧૯૬૮થી મસ્કતની ફાર્મસી સ્ટોરમાં મૅનેજર તરીકે કામ કરનાર બકુલભાઈને ઓમાનના કાયદા-કાનૂન સાથે આ વ્યવસાય કરવાની કળા હસ્તગત થઈ ગઈ.

વળી, તેમની એકાગ્રતા, એકતા અને પ્રામાણિકતાને કારણે શ્રી ઝવાવીના મન ઉપર તેમની ખૂબ જ સારી અસર પડી હતી. બકુલભાઈની તેઓ કદર કરતા, તેમની ઉપર આધાર રાખતા. આથી જ જ્યારે ઓમાન સરકારમાં શ્રી ઝવાવીને મંત્રીપદ આપવામાં આવ્યું ત્યારે તેમણે કંપનીના વરિષ્ઠ મૅનેજર તરીકે બકુલભાઈને નીમ્યા અને આમ બકુલભાઈને માથે વધુ જવાબદારી આવી ગઈ. પોતાની જવાબદારી સંભાળવામાં સાથ આપવા તેમણે તેમના ભાઈ દિલીપભાઈને ૧૯૭૦માં ઓમાનમાં બોલાવ્યા. બકુલભાઈ અને દિલીપભાઈના નૃતેત્વમાં મસ્કત ફાર્મસીનો ખૂબ વિકાસ થયો. ૧૯૭૦માં માત્ર એક શાખા ધરાવતી 'મસ્કત ફાર્મસી'ના વિકાસ અને

વૃદ્ધિ સાથે આજે સમગ્ર ઓમાનમાં ૬૫ કરતાં પણ વધુ શાખાઓ 'મસ્કત ફાર્મસી'ની કાર્યરત છે.

પાંચ દાયકાઓ પહેલાં એટલે કે ૧૯૬૮માં સ્થપાયેલી મસ્કત ફાર્મસી આજે સમગ્ર ઓમાનમાં પથરાઇ ગઇ છે. જેમાં ૭૦૦થી પણ વધુ કર્મચારીઓ કામ કરે છે. કંપનીને આઇએસઓ-૯૦૦૧નું માર્કિંગ મળ્યું છે. ઉદ્યોગ સાહસિકતા અને દીર્ઘદૃષ્ટિવાળી નેતૃત્વશક્તિને કારણે કંપનીનો સતત વિકાસ થતો રહ્યો છે. વળી, મસ્કત ફાર્મસીના સ્થાપક આરબમિત્ર તેમજ વ્યવસ્થાપક કમિટીના નેતાઓને કારણે 'મસ્કત ફાર્મસી'નું કાર્યક્ષેત્ર વિકસ્યું છે તેમજ ગ્રાહકો, સામાન્ય લોકો, પ્રિન્સિપાલો, કૉલેજો, સરકાર અને વિદ્યાર્થીઓમાં તેમણે નામના મેળવી છે. આ કંપની આયાત-નિકાસ સાથે મેડિસિન અને ફાર્માસ્યૂટિકલ્સનો જથ્થાબંધ વેપાર, મેડિકલ અને હૉસ્પિટલનાં સાધનો અને ફર્નિચર, લૅબોરેટરીનાં સાધનો અને ગ્લાસવેર, વેટરનરી મેડિસિન અને સાધનો ડિસ્પોઝેબલ સિરિંજ, મેડિકલ અને સર્જિકલ સાધનો, હૉસ્પિટલની જરૂરિયાતનાં સાધનો, પરફ્યૂમ્સ, કૉસ્મેટિક્સ, બેબી ફૂડ અને બેબી કેરની ચીજવસ્તુઓ, જનરલ ચીજવસ્તુ અને ફૂડ સ્ટફનો ધંધો કરે છે. આ ઉપરાંત તેઓ મહત્ત્વના આરોગ્યવિષયક પ્રોજેક્ટો, હૉસ્પિટલ મૅનેજમેન્ટ સિસ્ટમ જેવી બાબતો પરત્વે પણ કામ કરે છે. તેમની પાસે એન્જિનિયર, ટેક્નિશિયનોની ફોજ છે જે ઓમાનમાં જરૂરિયાતને સમયે બધે જ પહોંચી જાય છે.

કંપનીના મોટા મોટા ચાર વેર હાઉસિસ છે. જેમાંનું એક વેરહાઉસ તો માત્ર ને માત્ર ફાર્માસ્યૂટિકલ દવાઓ માટે જ વપરાય છે. બધા જ વેરહાઉસિઝ સેન્ટ્રલી એરકન્ડિશન્ડ છે. આ ઉપરાંત કંપની પાસે શીત વાનો અને સામાન્ય વાનો છે. જેમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ દવાઓ ને અન્ય ચીજવસ્તુઓની હેરફેર થઇ શકે છે. કંપનીનું કામ સરળતાથી ને સહજતાથી થઇ શકે તે માટે કંપનીના પેટા એકમો પણ કામ કરે છે. સલાલામાં મસ્કત ફાર્મસી ઍન્ડ સ્ટોર્સ એલ.એલ.સી., દુબઇમાં મસ્કત ફાર્માસ્યૂટિકલ ટ્રેડિંગ એલ.એલ.સી., તો આ ઉપરાંત મસ્કત ફાર્મસીની સંલગ્ન અન્ય સંસ્થાઓ જેવી કે, 'અલાવી ક્લિનિક', 'ક્યુરમ ક્લિનિક', 'અલ અફાક મેડિકલ ઍન્ડ ઇમેજિંગ સેન્ટર', 'હિયરિંગ એઇડ એલ.એલ.સી.' અને 'ખાસબ ક્લિનિક,' જેના દ્વારા સામાન્ય પ્રજાજનને વિશિષ્ટ મેડિકલ સેવાઓ આપી શકાય છે. આ જ રીતે 'પેસ્ટ કન્ટ્રોલ ઓમાન એલ.એલ.સી.' હેઠળ ઊધઇ નિયંત્રણનું કામ જોવાય છે, આ ઉપરાંત 'જનરલ ફૂડ સપ્લાય્સ કંપની એલ.એલ.સી.' હેઠળ બ્રાન્ડેડ ચૉકલેટ અને અન્ય ખાદ્યચીજો વેચાય છે.

મસ્કત ફાર્મસીએ શરૂઆતમાં તો માત્ર દવાઓ વેચવાનું જ શરૂ કર્યું હતું. પરંતુ ત્યાર બાદ આરોગ્યને લગતી તમામ ચીજવસ્તુઓ વેચવાની તેમણે શરૂ કરી દીધી હતી, અને અત્યારે તો 'મસ્કત ફાર્મસી'નું નામ ઓમાનની આરોગ્ય સેવાઓમાં પ્રથમ નંબરે છે. બધી જ સરકારી સંસ્થાઓ, જાહેર સંસ્થાઓ અને ખાનગી ફર્મોમાં કંપની પોતાની આરોગ્યવિષયક ચીજવસ્તુઓ અને ખાદ્યવસ્તુઓ વેચે છે. કંપની વ્યક્તિગત વિકાસ અને કર્મચારીઓની કુશળતા ઉપર ખાસ ધ્યાન આપે છે.

બકુલભાઈની પોતાની જીવન પદ્ધતિ ખૂબ જ સાદી છે. મૂલ્યો અને નૈતિકતાને તેઓ હંમેશાં પ્રાધાન્ય આપે છે અને પોતાના જીવન દ્વારા પ્રેરણા મળે તેવું જીવન તેઓ જીવ્યા છે. પિતા શામળદાસ અને માતા કમલાબેન પાસેથી ધાર્મિક શિક્ષણ અને જીવન શિક્ષણ લીધું છે. ગમે તેવી પરિસ્થિતિમાં કોઇપણ પડકારોનો સામનો કરવાનું તેમને શીખવ્યું છે. ગુજરાતી સંસ્કૃતિ, પરંપરા, અસ્મિતા, ધર્મ, રીતિરિવાજ અને ભગવાનનો ડર રાખી ચાલતા શીખવ્યું છે. કરાંચીમાંથી ભાગલા પછી ભારત આવ્યા બાદ બંને ભાઇઓને ખૂબ જ મુશ્કેલી ભોગવવી પડી છે તેમજ પિતા શામળદાસભાઇએ કરાંચીથી આવ્યા બાદ 'સી.જે.શેઠ એન્ડ કું.'ના નામનો મેડિકલ સ્ટોર શરૂ કરેલો.


બકુલભાઇએ બી.કોમ. સુધી શિક્ષણ લઇ ફાર્મસીમાં પણ રજિસ્ટ્રેશન કરાવ્યું. ત્યાર બાદ તેઓ મસ્કત આવ્યા અને ફાર્મસીનો કારોબાર શરૂ કર્યો. ધીમે ધીમે બકુલભાઇએ દિલીપભાઇને બોલાવ્યા અને 'મસ્કત ફાર્મસી'ને વિકસાવી. બંને ભાઇઓના પ્રયત્નથી, સારા વ્યવહારથી, નામદાર સુલતાને ૨૦૦૬માં તેઓને મસ્કતનું નાગરિકત્વ આપ્યું.

બકુલભાઇ મસ્કતમાં રહેતા હોવા છતાં દર વર્ષે ગોંડલ આવી ધર્મને અનુકૂળ રહી દાન-પુણ્ય કરે છે. જૈન કુટુંબમાં જન્મ્યા હોવા છતાં તેમને સ્વામીનારાયણ અને હિન્દુ ધર્મ પ્રત્યે એટલી જ અનુકંપા અને પ્રેમ છે. હંમેશાં દાન-પુણ્યનો મહિમા સમજી સમયે સમયે દાક્તરી સહાય માટે, ભૂખ્યાને ભોજન માટે અને તપશ્ચર્યા માટે જરૂરી સહાય કરતા રહે છે. તો અબોલ પશુ માટે જીવદયા રાખી તેમને માટે પણ દાણા-પાણીની વ્યવસ્થા કરીને પાછા મસ્કત જાય છે.

બકુલભાઇ અને દિલીપભાઇ મસ્કત જૈન સમાજમાં અગ્રભૂમિકા ભજવે છે. મસ્કત જૈન સમાજના સ્થાપક અને પ્રમુખ શ્રી બકુલભાઇ 'હિન્દુ મહાજન ઍસોસિયેશન' સાથે પણ સંકળાયેલા છે. તો 'મસ્કત ગુજરાત સમાજ'ની બધી જ વિકાસાત્મક પ્રવૃત્તિમાં દિલીપભાઇ બૉર્ડ મેમ્બર તરીકે મદદ કરતા રહ્યા છે. આમ, આવા સહૃદયી, નમ્ર, સાહસી અને મિલનસાર સ્વભાવના બકુલભાઇ અને દિલીપભાઇ મસ્કત ગુજરાતી સમાજ માટે ખૂબ કામ કરતા રહ્યા છે.

મસ્કત – ઓમાનમાં હાર્ડવેરના ધંધામાં અગ્રેસર

# અજિતસિંહ રામૈયા



૧૯૪૭ના ભારત-પાકિસ્તાન ભાગલા પછી કંડલા બંદરનો વિકાસ કરવાનું વિચારાયું. ઝડપથી વિકસતા જતા કંડલા બંદરને કારણે નાનાં બંદરો જેવાં કે, માંડવી, જખૌ, તુણા, કોટેશ્વર, મુન્દ્રા વગેરેને અસર થઇ. પરિણામે દરિયાઇ રસ્તે વ્યાપાર કરતા નાના મોટા ગુજરાતી વેપારીઓ પર પણ તેની અસર પડી. આવી કંઇક અસર અજિતસિંહભાઇના કુટુંબને પણ થઇ. આથી કેટલાક અજિતસિંહભાઇના કુટુંબીઓ આફ્રિકા, મુંબઇ અને મસ્કતમાં રહેવા ચાલ્યા ગયા. વળી, અજિતભાઇનાં બહેન અને અન્ય કેટલાક કુટુંબોએ મસ્કતમાં આશરો લીધો હોવાથી અજિતભાઇએ પણ પોતાનું નસીબ અજમાવવા ભારતથી મસ્કત જવાનું વિચાર્યું.

સન્-૧૯૫૪ની સાલમાં 'દ્વારકા' નામની સ્ટીમરમાં મસ્કત ગયા અને ત્યાં બરકામાં ત્રણ વર્ષ કામ કર્યું. પાછા ભારત આવીને રહ્યા અને ૧૯૭૦માં ફરીથી ઓમાનને પોતાનું ધ્યેય બનાવી તેઓ નીકળ્યા અને ત્યાં સુવૈક, મતરાહ અને મસ્કતમાં જુદીજુદી જગ્યાએ નોકરી કરી. ૧૯૮૫ સુધી આમ નોકરી કર્યા બાદ તેમણે તેમના કુટુંબને ભારતથી મસ્કતમાં રહેવા બોલાવ્યું અને મસ્કતમાં સ્થાયી થયા.

તેમના ત્રણ પુત્રો દેવેન્દ્ર, હિતેશ અને દિલેશે મસ્કતમાં આવી હાર્ડવેરનો ધંધો શરૂ કર્યો અને વ્યવસાયમાં બરકત આવતાં તે ફૂલ્યો-ફાલ્યો. અજિતભાઇએ પુત્રોને મદદ કરવા માંડી. પરંતુ સાથે સાથે ધાર્મિક, સામાજિક અને અન્ય સમુદાયને ઉપયોગી પ્રવૃત્તિ કરવા માંડી. 'ઇન્ડિયન સોશિયલ ક્લબ' અને 'મસ્કત ગુજરાતી સમાજ'ની પ્રવૃત્તિમાં ભાગ લઇ તેમણે સમાજને મજબૂત બનાવવાનું શરૂ કર્યું. તેમની સાથે તેમના પુત્ર દિલેશ રામૈયાએ પણ સમાજની પ્રવૃત્તિ સંભાળી અને ઇશ્વરે આપણને જે કંઇ આપ્યું છે તેમાંથી આપણે પણ સમાજને કંઇ પાછું આપવું જોઇએ તેવું સમજી પોતાનો સમય, પોતાની આવડત અને કુશળતાથી સમાજના ઉત્થાન માટે કાર્ય કરવાનું શરૂ કર્યું. અત્યારે શ્રી દિલેશ રામૈયા સમાજની પ્રવૃત્તિઓમાં સક્રિય છે.

*With Best Compliments from :*

# MEHUL ENTERPRISES L.L.C.

P.O. Box : 901,
Postal Code : 117,
Wadi Kabir - Sultanate of Oman,
Tel.: 24810057 Fax : 24816412,
C.R. No.: 1/41699/5
E-mail : mehul@omantel.net.om,
URL : www.mehul-net.com



# ભારતીય દૂતાવાસ : મસ્કત

૫૦૦૦ વર્ષો પહેલાં ઓમાનથી અને ભારતથી વેપારીઓ વેપાર કરવા એકબીજાના દેશમાં પહોંચ્યા ત્યારથી મિત્રતાનો દોર શરૂ થયો. અને આજે પણ સ્નેહનો એ તંતુ આપણને સૌને સાંકળી રહ્યો છે. હિન્દ મહાસાગર અને અરેબિયન સમુદ્રના પાણીએ બંને દેશોની સંસ્કૃતિને અપનાવી છે અને પાણીમાં તરતાં જહાજોને સ્થિરતા આપી છે, મદદ કરી છે અને આમ બંને દેશોના વેપારી સંબંધો રાજદ્વારી સંબંધોમાં પલટાયા છે. બંને દેશોની સંસ્કૃતિએ સમાનતા દર્શાવી છે.

## ભારત-ઓમાન સંબંધો :

મૈસુરના રાજવી ટીપુ સુલતાને ઇ.સ. ૧૭૮૬માં ઓમાન, પર્શિયા, તુર્કી અને યુરોપમાં રાજદ્વારી ડેલિગેશન મોકલ્યું હતું. તેમના રાજદૂતો ગુલામઅલી ખાન અને નુરૂલ્લાહ ખાન પહેલાં મસ્કતમાં રોકાયા હતા. તેઓ તેમની સાથે ચંદનનું લાકડું, તેજાના, સોનું અને ચાંદીના સિક્કાઓ સાથે ચાર વહાણો લઇને ગયા હતા. આ વહાણોમાં જ્વેલરી અને ચાર હાથીઓ પણ હતા. જે ભેટ આપવા લઇને ગયા હતા. ભારત–ઓમાન વચ્ચેના સંબંધોને સમજવા ભારતીય રાષ્ટ્રીય મ્યૂઝિયમના ઓમાન ઉપરના સંબંધો અંગેના સંદર્ભો જોવા જોઇએ. ઇ.સ. ૧૮૭૭માં અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂમાં લખાયેલા તારીકે–એ–કેસરીમાં મસ્કત અને ઝાંઝીબાર અંગેની વિગતો ચિત્રો અને પેઇન્ટિંગ દ્વારા વ્યક્ત થઇ છે. સાથે તેમના શાસકોની વિગતો પણ દર્શાવાઇ છે. મસ્કતના તે વખતના શાસક સન્માનનીય સુલતાન સઇદ થુવાઇનીનો પણ સંદર્ભ મળે છે.

ટીપુ સુલતાનના રાજદૂતોની આ યાત્રાનો સંદર્ભ વકાઇ–ઇ–મનાઝીલ–ઇ–રુઝમાં મળે છે. આ રાજદૂતોને તે વખતે મસ્કતના ગવર્નર અને તેના બે પુત્રોએ મસ્કતમાં આવકાર્યા હતા. ત્યાર બાદ ઇમામ મસ્કતમાં આવ્યા હતા અને તેમણે રાજદૂતો સાથે મીટિંગ કરી હતી.

૭મી એપ્રિલે આ રાજદૂતોએ મસ્કતમાં આવેલ ભારતીય વેપારી માવજી શેઠને કાપડ અને શાલ વેચી હતી. ૧૨મી એપ્રિલે ગુલામઅલી અને નુરૂલ્લાહે ટીપુ સુલતાનને મિશનની કાર્યસિદ્ધિ વર્ણવતો સંદેશો વાયા મુંબઇ મોકલ્યો હતો. બંદરની જેટી પર કામ કરતા કામદારોના પગારમાંથી વેરો કાપવામાં આવતો હતો અને જે કામદાર વેરો ન આપે તે કામદારોના ઑફિસરોના પગારમાંથી વેરો કપાતો. આ ઑફિસરો કામદારોના વેતનમાંથી વેરો કાપવા તત્પર રહેતા, પરંતુ આ ઑફિસરો ને કામદારોનો વેરો ન કપાય તે માટે સુલતાન વિનંતી કરવા માગતા હતા અને એ આ વિનંતી રાજદૂતો દ્વારા કરવામાં આવી. સુલતાને વેરો ઓછો કર્યો અને પછી આ બંને રાજદૂતોએ મસ્કતથી પાછા વહાણમાં મુસાફરી કરી. બંનેએ મસ્કતની જાહોજલાલી, ખલિફાની મહેમાનગીરી અને ઇમામની રાજનીતિ વિશે પાછા વળતાં લખ્યું હતું જેનો સંદર્ભ વકાઇ (waqai) માં મળે છે.

સિંધ, કચ્છ અને ભારતના અન્ય ક્ષેત્રોમાંથી આવેલા લગભગ ૨૦૦૦ વાણિયા કુટુંબોએ ઓમાનને પોતાનું ઘર બનાવ્યું હતું. પરિણામે ૧૯મી સદીના અંત સુધીમાં માનનીય સુલતાન સઇદ ફૈઝલ બિન તુર્કીએ ચાર કુટુંબોને બનયન (Banyan) સોસાયટીના સ્થંભો તરીકે ઓળખાવ્યા હતા.

(૧) દૌલતગિરી મનરૂપગિરી, (૨) રતનશી પુરુષોત્તમ, (૩) વિરજી રતનશી અને (૪) દામોદર ધરમશી.

પ્રથમ વિશ્વયુદ્ધના દસકા પહેલાંના વર્ષોમાં બનિયા સમાજે મસ્કતના આંતરરાષ્ટ્રીય વેપારમાં મોટો ફાળો આપ્યો છે. તેમણે હિંદ મહાસાગરના દ્વીપકલ્પોમાંથી આગળ જઇ અમેરિકા, યુરોપ અને એશિયાના કેટલાક દેશોમાં આધુનિક વેપારી ટેકનિકથી વેપાર વધાર્યો હતો. તેમાં ક્રેડિટ લેટર, ટેલિગ્રાફનો ઉપયોગ, મશીનથી થતાં પૅકિંગ અને વહાણવટીય સમયનું પાલન કરી વેપારી વહાણોમાં માલ રવાના કરવો વગેરે મુખ્ય હતા. આ વેપારમાં મુખ્ય તો અમેરિકાની ડબ્લ્યૂ.જે.ટૉવેલ (W.J.Towell) નામની કંપનીને મસ્કતની ગોપાલજી વેલજી તથા રતનશી પુરુષોત્તમ કંપની દ્વારા મોકલાતો ખજૂરનો જથ્થો હતો.

ઇ.સ. ૧૮૩૯માં મસ્કતના રાજદૂત ભારતમાં ઉપસ્થિત હતા. ભારત સરકારના પ્રતિનિધિ ઓમાનના મસ્કતમાં વેપારને સહાય કરવા તત્પર હતા. ભારતમાં શાસન કરતા બ્રિટિશ સરકારના સચિવે મસ્કતના ઇમામને ભારતમાં પોતાના રાજદૂત નીમવા ઇ.સ. ૧૮૬૪માં મંજૂરી આપી હતી. ભારતમાંના મસ્કતના પ્રથમ રાજદૂત હતા મોહમ્મદ બેકરખાન. (ઇ.સ.૧૮૬૪)

આજ રીતે ઓમાનના સુલતાને ભારતના હૈદરાબાદના નિઝામને ઇ.સ. ૧૮૫૧માં આરબો સાથે સારા વ્યવહાર માટે એક કૅરેજ (carraige) ની ભેટ આપી હતી.

ત્યાર બાદ રાજદ્વારી સંબંધો વિકસાવવાના ભાગરૂપે ભારતીય મેડિકલ સેવાના એ.એસ.જી. જયકરે ઇ.સ. ૧૮૭૩થી ૧૯૦૦ સુધી ઓમાનની પૉલિટિકલ એજન્સીમાં કામ કર્યું. આ દરમિયાન તેમણે ઓમાનના ઇતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું પાયાનું કામ કર્યું અને 'ઓમાનની કહેવતો' પ્રકાશિત કરી. ઇ.સ. ૧૯૩૭માં સન્માનનીય સુલતાન સૈયદ સઇદ બિન તૈમુરે ભારતની સત્તાવાર મુલાકાત લીધી. તેમની મુલાકાત દરમિયાન નવી દિલ્હીમાં વાઇસરોયે તેમનું સ્વાગત કર્યું તેમજ આ મુલાકાતના ફળસ્વરૂપ ભારતમાંથી રાજપ્રતિનિધિ ઓમાન ગયા. ૧૯૩૦માં ભારતથી શ્રી પ્રધાનસિંગ મસ્કત પહોંચ્યા અને ૧૯૬૦ સુધી મસ્કતમાં જાહેર કામો ઉપર નિરીક્ષણ કરતા રહ્યા. તેમના કામની કદરરૂપે તે સમયના સુલતાન સૈયદ સઇદ બિન તૈમુરે તેમને લાગણીસભર પત્ર લખ્યો હતો.

મસ્કત અને મતરાહમાં વસતી વેપારી ભારતીય પ્રજાએ પૂર્ણ ઉત્સાહથી ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ સ્વાતંત્ર્યનો જશ્ન મનાવ્યો. તે વખતે પ્રાર્થનાસભાઓ યોજાઇ. મહિલાઓની રેલી નીકળી. સાંજે ફટાકડા ફોડાયા અને 'ખીમજી રામદાસ' પેઢીના જમનાદાસ ખીમજીએ કૉન્સ્યુલેટ કલબમાં પાર્ટી યોજી.

ઈ.સ. ૧૯૫૩માં સુલતાન સઈદ અને ભારત સરકાર વચ્ચે 'ઇન્ડો-ઓમાન ટ્રીટી ઑફ ફ્રેન્ડશિપ, નેવિગેશન અને કૉમર્સ' ઉપર સહી કરવામાં આવી અને આમ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધો ગાઢ થતા ગયા. આ સમજૂતી કરાર ઉપર ડો. તારાચંદે સહી કરી હતી. ડો. તારાચંદ તે વખતે ઇરાનના રાજદૂત હતા.

પરિણામે ઈ.સ. ૧૯૫૫ના ફેબ્રુઆરીમાં મસ્કતમાં ભારતીય દૂતાવાસની કચેરીનું ઉદ્‌ઘાટન થયું અને ભારતીય દૂતાવાસના પ્રથમ રાજદૂત તરીકે શ્રી જી.એલ.પુરીની નિમણૂક થઇ. તે વખતે દૂતાવાસની કચેરી બૈત ઝવાવીમાં હતી.

ઈ.સ. ૧૯૭૧માં ભારતીય આર્મી મેડિકલ ઑફિસર તરીકે કામ કરતા ડૉ. મોહમ્મદ રફાઇની સુલતાન કાબુસ બિન સઇદના ડૉક્ટર તરીકે રાજદ્વારીપત્રથી નિમણૂક કરવામાં આવી.

નાના મકાનમાં શરૂ થયેલી દૂતાવાસની કચેરીનું નવું મકાન મસ્કતમાં ઈ.સ. ૧૯૭૩માં શરૂ થયું અને સલ્તનત ખાતેના પ્રથમ સત્તાવાર ભારતીય રાજદૂત તરીકે શ્રી નિર્મલજીત સિંગની નિમણૂક મસ્કત ખાતે કરવામાં આવી.

ભારતમાં ઓમાની દૂતાવાસની કચેરીનું ઉદ્‌ઘાટન નવી દિલ્હીમાં ૧૯૭૩માં કરવામાં આવ્યું અને તે વખતે ઓમાનના પ્રથમ રાજદૂત તરીકે માનનીય સૈયદ બિન ફૈઝલ અલ સઇદને નીમવામાં આવ્યા હતા. તેમના પછી ઓમાની રાજદૂત તરીકે શ્રી મલાલાહ બિન અલી હબીબ અલ-લવાટી નીમાયા હતા. ત્યાર બાદ ઓમાનમાં ઑર્ડર ઑફ ઓમાનનો ખિતાબ ધરમશી નાનશીને આપવામાં આવ્યો. ઈ.સ. ૧૯૭૫માં મસ્કતમાં સ્થપાયેલી ભારતીય શાળા માટે ભારતનો સીબીએસઇનો અભ્યાસક્રમ મસ્કતમાં લાવવામાં આવ્યો. આજે તો સલ્તનત ઑફ ઓમાનમાં લગભગ ૩૩,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે ૨૩ ભારતીય શાળાઓ છે.

ઓમાનના સામાજિક અને રાષ્ટ્રીય વિકાસના કાર્યોમાં નોંધપાત્ર સેવાઓ આપવા બદલ સન્માનનીય સુલતાન કાબુસ બિન સઇદે 'ખીમજી રામદાસ' પેઢીના શેઠશ્રી કનકશી ખીમજીને માનદ્ શેખનું બિરુદ ઈ.સ. ૧૯૯૦માં અર્પણ કર્યું હતું.

ઈ.સ. ૧૯૯૮માં માનનીય સુલતાન કાબુસ બિન સઇદે 'અલ નુમન ઑર્ડર' ખિતાબ પાછા સ્વદેશ જઇ રહેલા ભારતીય રાજદૂત ઇન્દ્રજિત રાઠોડને એનાયત કર્યો. ભારતીય રાજદૂત શ્રી રાઠોડે ભારત-ઓમાન દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધો અને વેપારી સંબંધો સુદઢ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધી ૧૯૭૬માં અમેરિકા જતાં પહેલાં સીબ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર થોડીવાર રોકાયાં હતાં. તો પ્રધાનમંત્રી રાજીવ ગાંધી ૧૯૮૫ની ૧૫મી નવેમ્બરે, ઓમાનના ૧૫મા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં ભાગ લેવા મસ્કત પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરસિમ્હારાવે જૂન, ૧૯૯૩માં ઓમાનની સત્તાવાર મુલાકાત લીધી હતી. ભારતના રાષ્ટ્ર પ્રમુખ ડૉ. શંકરદયાળ શર્માએ ઑક્ટોબર, ૧૯૯૬માં ઓમાનની મુલાકાત લીધી હતી અને તેમને સુલતાન કાબુસ બિન સઇદે લાલ જાજમ બિછાવી સન્માન આપ્યું હતું. પ્રધાનમંત્રી અટલબિહારી બાજપાઇ ઑગસ્ટ, ૧૯૯૮માં ઓમાનની મુલાકાતે આવ્યા હતા.

સન્માનનીય સુલતાન કાબુસ બિન સઇદે ૧૯૯૭માં ભારતની સત્તાવાર મુલાકાત લીધી હતી અને ભારત-ઓમાન રાજદ્વારી સંબંધો વધુ મીઠા ને સ્નેહપૂર્ણ બનાવી નવી ઊંચાઇએ લઇ ગયા હતા.

ઓમાન અને ભારતે સંયુક્ત રીતે ઓમાનના સુર અને તેની ઔદ્યોગિક વસાહતમાં ૨૦૦૫ની સાલમાં ખાતર ઉત્પાદનનો પ્લાન્ટ બાંધવા, વિકસાવવા અને ચલાવવાનો કરાર કર્યો હતો. જે હાલમાં ખૂબ સારી રીતે ચાલે છે. ૨૦૦૫ની સાલ ભારત અને ઓમાન માટે ખૂબ મહત્ત્વની બની રહી હતી. ઓમાન-ભારત વચ્ચેના ૫૦ વર્ષીય રાજદ્વારી સંબંધોને વધુ સુદઢ બનાવવા એક ઉજવણી કરવામાં આવી હતી. તે જ વખતે ઓમાને સન્માનીય સુલતાન કાબુસના રાજ્યારોહણના ૩૫ વર્ષની ઉજવણી પણ રાખી હતી અને નવા આધુનિક ઓમાનની શરૂઆત, નવા યુગનો પ્રારંભ લોકોએ ઉજવ્યો હતો.

ઓમાન સરકારે ઓમાન અને માંડવી (ગુજરાતનું બંદર) વચ્ચેના સંબંધોને નામ આપવા, ગુજરાત અને મસ્કત વચ્ચેના વેપારી તંતુને યાદ કરાવવા 'મગાન' નામની રીડ બ્લેક બોટનું પ્રતીક મૂકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રતીક બોટને નિહાળી ભારત-ઓમાન વચ્ચેના ૫૦૦૦ વર્ષ જૂના વેપારી સંબંધો પણ તાજા થાય તે રીતે

આયોજન વિચારાયું છે.

ઓમાન સરકારે ૨૦૦૬માં 'ભારત ઔદ્યોગિક કૉન્ફરન્સ'નું આયોજન કર્યું હતું. જેમાં માનવવિકાસ, અર્થતંત્રનું વૈવિધ્યીકરણ અને વૈશ્વિકરણના મુદ્દા ચર્ચવામાં આવ્યા હતા તેમજ નવી વૈશ્વિક માંગો રાખવામાં આવી હતી.

ભારત અને ઓમાને ઘણા ક્ષેત્રોમાં સંયુક્ત સહયોગ અને ભાગીદારીથી પ્રોજેક્ટો શરૂ કર્યા છે. જે ક્ષેત્રોમાં સંયુક્ત કામ કરે છે તે ક્ષેત્રો છે વેપાર–ધંધા, ઉદ્યોગ, નાણાં–વ્યવસ્થા, આઇ.ટી., ઇન્ફ્રાસ્ટ્રકચર વગેરે. જે ક્ષેત્રોમાં સંબંધો વધુ દૃઢ બનાવવાના છે તે ક્ષેત્રો છે ભારતમાં અને ઓમાનમાં નવાં રોકાણો, માનવવિકાસમાં ભાગીદારી, ઉચ્ચ શિક્ષણ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસના ક્ષેત્રોમાં ભાગીદારી, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો, બેન્કિંગ, નાણાં–વ્યવસ્થા, વીમા, સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે નવા પ્રોજેક્ટોમાં ભાગીદારીનો વિકલ્પ વિચારાઇ રહ્યો છે. આ ઉપરાંત રાસ–અલ–હાદમાં મળી આવેલા પુરાતત્વીય અવશેષોનો અભ્યાસ અને તેમાં વધુ ઉત્ખનન, રમત–ગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પ્રવાસનમાં વિકાસ શક્ય છે. આ બધું જ દ્વિપક્ષીય રાજદ્વારી સંબંધો દૃઢ થતાં શક્ય બની શકે તેમ છે. ઈ.સ. ૨૦૦૮માં ભારત અને ઓમાન વચ્ચે એક સમજૂતી કરાર ઉપર સહી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે ભારત–ઓમાન વચ્ચેના માળખાકીય પ્રોજેક્ટને મંજૂરી તેમજ વિશિષ્ટ કાર્યો માટેના ટ્રાન્સપોર્ટને મંજૂરી આપતો કરાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બંને દેશોના માનવવિકાસનો સૂચકાંક ઉપર જાય, વધુ રોજગારી ઉત્પન્ન થાય અને વેતનદર વધે તે માટે પણ એક કરાર કરવામાં આવ્યો હતો. જે ઓમાનની મિનિસ્ટ્રી ઑફ મેનપાવર અને ભારતની મિનિસ્ટ્રી ઑફ ઑવરસીઝ ઇન્ડિયન અફેર્સ વચ્ચે થયો હતો.

ભારત અને ઓમાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર એક બિલિયન ડોલરના આંકને વટાવી જાય તેવી શકયતા છે. આમ ઓમાન ભારત વચ્ચેના સંબંધોને નવી ઊંચાઇ આપવાના પ્રયત્નો હાલમાં થઇ રહ્યા છે.

આ બધા પ્રયત્નોમાં ગુજરાતી વેપારી કુટુંબોએ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વળી, જે રીતે ઓમાનની ઇસ્લામિક સંસ્કૃતિમાં પોતાની ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી વેપારી સહાય તરીકે ભારતીય અને ખાસ કરીને ગુજરાતી કુટુંબો ભળી ગયા છે તે કાબિલે તારીફ છે. જે ગુજરાતી બનિયા કુટુંબો વર્ષો પહેલાં ઓમાનમાં વસ્યા છે તેમણે પોતાની સંસ્કૃતિ, રીતરિવાજ, પહેરવેશ, ખોરાક, ઉત્સવો, પ્રણાલિકાઓ ને ધાર્મિક પરંપરા જીવંત રાખી છે. તે લોકોએ પોતાનો આગવો સમાજ સ્થાપી સૌને એક કર્યા છે, એક તંતુએ બાંધ્યા છે અને સમાજની વિવિધ પ્રવૃત્તિ દ્વારા એક કરી રહ્યા છે.




# મસ્કત ગુજરાતી સમાજ

મસ્કતમાં વસેલા ગુજરાતીઓએ ગુજરાત સાથેનો સંસ્કૃતિ સંબંધ જાળવી રાખ્યો છે. આથી જ ઓમાનના ઇતિહાસ અને મસ્કત ગુજરાતી સમાજના ઇતિહાસના ગુજરાત સાથે સંબંધના તાણાવાણા ગૂંથાયેલા છે. મસ્કતમાં વસતા ગુજરાતીઓ અને અન્ય ભારતીયોએ શરૂ કરેલી ઇન્ડિયન સોશિયલ ક્લબમાંથી જુદી થયેલી શાખા એટલે મસ્કત ગુજરાતી સમાજ.

ભારતને ૧૯૪૭માં સ્વતંત્રતા મળી ત્યારે ઇન્ડિયન સોશિયલ ક્લબ દ્વારા સ્વતંત્રતાની ઉજવણી કરવામાં આવેલી. પરંતુ માદરે વતન ગુજરાત સાથે સ્નેહના તાંતણે બંધાયેલ ગુજરાતીઓએ ગુજરાત સાથે ઘનિષ્ઠ નાતો જાળવી રાખીને એક આગવું અને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને આ કેવળ મસ્કત નહીં, પરંતુ સમગ્ર આરબ દેશોમાં એક મૂઠી ઊંચેરા માનવી તરીકે પોતાનું આગવું પ્રેમાળ, મેધાવી વ્યક્તિત્વ ધરાવતા રાહબર અને પ્રેરણાસ્રોત એવા શેખશ્રી કનકશીભાઇ ખીમજીના




આશીર્વાદથી 'મસ્કત સાંસ્કૃતિક સમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમાજના સ્થાપકો હતા શ્રી ચંદ્રકાન્ત ચોથાણી, જિતેન્દ્ર શુકલ અને બચુભાઈ ધોળકિયા. આ ત્રણેય 'મસ્કત સાંસ્કૃતિક સમાજ'ના આદ્યસ્થાપકો બન્યા.

સંસ્થાએ ધીમે ધીમે સાંસ્કૃતિક અસ્મિતા જાળવવાનું, સામાજિક ઉદ્ધારનું, ઉત્સવોની ઉજવણી, સાહિત્યની સરવાણી જેવા કાર્યક્રમોનું કાર્ય કરવા માંડ્યું. સંસ્થાએ તેની પ્રવૃત્તિઓ અનેકવિધ ક્ષેત્ર સાથે સાંકળી વધારી દીધી. આમાં ઘણા ગુજરાતીઓ જોડાયા અને પ્રવૃત્તિઓના ફેલાવા સાથે સમગ્ર મસ્કતના વિવિધ સ્થળોએ રહેતા ગુજરાતી પરિવારો સંસ્થામાં જોડાઈ સેવા આપવા માંડ્યા. આથી ધીમે ધીમે તેનું નામ 'મસ્કત ગુજરાતી સમાજ' રાખવામાં આવ્યું. 'મસ્કત ગુજરાતી સમાજ'ની સ્થાપના ૧૯૭૬માં કરવામાં આવી હતી. અત્યારે ઇન્ડિયન સોશિયલ ક્લબ, મસ્કતના નેજા હેઠળ 'મસ્કત ગુજરાતી સમાજ' કાર્યરત છે.

**ઉદ્દેશ :-** સમાજનો ઉદ્દેશ ગુજરાતનો સમૃદ્ધ ઇતિહાસ, સંસ્કૃતિ, ભવ્ય પ્રાચીન વારસો જાળવી ભાષા, રીતરિવાજ જાળવી રાખી તેનું સંવર્ધન કરવાનો છે. ગુજરાતી ભાષાની સુંદરતા, સાહિત્યનો પરિચય અને સાંસ્કૃતિક વારસાનો પરિચય નવી પેઢીને કરાવવાનો છે. 'મસ્કત ગુજરાતી સમાજ' સામાજિક સંસ્થા છે. જ્યાં દર બે વર્ષે ચૂંટણીઓ યોજાય છે. આ સંસ્થા દ્વારા ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરવા, ઉગતા સાહિત્યકારને મંચ પૂરો પાડવો, વિવિધ રમત–ગમતો અને સ્પર્ધાઓ દ્વારા સમાજના યુવાનોની આંતરિક શક્તિઓ વિકસાવવી, આરોગ્ય તથા શૈક્ષણિક તેમજ સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ કરવી, ગુજરાતમાં આપત્તિ વખતે ઊભા રહેવું અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બનવું વગેરે જેવા અનેકવિધ કામો ગુજરાતી સમાજ કરે છે.

છેલ્લા ૩૫ વર્ષોમાં 'મસ્કત ગુજરાત સમાજે' સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપરાંત રંગોળી,






વાનગી કે કેશગૂંફન જેવી હરિફાઇઓ, જુદી જુદી સાહિત્યિક ને સામાજિક વિષયોવાળી નિબંધ સ્પર્ધાઓ, ટેલેન્ટ હરીફાઇ અને કવીઝ, અંતાક્ષરી જેવી પ્રોત્સાહક પ્રવૃત્તિઓ, ડેન્ટલ ચેકઅપ, આરોગ્ય ચેકઅપ, રક્તદાન કેમ્પ જેવાં આરોગ્યલક્ષી કામો, પુસ્તકાલય અને શૈક્ષણિક પ્રવાસ, આનંદમેળો, વિવિધ વક્તાઓના વાર્તાલાપો વિવિધ પ્રકારની શિબિરો, યોગકેમ્પ, વિવિધ પ્રતિભાઓનું સન્માન તેમજ વાવાઝોડા, ભૂકંપ, દુષ્કાળ કે સુનામી જેવી કુદરતી આપત્તિઓ સમયે સહાય જેવા માનવીય કાર્યો દ્વારા 'મસ્કત ગુજરાતી સમાજ'ને ગૌરવ પ્રદાન કર્યું છે.

આ સંસ્થાને બીજમાંથી નવપલ્લવિત વૃક્ષ બનાવનાર ઘણા સેવાભાવી કુટુંબો અને સભ્યોએ સમાજની સ્થાપનાથી અત્યાર સુધી દાન આપ્યું છે. આવા કર્મવીરોની એક લાંબી યાદી છે. જેમના સમય, સલાહ, માર્ગદર્શન, સહકાર અને નાણાકીય સહાયને કારણે અત્યારનું ગૌરવ 'મસ્કત ગુજરાતી સમાજ' પામી શક્યું છે.

સમાજની શરૂઆત થઇ ત્યારે શેખશ્રી કનકશીભાઇ ખીમજીએ બોર્ડના સભ્યોની નિમણૂક કરી અને સભ્યોની નોંધણીની શરૂઆત કરી તે વખતે તેમણે જયસિંહભાઇને સમાજના પ્રમુખ તરીકે અને શ્રી ચંદ્રકાન્તભાઇ ચોથાણીને જનરલ સેક્રેટરી તરીકે નિમણૂક આપી હતી. શ્રી બચુભાઇ ધોળકિયા અને શ્રી અરવિંદ ભટ્ટને સલાહકાર તરીકે નીમ્યા હતા ત્યારથી આજ સુધી સમાજે અને તેમના હોદ્દેદારોએ નિઃસ્વાર્થ સેવા આપી સમાજને ઉન્નતિ તરફ લઇ જવાનું કાર્ય કર્યું છે.

અત્યારે પણ 'મસ્કત ગુજરાતી સમાજ' દ્વારા એમ્બ્રોઇડરી, ભરતકામ, રસોઇ, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાના વર્ગો ચાલે છે. તો કવિ સંમેલન, હાસ્ય દરબાર, લોકનૃત્યોની રમઝટ, રાસ–ગરબા, કાવ્યપઠન, સમૂહગીતો દ્વારા પ્રવૃત્તિઓ ધમધમતી રહે છે. વિશ્વમાં મસ્કત ગુજરાતી સમાજનું નામ જાણીતું છે. વિશ્વ ગુજરાતી સમાજના સભ્ય તરીકે તે વૈશ્વિક સંગઠન સાથે જોડાયેલું છે. મસ્કત ગુજરાતી સમાજનો લોગો છે સંપ, સહકાર અને સમર્પણ.

માદરે વતન ગુજરાતથી સેંકડો માઇલ દૂર બેસીને પણ ગુજરાતની અસ્મિતાની આન–માન અને શાન જાળવવાના પ્રયાસો મસ્કત ગુજરાતી સમાજ સાથે સંકળાયેલ દરેક સભ્યો કરે છે.

તો સાથે સાથે કર્મભૂમિ ઓમાનના વિકાસમાં પણ માનવી તરીકે, દેશના નાગરિક તરીકે દેશદાઝથી પ્રેરાઇ કર્તવ્ય બજાવવાનું સદ્ભાગ્ય ગુજરાતીઓને મળ્યું છે. દરેક સભ્ય આપવડાઇ કરતાં સમાજવડાઇ કરે છે અને સમાજની પ્રવૃત્તિમાં સમય, સહકાર, સદ્ભાવ અર્પણ કરી સંપથી કામ કરે છે.

*With Best Compliments from*

# SHAH NAGARDAS MANJI

P.O. Box. 2908, Ruwi, Postal Code 112,
Sultanate of Oman,
Phone : Ruwi (968) 24702772, 24703817
Cable : Welcome, Fax : (968) 24797227,
GSM : (968) 99346381
E-mail : snmanji@omantel.net.om



# ઓમાનની ગઈકાલ, આજ અને આવતીકાલ

**ઓમાન : પાર્શ્વભૂમિકા :**

લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાંથી જ ભારતના અન્ય દેશો સાથે દરિયાઈ માર્ગો દ્વારા સંબંધો બન્યા હતા. ગુજરાતના અને ખાસ કરીને કચ્છ તેમજ હાલાર પ્રદેશમાંથી તે વખતે દરિયાઈ માર્ગે વેપાર ચાલતો હતો. ગુજરાતની ચીજવસ્તુઓ ઓમાન, આફ્રિકા અને સુમેરિયામાં વેચી ત્યાંની ચીજવસ્તુઓ કચ્છમાં વેચાતી હતી. ઓમાન સાથે દરિયાઈ માર્ગે વેપારની કડી સ્થાપનાર કચ્છી–વાણિયાઓ હતા અને લગભગ ૧૭મી સદીથી વેપાર વણજ અને સમૃદ્ધિ વધી હતી. કચ્છના મુન્દ્રા, માંડવી અને જખૌ બંદરેથી વહાણોમાં તેજાના, મીઠું, મરી–મસાલા, નાળિયેર અને પ્રાદેશિક કચ્છી ભરતકામની ચીજવસ્તુઓ ભરી સોમાની એજન્ટોને વેચતા હતા. મસ્કત બંદરે આ એજન્ટો ભારતની ચીજવસ્તુઓ ખરીદી ગામડાઓમાં વેચતા હતા, જ્યારે ભારતીય વેપારીઓ બદલામાં મસ્કતથી લીલી ને સૂકી ખજૂર, હાથીદાંત,

હિપોપોટેમસના શિંગડાં અને અન્ય સ્થાનિક કલાકારીગરીની ચીજવસ્તુઓ લાવી વેચતા હતા. લગભગ ૧૭મી સદીમાં ગયેલા કચ્છના વાણિયા વેપારીઓએ મસ્કતમાં પ્રમાણિકતા, કુનેહ, પારદર્શિતા, સાહસિકતા અને દુરંદેશિતાથી ત્યાંના સ્થાનિકો, પ્રજા અને સરકારમાં સારું સ્થાન જમાવ્યું હતું. તે સમયે ઓમાનમાં પણ સુવિધાઓ નહોતી, ઓમાનનો વિકાસ થયો નહોતો. ૧૯૭૦ પહેલાંના ઓમાનની પરિસ્થિતિ વિશે મસ્કતમાં રહેતા ગુજરાતીઓ કહે છે કે, તે વખતે યાતાયાતનું કોઈ સાધન નહોતું. ઊંટ અને ગધેડા ઉપર જ સામાનની હેરફેર થતી. વેપાર વણજનું મુખ્ય સ્થાનક મસ્કત હતું, પરંતુ મતરાહમાં બંદર હોવાને કારણે વેપારના વાયદા ત્યાં થતા. મસ્કત અને મતરાહમાં ઊતરેલા માલને ઓમાનના ગામડાંઓ સુધી પહોંચાડવા ઊંટ અને ગધેડા ઉપર માલ વહન કરવામાં આવતો. મતરાહ પોલીસ સ્ટેશનની સામેના દરવાજા પાસે 'તાલબ' નામનું મકાન હતું ત્યાં જ દરરોજ ઊંટો અને ગધેડાનાં ધણ ઊભા રહેતાં. ત્યાંથી જ સામાનની હેરફેર થતી.

તે સમયે પીવાનું પાણી પણ ઓમાનમાં સહેલાઈથી મળતું નહોતું. મીઠા પાણીના કૂવામાંથી દોરડાં વડે બંધાયેલી મશકમાં પાણી ભરી તેને મોટાં મોટાં તાંબાના વાસણમાં ઠાલવવામાં આવતું અને પછી તેને ગધેડા ઉપર લાદી જ્યાં જરૂર હોય ત્યાં મોકલવામાં આવતું. આ માટે ખાસ કૂલી કામ કરતા. નાહવા માટે, કપડાં ધોવા માટે અને વાસણો સાફ કરવા ત્યાં ખારા પાણીના કૂવા હતા. ત્યાંથી પાણી કાઢી વાપરવામાં આવતું. ક્યારેક મીઠું પાણી ભરવા માથા ઉપર બેડાં મૂકી ઘરની સ્ત્રીઓ પણ કૂવે જતી. પરંતુ પહેલાંના જમાનામાં પીવાના પાણીની ખૂબ મુશ્કેલી હતી.

૧૮મી, ૧૯મી તેમજ ૨૦મી સદી સુધી મસ્કતની રિયામ પહાડી ઉપર એક જ પાવર હાઉસ હતું. જેના દ્વારા મસ્કતમાં બહુ જ ઓછા સમય માટે વીજળી પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. બાકીના સમયમાં કેરોસીનથી ચાલતા ફાનસનો ઉપયોગ કરવામાં આવતો હતો. રસોઈ બનાવવા પણ કેરોસીનનો જ ઉપયોગ કરવામાં આવતો હતો. કેરોસીનની આયાત કરવામાં આવતી હતી. આથી કેરોસીનની પણ તંગી રહેતી.

જૂના ઓમાનમાં તે સમયે ધાતુના અને ખાસ કરીને તાંબાના સિક્કાનું ચલણ હતું. પરંતુ ચાંદીનો રિયાલ અથવા તો કુર્શ, ફ્રાન્સની મીન્ટમાં છપાઈને સિક્કારૂપે બહાર પડતો હતો. જેનું વજન ૧૩ ગ્રામ રહેતું. તે જમાનામાં ભારતના બે રૂપિયા, પાંચ, દસ કે સો રૂપિયાની નોટો મસ્કતના બજારમાં સ્વીકારાતી હતી. તો બ્રિટનના રાજા જ્યોર્જ પાંચમા ને છઠ્ઠાની તસવીરવાળા ચાંદીના સિક્કા પણ વપરાતા હતા. એક ઓમાની રિયાલના તે વખતે ભારતીય ૬૪ તાંબાના સિક્કા મળતા હતા. ભારત સરકાર અને ઓમાની સરકારની ચલણી નોટોમાં કેસરી રંગની છાટ હતી. આનાથી ચલણી નોટોની દાણચોરી રોકી શકાશે તેવી માન્યતા હતી. આ ચલણી નોટો ૧૯૭૦ સુધી ચાલતી હતી.

તે વખતે ઓમાનમાં સૌથી નાના વજનિયાને 'ક્યાસ' કહેવામાં આવતું હતું. ૨૪ ક્યાસ ભેગાં થાય ત્યારે 'મૌંડ' કહેવાતું, જે ભારતમાં પણ પ્રચલિત હતું. ઓમાનનો એક 'મૌંડ' ભારતમાં ચાર કિલોગ્રામ જેટલા વજનનો ગણાતો.

ઓમાનમાં તે વખતે રસ્તાઓ ખૂબ કાચા હતા. ક્યાંય ટાર રોડ કે પાકા રસ્તાઓ નહોતા. તે વખતે મસ્કત અને મતરાહ વચ્ચે એક પાણીની નહેર જેવું હતું. જેમાં નાની હોડીઓ ચાલતી. તેમાં બેસીને યાત્રીઓ આવન-જાવન કરતા. તો કાચા રસ્તા પર મસ્કત અને શીનાઝ વચ્ચે પીક-અપ વાન રહેતી. જેમાં બેસીને યાત્રીઓ આવન-જાવન કરતા. બીજા વિશ્વયુદ્ધ પછી મોટી ને ભારે ટ્રક ઓમાનમાં આયાત કરવામાં આવી હતી. જેના દ્વારા માલની હેરફેર થતી રહેતી. તો નાની બોટો, મોટી નાવડીઓ અને વહાણો પણ માલ-સામાન અને નાગરિકોની હેરફેર કરતા.

તે વખતે 'બૈત અલ ફલજ' નામની બહુ જ નાની હવાઈપટ્ટી રૂવીમાં હતી, જ્યાં નાના ફોકર વિમાનોની આવ-જા થતી રહેતી. આવા વિમાનો ક્યારેક મિત્રાચારીના પગલે આકસ્મિક સંજોગોમાં અઠવાડિયામાં બે વખત આવતા ને જતા.

તે જમાનામાં મતરાહ, મસ્કત અને અન્ય પ્રદેશોમાં જુદાજુદા સમુદાયો (તાયફા)ના વડાને 'શેખ' કહેવામાં આવતા. પાંચ કે છ ગામડાના જૂથ વચ્ચે એક કિલ્લો રહેતો. કિલ્લાના વડાને 'વાલી' કહેવામાં આવતા હતા અને તેના હાથ નીચે કામ કરતા ન્યાયાધીશને 'કાઝી' કહેવામાં આવતા હતા. ત્યાર બાદ તેમના હાથ નીચે ક્લાર્ક 'કાતિબ' કામ કરતા અને તેમના હાથ નીચે 'આકિદ' કામ કરતા. ૨૫ જેટલા જવાનો (અશ્કારિઝ)ના વડા તરીકે કામ કરતા 'વાલી'ના નેતૃત્વ હેઠળ કાઝી 'શરીયત'ના નિયમો ને કાયદાઓ મુજબ ફેંસલો સંભળાવતા. તેમનો ફેંસલો (નિર્ણય) આખરી ગણાતો. આમ છતાં કોઈને અપીલ કરવી હોય તો નામદાર સુલતાનને અપીલ કરી શકતા. આ તે વખતનું ઓમાનનું ન્યાયતંત્ર હતું. ભાટિયા પરિવારના સભ્ય અને કિરણભાઈ આશરના પરદાદા વલ્લભદાસ લીલાધર આશરને હાલના સુલતાન કાબુસના દાદા સઈદ તૈમુર બીન ફઈઝલના સમયમાં 'કાજી'નો ઈલ્કાબ અપાયો હતો.

રાજ્ય અને દેશમાં થતી ખૂફિયા કામગીરી પર નજર રાખવા તે વખતે સલ્તનત તરફી કેટલીક વ્યક્તિઓની નિમણૂક થતી. તેઓ પોતાની આસપાસ ૨૦ થી ૨૫ ગામોની મહત્ત્વની માહિતી, પ્રવૃત્તિઓ અંગે તેમના વડાને જાણ કરતા.

તે વખતે કોઇ આધુનિક ઉપકરણો નહોતા કે ગુનેગારને શોધવા કોઇ કૂતરાં(ડોગ સ્કવોડ)ની મદદ મળતી નહોતી. પણ છતાં કેટલાક કુશળ કુટુંબોમાંથી પસંદ કરીને હોશિયાર વ્યક્તિઓની નિમણૂક થતી. જેથી તેઓ ગુનેગારને શોધવામાં મદદરૂપ બની રહે. આ કુશળ 'પગી'ઓ ગુનેગારના પગના નિશાન ઉપરથી તેમને શોધી આપતા.

મસ્કતના પોલીસ સ્ટેશનમાં પહેલાં ૨૫ થી ૩૦ પોલીસ ઑફિસરો બેસતા. પોલીસવડાને તેઓ 'લશ્કરન' કહેતા. કિલ્લાની અંદર 'આશાકરણ' (ashakarans) બેસતા. તેમનો પોશાક સામાન્ય નાગરિકો જેવો રહેતો. પોલીસવડાને બીજા દેશમાંથી આવતા નાગરિકોના પાસપોર્ટ ઉપર સિક્કો લગાડવાની સત્તા રહેતી. જેમાં પ્રવેશ કરવા દેવાની તારીખ અને વિઝાના સમયગાળાની વિગત રહેતી હતી. આથી કઇ સ્ટીમર કે વહાણમાં આવ્યા અને ક્યારે જવાના છે તેની વિગતો સાથેનો પરવાનાવાળો સિક્કો લાગતો. આ સગવડ માત્ર મસ્કત અને મતરાહમાં જ હતી. કસ્ટમ ઑફિસ મસ્કતમાં હતી અને તેના વડાને 'મામૂર' કહેવામાં આવતો હતો.

તે જમાનામાં મસ્કતમાં કાયદાનો ભંગ કરનારને પણ સજા સંભળાવવામાં આવતી હતી. પરંતુ શરિયતના કાયદા પ્રમાણે સજા થતી હતી. ખૂનના કિસ્સામાં ગુનેગારને મૃત્યુદંડ આપવામાં આવતો. જો ગુનેગારનાં સગાંઓ વિશેષ વિનંતી કરે તો વળી ગુનેગારને જન્મટીપની સજા કરવામાં આવતી હતી. કિલ્લા હેઠળ આવતા ગામડાંઓના ગુનેગારો માટે જેલની વ્યવસ્થા (જલાલી : જેલ) રહેતી. ઘણીવાર સાદી જેલ કેટલાક ગુનેગારોને મળતી, તો ક્યારેક કેટલાક ગંભીર ગુના કરનારાને સખત કેદની સજા થતી. આવા ગુનેગારોને મૃત્યુ સુધી કેદની સજા પણ થતી.

આરોગ્ય ક્ષેત્રે જોઇએ તો, મસ્કત અને મતરાહમાં સરકારી હૉસ્પિટલો હતી. કેટલીક હૉસ્પિટલો ક્રિશ્ચિયન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી હતી. ડૉક્ટર્સ અને નર્સોને ભારત કે ઇંગ્લૅન્ડથી બોલાવવામાં આવતા હતા, જેઓ દાક્તરી સહાય કરતા હતા. ઇંગ્લૅન્ડના ડૉ. થોમસ અને ભારતના ડૉ. બાઝ ઓમાનની હૉસ્પિટલોમાં સેવા આપતા હતા.

ઓમાનના મુખ્ય પાકોમાં લીલી ખજૂર, સૂકી ખજૂર, સૂકા લીંબુ અને માછલીઓ રહેતી. ચોખા, ઘઉં વગેરે આયાત કરવામાં આવતા. આવા ખેતરોમાં કામ કરતા મજૂરોને 'ભીધાર્સ' કહેવાતા. ઓમાનના લોકો મુખ્યત્વે બપોરના ભોજનમાં ખજૂર અને ઘઉંની રોટલી જમતા, જ્યારે રાત્રે તેઓ ચોખા, માછલી અને માંસ ખાતા. સામાન્ય માણસો સાદું અનાજ ખાતા. પૈસાદાર લોકોના ઘરમાં જ ઊંચી જાતના ચોખા રંધાતા, જ્યારે મસૂરની દાળ વિશાળ જથ્થામાં મળી રહેતી. સ્થાનિક ઘી ખૂબ જ મોંઘું વેચાતું. સામાન્ય રીતે તો ઘી હૉલેન્ડ, ઑસ્ટ્રેલિયા અને ડેન્માર્કથી આવતું હતું. ધોયેલા ઘઉંમાંથી માવો કાઢવામાં આવતો અને તેનો હલવો બનાવવામાં આવતો. આ માવાને તેઓ 'નીસો' કહેતા હતા. આજે પણ ઓમાનમાં 'નીસો' ખૂબ પ્રખ્યાત છે. ઇદ જેવા તહેવારમાં સામાન્ય પ્રજાજન ખૂબ પ્રેમથી હલવો ખરીદીને ઘેર લઇ જાય છે.

તે સમયે ઓમાનમાં માત્ર એક જ બૅંક કામ કરતી હતી, 'બ્રિટિશ બૅંક ઑફ મિડલ ઇસ્ટ.' જેનો લાભ પૈસાદાર અને સ્થાનિક ઉચ્ચ પ્રજા લેતી. પરંતુ સ્થાનિકો પોતાના જર, ઝવેરાત અને કિંમતી ચીજવસ્તુઓ થાપણ તરીકે વાણિયાઓને રાખવા આપતા હતા. જ્યારે જ્યારે આ ચીજવસ્તુ તેમને પાછી જોઇતી હોય ત્યારે વાણિયાઓ બેઝિઝક તેમને પાછી આપી દેતા હતા. ક્યાંય કોઇ વિશ્વાસઘાત નહીં, કોઇ ગોટાળો નહીં કે ચૂક નહોતી થતી. આખો ધંધો વિશ્વાસ પર ચાલતો.

ઓમાનના રાજવી વંશજોને વાણિયાઓ સાથે સારા સંબંધો હતા. આજે પણ કચ્છી–ગુજરાતી વેપારી સમુદાય સાથે ઓમાનના રાજવીઓને સારો સંબંધ છે. આમ જૂના સમયમાં ઓમાનમાં સગવડો ઓછી હતી. વાહનવ્યવહાર કે સંદેશાવ્યવહારનાં સાધનો ટાંચાં હતાં. કોઇ ફૅક્ટરીઓ નહોતી કે અન્ય કોઇ વ્યવસ્થા નહોતી. પરંતુ ૧૯૭૦ પછી સુલતાન નામદાર માનનીય કાબુસ બિન સઇદના રાજ્યારોહણ બાદ તેમણે ઓમાનની તકદીર બદલવાનું બીડું ઝડપ્યું. તેઓ બ્રિટનમાં ભણ્યા હોવાથી, ને બહારની દુનિયા જોઇ હોવાથી ઓમાનમાં પ્રગતિનો પાયો નાખ્યો. વિચારો બદલાયા, વેપારી કુનેહમાં વધારો થયો. કાયદાઓમાં થોડી છૂટછાટો મૂકી, પરદેશીઓને વેપાર કરવામાં પ્રોત્સાહન મળ્યું અને ઓમાનની તાસીર બદલાવા લાગી.

૪૦ વર્ષ પહેલાં ઓમાનમાં બહુ ઓછા રસ્તાઓ, બહુ ઓછી વીજળી, સંચાર વ્યવસ્થાનો અભાવ, બહુ જ ઓછી શૈક્ષણિક વ્યવસ્થા અને બહુ જ ઓછી આરોગ્ય વ્યવસ્થા હતી. પરંતુ ઓમાનના મસીહા તરીકે દીર્ઘદ્રષ્ટિ ધરાવતા નવા ઓમાનને ઘડનારા નામદાર સુલતાન કાબુસ બિન સઈદના સંપૂર્ણ વિકાસના સ્વપ્નનાને સાકાર કરતાં હવે ઓમાનનો નવો જન્મ થઈ રહ્યો છે. સુલતાન કાબુસ બિન સઈદના શપથ લીધા બાદ દેશના ઈતિહાસમાં મોટું પરિવર્તન આવ્યું છે. આધુનિક સમજ અને જરૂરિયાતને સમજતા સુલતાન સાહેબે સરકારી અને ખાનગી એજન્સીઓને વિકાસના પથ પર દોરી જવાની આગવી સૂઝ દાખવી છે. દેશના વિકાસમાં સહકાર આપવાની તમન્ના સાથે કેટલીક કંપનીઓએ પોતાની ભવિષ્યની યોજનાઓ અને વિકાસકાર્યોની યાદી બનાવી આગવાં પગલાં ભર્યાં છે.

માળખાગત સુવિધાઓ વિકસાવવા કેટલીક કંપનીઓએ સુલતાન સાહેબની મંજૂરી માગી છે. ઓમાનના વિકાસ માટે નિમ્ન ક્ષેત્રોના વિકાસની જરૂરિયાતો ઊભરી આવી છે.

૧. માળખાગત વિકાસ ( રોડ–રસ્તા, બાંધકામ, એરપોર્ટ)

૨. ખનિજ તેલનું ઉત્પાદન

૩. સંચાર વ્યવસ્થાનો વિકાસ

૪. ખાદ્યસામગ્રીના ક્ષેત્રમાં સંશોધન અને વિકાસ

૫. પ્રવાસન ક્ષેત્રનો વિકાસ



## ખનિજતેલનું ઉત્પાદન

નામદાર સુલતાને ૧૯૭૦માં પદગ્રહણ કર્યા બાદ કેટલાંક સંશોધનો કરાવ્યાં. જેમાં ઓમાનમાં રહેલા ખનિજતેલની ભાળ મળી. તરત જ ઇરાન અને અન્ય અખાતી દેશોમાંથી ખનિજતેલ કાઢવા, ક્ષારકામ કરવા મશીનરી મંગાવી અને ૨૯મી ઑક્ટોબર, ૧૯૭૮ના રોજ નામદાર સુલતાને યીબલમાં આવેલા રાષ્ટ્રના સૌપ્રથમ ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું. આ ગેસ પ્લાન્ટ ઘુબરામાં આવેલા પાવર પ્લાન્ટને ગેસ પૂરો પાડે છે. ઘુબરામાં આવેલા પ્લાન્ટમાંથી ઓમાન માટે વીજળી પેદા થાય છે. આ પ્લાન્ટમાં જ ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાનો પ્લાન્ટ હોવાને કારણે તે ખૂબ જ અગત્યનો પ્લાન્ટ છે. કારણ કે, મીઠું પાણી અને વીજળી બંને અહીંથી મળે છે. ઓમાનમાં આવેલા ગેસ ક્ષેત્રને કારણે ખનિજતેલ ઉપરાંત નૉન ઍસોસિયેટેડ ગેસ પણ ઉત્પન્ન થાય છે. વળી, પીડીઓ (PDO) દ્વારા



ગેસને વિશિષ્ટ પ્રક્રિયામાંથી પસાર કરી તેનો ઉપયોગ કરવામાં આવે છે. ઓમાન સરકાર તરફથી અપાયેલા કોન્ટ્રાક્ટને કારણે પેટ્રોલિયમ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન ઓફ ઓમાન આવા ગેસ ક્ષેત્રો અને ખનિજતેલ ક્ષેત્રો શોધતા રહે છે. વળી, ઓમાન સરકારની જરૂરિયાત મુજબ, ઓમાનની પ્રજાની જરૂરિયાત મુજબ ગેસ ક્ષેત્રોમાંથી ગેસ અપાય છે, જે ઓમાન સલ્તનતના આર્થિક વિકાસને વેગ આપે છે. ઓમાનના ઑઇલ અને ગેસ મંત્રાલયે ૨૦૦૮માં એક દિવસમાં ૭૯૦,૦૦૦ બેરલનો લક્ષ્યાંક આપ્યો હતો. ઓમાન પેટ્રોલિયમ ડેવલપમેન્ટે ૫૫૦,૦૦૦નો લક્ષ્યાંક પાર પાડી ૮૦ ટકા સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. સુલતાને ખનિજતેલ અને ગેસ ક્ષેત્રોમાંથી ઓમાનની વિકાસ કેડી કંડારાય તે માટે વિવિધ જગ્યાએ ક્ષારકામ કરાવડાવ્યું છે અને સરકારી, અર્ધસરકારી એજન્સીઓને ઓમાનના વિકાસ માટે પરવાના આપવાનું ચાલુ કર્યું છે. આથી જ ઓમાન પેટ્રોલિયમ ડેવલપમેન્ટ અને અન્ય ઑઇલ ઑપરેટરોએ બિલિયન ડૉલરની નવી ટેક્નોલૉજી વસાવી છે. જેટલું વધારે તેલ નીકળે તેટલી વધુ આવક ઓમાનને થાય ! ખનિજતેલ સાથે ગેસ અને અન્ય પેદાશો પણ અન્ય દેશોને વેચાય છે.

આ જ પ્રમાણે, પીડીઓનો કર્ન આલમ સ્ટીમ ઇન્જેક્શન પ્રોજેક્ટ પણ ૨૦૧૦માં શરૂ થયો. બીજો નોંધપાત્ર પ્રોજેક્ટ હતો દક્ષિણ ઓમાનનો મરમૂલ પોલીમર ફલડ પ્રોજેક્ટ. પોલીમરને પાણીમાં ઉમેરી તેલ ક્ષેત્રના ભંડારોને વધુ સભર રાખવા, જેનાથી તેલના જથ્થા કરતાં દસ ટકા વધુ તેલ મળે. આ જ રીતે હરવીલ મિસિબલ (Harweel Miscible) માં આવેલા ગેસ ઇન્જેક્શન પ્રોજેક્ટને કારણે પણ વધુ કાચું ખનિજતેલ મેળવવામાં સફળતા મળશે. ઓમાનનું કાચું ખનિજતેલ લગભગ બધા દેશોમાં જવા માંડ્યું છે. તેમાં પણ ચીન, દક્ષિણ કોરિયા વગેરે દેશોમાં વધુ માંગ શરૂ થઇ ગઇ છે.

આ ઉપરાંત, કાચું તેલ અને અન્ય ખનિજો ધરાવતા હાઇડ્રોકાર્બન લિક્વિડનું પ્રોડક્શન ઓમાનમાં વધી ગયું છે. તેમાં પણ પીડીઓનું આઉટપુટ વધી ગયું છે. આમ, ઓમાનના વિકાસમાં ખનિજતેલનું ઉત્પાદન વધી ગયું છે.



## ઓમાનનું અર્થતંત્ર

ઓમાનની પેદાશોમાં ખજૂર, ગ્લાસ કન્ટેનર, ટુના, સર્જિકલ મોજાં, ટૉમેટો પેસ્ટ, સ્વિચ ગીયર ટ્રાન્સફૉર્મર, ઇલેક્ટ્રિક હીટર્સ અને મશરૂમનું ઉત્પાદન વધુ છે અને તે ઓમાનમાંથી નિકાસ થાય છે. સરકાર દ્વારા ઓમાનના ઝડપી વિકાસ અંગે થયેલા એક સંશોધન બાદ જણાયું છે કે, નિકાસકર્તાઓને યોગ્ય બજાર મળી રહે અને તેમના પ્રયત્નોને બળ મળે તો ઓમાનનો વિકાસ ઝડપી બને. પરિણામે સરકારે આ તરફના પ્રયત્નોને વેગ આપ્યો છે. આના કારણે અર્થતંત્રના બધા ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. સામાન્ય નિકાસદરના રેશિયાનો વિકાસ, બજેટમાં ખર્ચ કરતાં આવક વધારે, નિયંત્રિત ફુગાવો, જાહેર અને ખાનગી રોકાણોમાં વધારો, પ્રવૃત્તિમય શેર માર્કેટ અને રોજગારી નિર્માણમાં સ્થિર વધારાને કારણે ઓમાનનું અર્થતંત્ર સબળ અને મજબૂત બનતું જાય છે.

સલ્તનત સરકાર વિદેશી રોકાણને પ્રોત્સાહન આપે છે. જેથી સ્થાનિક રોકાણમાં સહાયભૂત બની શકે. વળી, જે સંસાધનોનો સ્પર્શ સ્થાનિક રોકાણકારોએ કર્યો નથી તે ક્ષેત્રોમાં પણ ટેક્નોલૉજીનું હસ્તાંતરણ, નવી ટેક્નિક તેમજ વધારાના પ્રોજેક્ટનું જ્ઞાન, વહીવટી સૂઝબૂઝ અને કૌશલ્ય તથા બહુઆયામી કૉર્પોરેશન





સાથે વૈશ્વિક સંબંધોમાંથી મળતા લાભોને કારણે ઓમાનની ચીજવસ્તુઓ માટે વૈશ્વિક બજાર ખૂલ્યું છે. પરિણામે ઓમાનના વિકાસને વેગ સાંપડ્યો છે. સલ્તનત ઑફ ઓમાનના ઇતિહાસમાં પહેલી વખત ખનિજતેલ સિવાયની નિકાસની આવક ૫૬.૯ ટકા કરતાં વધી ગઇ છે. ૨૦૦૮, ૨૦૦૯ અને ૨૦૧૦માં પણ આ આવકનો દર વધતો ચાલ્યો છે. ઓમાનની તેલ અને ખનિજ ગેસની પેદાશોની આવક પણ વધી ગઇ. ખનિજતેલ સિવાયના ક્ષેત્રોની નિકાસમાં ખનિજ પેદાશો, કેમિકલ પેદાશો, ધાતુ અને ધાતુની બનાવટો, ઇલેક્ટ્રિક મશીનરી અને મિકેનિકલ સાધનોની નિકાસે પણ આવક વધારવામાં મોટો ભાગ ભજવ્યો છે. આયાત થનાર ચીજવસ્તુઓની વિવિધ કેટેગરીમાં વાહનવ્યવહારને લગતાં સાધનો, ઇલેકિટ્રક મશીનરી, ખનિજ પેદાશો, પ્લાસ્ટિક અને રબર ઉત્પાદનો પણ ગણાવી શકાય.

## ઓમાનની માળખાકીય સુવિધાઓ

**એરપોર્ટ :** ઓમાનની કાયાપલટ થઇ રહી હોવાથી મસ્કતમાં અને અન્ય સ્થળોએ યાત્રીઓ તેમજ માલની હેરફેર માટે એરપોર્ટની સુવિધાઓ વધારવાની યોજના છે. જૂના એરપોર્ટનું નવીનીકરણ થઇ રહ્યું છે. મસ્કત ઇન્ટરનેશનલ એરપોર્ટ બની ગયા પછીનાં થોડાં વર્ષોમાં લગભગ ૧૨૦ લાખ પેસેન્જરોની આવન–જાવન આ એરપોર્ટ પરથી થશે. ટર્મિનલ ઉપરાંત આ પ્રોજેક્ટમાં લગભગ અન્ય ૭૦ મકાનોનો સમાવેશ થશે. જેમાં ૯૦ મીટર ઊંચા કન્ટ્રોલ ટાવર અને એરટ્રાફિક મૅનેજમેન્ટ સેન્ટર પણ હશે. મસ્કત એરપોર્ટના રન–વેની સુધારણા થશે અને નવો રન–વે પણ બંધાશે. જેના પર વિશ્વનું લાંબામાં લાંબુ હવાઇ જહાજ એરબસ ૩૮૦ ઊતરી શકશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પ્લેનના પાર્કિંગની વ્યવસ્થા, પ્લેનથી એરપોર્ટ સુધીના મોટર માર્ગની વ્યવસ્થા તથા આંતરબદલીની વ્યવસ્થા પણ ઊભી કરાશે.

ઓમાન એવિએશન સર્વિસીઝ કંપની છ એરપોર્ટ બાંધશે. કંપની એરપોર્ટના આવતાં ૨૦ વર્ષ સુધીના આધુનિકીકરણ અંગેની યોજના પણ બનાવી રહી છે. આંતરરાષ્ટ્રીય એરલાઇન ટ્રાવેલમાં ઘટાડો થયો હોવા છતાં મસ્કત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર યાત્રીઓનો ખૂબ ધસારો રહે છે. કારણ કે, રાષ્ટ્રીય હવાઇ સેવા ઓમાન એર ઉપરાંત એર ઇન્ડિયા એક્સપ્રેસ, ગલ્ફ એર, કે.એલ.એમ, લુફથાન્ઝા અને કતાર એરવેઝ વગેરેએ તેમની મસ્કત સુધીની કે મસ્કત વચ્ચે આવે તેવી આંતરરાષ્ટ્રીય ફલાઇટ વધારી દીધી છે. આમ, એરપોર્ટના આધુનિકીકરણ સાથે વધુ હવાઇ ઉડ્ડયનો, વધુ એર ફલાઇટની કંપનીઓ તેમજ માર્ગની સુવિધા અને માલની હેરફેર મસ્કત એરપોર્ટ પર વધી જશે. આનાથી પણ દેશનો વિકાસ વધશે, તેમજ ઓમાનની એર સેવાઓની ગુણવત્તા વિશ્વસ્તરની થશે, જેના કારણે મુસાફરોની આવન–જાવન વધશે.

**બંદરો :** મસ્કત ઉપરાંત સલાલાનું બંદર દેશનું સૌથી લાબું ને મોટું બંદર છે. જેમાં ૧૮ મીટર ઊંડાઇની ૬ જેટીઓ છે. એટલે કે, છ વહાણો એક સાથે ઊભાં રહી શકે. અન્ય માલવાહક જહાજો ઊભાં રાખવા ૧૬ મીટર ઊંડાઇની ૧૨ જેટીઓ સાથેનું જનરલ કાર્ગો ટર્મિનલ પણ છે. જનરલ એપીએમ ટર્મિનલ અને જનરલ કાર્ગો ટર્મિનલના બંનેના આધુનિકીકરણ–વિસ્તૃતિકરણનું કામ પૂર્ણ થતાં બંદરનું કામ બમણું થઇ જશે. સલાલા બંદરે તાજેતરમાં કવીન મેરી–૨ નામનું ભવ્ય જહાજ લાંગર્યું હતું. આ જહાજ ૧,૫૧,૪૦૦ ટનનું છે. તેમાં ૨૬૦૦ પેસેન્જરો મુસાફરી કરી શકે છે. તેમજ તેમાં ૧૩૦૦ જેટલા કર્મચારીઓ છે. કવીન મેરી–૨ આધુનિક

સુખ–સગવડો ધરાવતું આધુનિક્તમ વહાણ છે.

**રેલવે :** દેશમાં સૌ પ્રથમ રેલવેલાઇન નાખવાનો પ્રોજેક્ટ વિચારાયો છે. શરૂઆતમાં રેલવેલાઇન દ્વારા માલનું પરિવહન કરવામાં આવશે. તે સફળ થયા બાદ પેસેન્જરોની હેરફેરનું વિચારવામાં આવશે. સીસ્ટ્રા કન્સલ્ટિંગની સાથે સ્થાનિક રાષ્ટ્રીય એન્જિનિયરિંગ ઑફિસ આ પ્રોજેક્ટમાં જોડાશે. હાલમાં રેલવેલાઇન નાખવા માટેનો અભ્યાસ ચાલી રહ્યો છે, જેમાં શરૂઆત બટીનાહ પ્રદેશથી થશે અને પછી સલ્તનતના અન્ય કેન્દ્રો સુધી રેલવેલાઇન લંબાશે.

**વાહનવ્યવહાર :** ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવા માલને ઉત્પાદન સ્થળેથી જરૂરિયાતના સ્થળ સુધી લઈ જવો, તેનો વહીવટ કરવો, તેમાં કામ કરતા લોકો અને તેમની શક્તિ ઓળખવી અને ક્યાંથી તે માલ સસ્તામાં મળી શકે તેની તપાસ કરવી, આ બધાને લૉજિસ્ટિક્સ કહેવાય છે. લૉજિસ્ટિક્સમાં માહિતી, વાહનવ્યવહાર, શોધ સંશોધનો, વૅરહાઉસિંગ, કોઇપણ માલની હેરફેર કરવાની આવડત, પૅકેજિંગ અને ક્યારેક સુરક્ષાનો પણ સમાવેશ થાય છે. આ એક પુરવઠો પૂરો પાડતી કડી છે. લૉજિસ્ટિકના બે પ્રકાર છે. એકમાં વાહનો દ્વારા સ્થિર પુરવઠાની આવક છે અને સંગ્રહ કરી રાખવાનાં સ્થળો છે. તો બીજામાં સંશોધનોના અલગ–અલગ કેન્દ્રોને એક કરી કોઇ પ્રોજેક્ટ વિચારી રાખવાની વાત છે.



**લૉજિસ્ટિક :** લશ્કરના જવાનો માટે હથિયારો, દારૂગોળો અને અનાજ–પાણી પૂરું પાડતી પદ્ધતિને લોજિસ્ટિક કહે છે. જૂના ગ્રીક, રોમન અને બાઇઝેન્ટાઇન સામ્રાજ્ય વખતે કેટલાક લશ્કરી અધિકારીઓને લોજિસ્ટિક્સ કહેતા હતા, કે જેઓ નાણાંકીય અને પુરવઠાના વિતરણ બાબતમાં ધ્યાન રાખતા હતા. ઓમાનની સલ્તનત તેના વિશિષ્ટ સ્થાનને કારણે લોજિસ્ટિક સાથે પહેલેથી જ સંબંધ ધરાવતી હતી. પહેલાં નાના વહાણમાં ખનિજતેલ અને અન્ય સામાન બીજા બંદર સુધી લઈ જવામાં આવતાં હતાં, જ્યારે આજે તે રસ્તાઓ દ્વારા લઈ જવાય છે. ઓમાને પોતાના રાષ્ટ્રને સૌથી મોટા અને મહત્ત્વના લોજિસ્ટિક કેન્દ્ર તરીકે વિકસાવવાનું બીડું ઝડપ્યું છે, કે જેથી કોઇનો પણ માલસામાન બહુ ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડીને વચ્ચેનું કમિશન કમાવવું અને વૈશ્વિક પરિવહન ઉદ્યોગનો મોટો ભાગ તેમને મળે. દેશના વેપારી અને ગ્રાહકોની જરૂરિયાત પૂરી કરવા સાથે વૈશ્વિક બજારના માલના સંગ્રાહક બંદર તેમજ માલની હેરફેર કરનાર બંદર તરીકે દેશના બંદરોનો વિકાસ થઈ રહ્યો છે. સોહાર બંદર ભારે ઉદ્યોગોની મશીનરી પોતાની જેટી પર લાવી શકે તેટલું સક્ષમ હોવાથી આંતરરાષ્ટ્રીય હબ બની ગયું છે. ઓમાન અને આસપાસના દેશોના કાચા માલને ઉતારી તેની જગ્યાએ પહોંચાડવાનું કામ સોહાર બંદરેથી થાય છે. સોહાર બંદરમાં પ્રવેશવાનું દ્વાર ગલ્ફ દેશોના કો–ઑપરેશન કાઉન્સિલના સંયુક્ત ભાગે આવેલું છે. આથી મોટાં વહાણો દ્વારા સોહાર બંદરે ઠલવાયેલો માલ બહુ જ સહેલાઇથી અન્ય સ્થળે પહોંચી જાય છે.

નામદાર સુલતાન કાબુસ બિન સઇદની દીર્ઘદષ્ટિને કારણે ઓમાને અન્ય દેશો સાથે નિકાસ કરાર કર્યા છે. ઘણી જગ્યાએ તો કોઇપણ જાતના ચાર્જ વગરના મુક્ત વેપાર કરાર કર્યા છે. જેથી અન્ય દેશોના લોકોને કશું પણ ચૂકવ્યા વિના ઓમાનમાંથી માલ નિકાસ કરી શકાય છે અને પોતાના ભાગીદાર દેશોને માલ નિકાસ કરવાની સવલત મળી રહે છે. ઓમાનનો કેટલોક વેપાર અમેરિકન બજાર સાથે થતો હોવાથી તે દેશોને ઘણી સરળતા થઈ રહે છે. વળી ઓમાને અમેરિકા સાથે ટેક્નોલૉજિકલ ક્ષેત્રમાં પણ સહકાર સાધ્યો હોવાથી અમેરિકાની શક્તિ અને ઓમાનના કુદરતી સ્થાનને કારણે ઓમાનને ખૂબ લાભ થાય છે. ઓમાન સામાન્ય બજારમાં પણ હવે પ્રવેશી ગયું છે. ઓમાન વધુમાં વધુ લાભ અન્ય દેશોને કઈ રીતે આપી શકે છે તેના ઉપર તેના વિકાસનો આધાર રહે છે. ઓમાનના કોમર્સ અને




ઈન્ડસ્ટ્રી મંત્રાલય દ્વારા રોકાણ પ્રમોશન નીતિ એવી બનાવવામાં આવી છે કે જેથી ઓમાનના વિકાસમાં વિદેશી રોકાણ મળી રહે. મંત્રાલયની નીતિ એવી છે કે વિદેશી રોકાણ માત્ર મોટા પ્રોજેક્ટને ના મળે, પણ મધ્યમ કે નાના પ્રોજેક્ટોમાં પણ મળી રહે. જેથી રોજગારી ઉપાર્જન સાથે અન્ય ક્ષેત્રોનો પણ વિકાસ થાય. મંત્રાલયે એવી નીતિ રાખી છે કે યુવાનો આ ક્ષેત્રે જેટલા આગળ આવે તેટલી સવલતો તેમને આપવી. તેમને સબસીડી, તાલીમ, ધીરાણ અને અન્ય કાયદાકીય સહાય કરવી કે જેથી ઓમાનના યુવાનો ભવિષ્યના ઓમાનનું નિર્માણ કરી શકે. સુલતાન કાબુસ બિન સઈદે યુવાનોને આહ્વાન કરતાં કહ્યું હતું કે, 'ઓમાનનું ભવિષ્ય તમારા હાથમાં છે. તેની પ્રગતિ અને સમૃદ્ધિમાં જાનની બાજી લગાવીને લાગી જાવ, સરકાર તમારી સાથે છે.' આમ યુવાનોને પ્રોત્સાહન આપવાનું કામ સુલતાન સાહેબે કર્યું છે.

આંતરિક વેપારમાં મંત્રાલયે હકારાત્મક પગલાં લીધાં છે. જેથી બજાર નિયંત્રણમાં રહે છે તેમજ ગ્રાહકોની સુરક્ષા સચવાઈ રહે છે. ગ્રાહકલક્ષી ચીજવસ્તુઓના ભાવ વધતા હોવા છતાં મંત્રાલયના પગલાંને કારણે ફુગાવો વધ્યો નથી. મંત્રી માનનીય મકબુલ બિન અલી સુલતાને બ્રાઝિલની મુલાકાત લીધા પછી હવે ખાણ ક્ષેત્રે પણ પ્રગતિ સધાઈ છે.

**આંતરમાળખાકીય વિકાસ :** ઓમાનમાં માનવોની હેરફેર માટે, વાહનવ્યવહાર માટે અને માલની હેરફેર માટે ખૂબ સારા રસ્તા, રેલવે, રોડ વ્યવહાર, દરિયાઈ માર્ગ, ફેરી સર્વિસ વગેરેનો વિકાસ થયો છે. સામાન્ય વ્યક્તિને કાર મળે તે માટે ઓછા વ્યાજે લોન મળી શકે તેવી સૂચના સુલતાન સાહેબે બેંન્કોને આપી છે. અલવિસ્ટા કોસ્ટથી ૧૫ કિ.મી. દૂર આવેલા ઓમાનના લાંબામાં લાંબા દ્વીપકલ્પ ઉપર યાતાયાતની સગવડ વધુ સારી રીતે રખાઈ છે. ઊંચી ઈમારતોમાં બેસતા મંત્રાલયો અને કોર્પોરેટ ઑફિસોને કારણે ઓમાનનો દેખાવ બદલાઈ ગયો છે. દરિયા ઉપર બાંધેલા ઑવરબ્રિજને કારણે બે સ્થળો વચ્ચેનું અંતર ઘટી ગયું છે. આવા તો ૬ થી ૭ ઑવરબ્રિજ ઓમાનમાં બંધાયા છે અને બંધાઈ રહ્યા છે, જેનું કામ એલ એન્ડ ટી કંપનીને આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્ષારકામ માટે મોટી ક્રેનો, ઊંચી ઈમારત બાંધવા ઊંચી ક્રેનો લાવવામાં આવી છે. મજબૂત અને મોટી જેટી બાંધવાનું કામ બરકા/સોહાર, હુકુમ, ખુબરા, સલાલા વગેરે જગ્યાએ ચાલી રહ્યું છે.

નવા પ્લાન્ટો બાંધવા સિમેન્ટ પ્લાન્ટ ઊભા થઈ રહ્યા છે. સ્થાનિક અને વિદેશી રોકાણકારો સિમેન્ટ બનાવવાનાં કારખાનાં ઊભાં કરી રહ્યા છે. અમુક માલ બહારના દેશોમાં નિકાસ થાય છે અને જ્યાં ઓમાન સિમેન્ટનો ઉપયોગ થાય છે તેવા જીસીસી દેશો, પૂર્વ આફ્રિકન દેશો, યેમેન, લિબિયા, સીરિયા, ઈરાક, તુર્કજેનિસ્તાન, ભારત અને પાકિસ્તાનનો સમાવેશ થાય છે.

**વીજળી ઉત્પાદન :** દેશની વીજળીની જરૂરિયાતને પૂરી કરવા અલગ-અલગ અભિગમો અપનાવાયા છે. દેશમાં કુદરતી ગેસના ભંડારો મળી આવવાના કારણે વીજળી ઉત્પાદનમાં ગેસનો ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ગેસમાંથી વીજળી બને તેવા પ્લાન્ટો દેશમાં ઊભા થઈ ગયા છે. આ ઉપરાંત ઓમાન સરકારે બે રીતે વીજળી પેદા થાય તેવી નીતિ બનાવી છે. અમર્યાદિત શક્તિનો સ્રોત એવા સૂરજની ગરમી પ્રાપ્ત છે. બીજી બાજુ વીજળી ઉત્પાદન માટે ખાણમાંથી નીકળતો કોલસો પણ વીજળી ઉત્પાદન માટે અગત્યનો છે. ઓમાન સરકારની હાલની વીજ ઉત્પાદન નીતિમાં સૂર્યશક્તિ, ગેસશક્તિ અને કોલસા દ્વારા વીજ ઉત્પાદનની નીતિ મોખરે છે.



**સૂર્યશક્તિ-ઊર્જા :** ઓમાનમાં સૂર્યશક્તિનો ઉપયોગ કરવા માટે ઠેર ઠેર સોલર પૅનલો નંખાઈ રહી છે. દરેક ઠેકાણે સૂર્યઊર્જાના ઉપયોગ માટે હિમાયત થઈ રહી છે. સોલર પૅનલો બનાવવાનાં કારખાનાં નંખાઈ રહ્યાં છે અને ઑથોરિટી ફોર ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેશન ઓમાને સૂર્યઊર્જા અને પવનઊર્જાની હિમાયત કરતાં ઓમાનની હાલની ૧૩,૯૦૦ જીડબ્લ્યુએચ ઊર્જાને પહોંચી વળાય તેવું આયોજન વિચારાયું છે અને આ ઊર્જા માત્ર સૂર્ય અને પવનઊર્જામાંથી જ મળે તેવું વિચારાયું છે. આ ઉપરાંત ગેસઊર્જા તો પેદા થાય છે જ.

**ખેતી :** સલ્તનત ઑફ ઓમાનની ખેતપેદાશ અને પશુપાલન આધારિત પેદાશ એટલી બધી છે કે તે ઓમાનના ત્રીજા ભાગની ખાદ્ય જરૂરિયાતને પૂરી શકે છે. છેલ્લા દસકામાં દેશમાં ઉત્પાદિત ખાદ્યચીજો અને પશુપાલન આધારિત ઉત્પાદનો દેશના વાર્ષિક ખાદ્ય જરૂરિયાતના પ્રમાણમાં ૪૨ ટકા ભાગ પૂરો પાડતા હતા. મરઘાંપાલન અને પશુપાલન ઉદ્યોગ સંસાધનોમાં ૧૬ લાખ બકરી, ૩,૫૧,૦૦૦ ઘેટાં, ૩,૦૨૦૦૦ ગાય-ભેંસ અને ૧,૧૭૦૦૦ ઊંટોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દેશમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગનો વિકાસ પણ જબરદસ્ત થયો છે. ફૂડસ્ટફ અને ખેતીનિર્ભર ઉદ્યોગની નિકાસ કુલ ઓમાનની નિકાસના ૧૫ ટકા જેટલી થાય છે. પશુફાર્મની પેદાશ ખૂબ જ વધી ગઈ છે અને કુલ ખેતીવિષયક પેદાશના ૨૪ ટકા જેટલી થાય છે. આમાં મરઘાંપાલન અને માછલી ઉછેરનો હિસ્સો પણ આવી જાય. ખાનગી વેપારી સંસ્થાનો જેવાં કે અલગ સફા પોલ્ટ્રી અને હાજી ફાર્મ્સ પાસે સલ્તનત સરકાર સાથે સહયોગમાં રહી ખૂબ રોકાણનો હિસ્સો છે. આમ છતાં ખેતપેદાશ અને મરઘાંપાલનનો વ્યવસાય હવામાન આધારિત છે. બટીનાહ કિનારા પર આવેલી જમીન ઉપર ખેતી થાય છે. ખેતરોમાં ગધેડાની જગ્યાએ ડીઝલ પંપનો ઉપયોગ કરી કૂવામાંથી પાણી કાઢી ખેતીને પવાય છે, વધારે કૂવાઓ ખોદવામાં આવે છે અને જો પાણીમાં ખારાશ વધી જાય તો જે તે જગ્યાએ પાણીને મીઠું કરવાના પણ પ્લાન્ટ નાખવામાં આવે છે. જેથી ખેતીને લાયક મીઠું પાણી મળી રહે.

ખેતરોમાં ખજૂર અને ખારેક વધુ ઊગે છે. ક્યાંક ક્યાંક અંદરના વિસ્તારોમાં ફળોના વૃક્ષો પણ છે અને શાકભાજી પણ ઊગાડવામાં આવે છે. સારા વરસાદ વખતે મકાઈ ઊગાડવામાં આવે છે. દક્ષિણ કિનારે સલાલા પાસે નાળિયેરીનાં વૃક્ષો વાવવામાં આવે છે. કેટલીક જગ્યાએ કેળાંની ખેતી થાય છે, તો પપૈયા અને અન્ય

ફળોનાં વૃક્ષો પણ વાવવામાં આવે છે. પશુઓને પાળવા સાથે સાથે ઘાસ ખેતરમાં ઊગાડાય છે. આથી બહારથી ઘાસ લાવવું પડતું નથી. પરંતુ હવે દેશના ખેતી વિભાગે દરિયા કિનારા નજીક ઘાસ ઊગાડવાનું નક્કી કર્યું છે. કારણ કે, ખેતી અને ઘાસ બંનેને પાણી સારા પ્રમાણમાં જોઇએ. પરંતુ ખેતી વધારવા ઘાસ જો અન્ય સ્થળે વાવવામાં આવે તો તેનું પાણી ઓછું વપરાય. આ ઉપરાંત જીવન જરૂરી ચીજવસ્તુઓ બહારથી લાવવામાં આવે છે. જેવી કે દાળ, કઠોળ, મસાલા, તેજાના વગેરે બહારથી લાવવામાં આવે છે. પરંતુ ઓમાનમાં ખેતીવિષયક સુધારા–સંશોધન ઉપર વધુ ભાર મુકાવાનો ચાલુ થઇ ગયો છે અને નવા નવા પાક લઇ શકાય તેવી જમીન–પાણી અને પાકના બિયારણ પ્રાપ્ત થાય તેવું વાતાવરણ થઇ ગયું છે.

**શિક્ષણ :** કોઇપણ દેશના વિકાસનો આધાર તેના પ્રજાજનોના શિક્ષણ ઉપર છે. દૂર દૂર રણમાં રહેતા પ્રજાજનોને માટે શિક્ષણ આપવું અઘરું છે. પહેલાં શાળાઓ નગણ્ય હતી. તેના બદલે સુલતાન કાબુસ બિન સઇદના પ્રયત્નોને કારણે શિક્ષણ મંત્રાલય ઑફ ઓમાને કેટલાંક પગલાં ઉઠાવ્યાં છે. દર પાંચ કિલોમીટરના અંતરે આવેલા ગામમાં પ્રાથમિક શાળા હોવી જ જોઇએ તેવું મંત્રાલયની નીતિ મુજબ નક્કી થયું છે. બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત આપવાનું મંત્રાલયે નક્કી કર્યું છે. દરેકે દરેક જૂથની જરૂરિયાત અનુસાર નવા અભિગમ સાથે શિક્ષણ અપાય છે. દરેક જગ્યાએ ઇ–અભ્યાસક્રમ અપાયો છે, જેના દ્વારા શિક્ષક બાળકોને શિક્ષણ આપી શકે છે. કેસેટ્સ અને સીડી તૈયાર કરે પછી તેને મુખ્ય શિક્ષણપ્રક્રિયા સાથે જોડે છે. આ જ રીતે નવી નવી કોલેજો અને જુદા જુદા અભ્યાસક્રમો શરૂ




કરવાનાં પગલાંરૂપે મંત્રાલયે ખાનગી અને સરકારી શાળા સંચાલકોને શાળા–કૉલેજ ખોલવાની મંજૂરી આપી છે. નામદાર સુલતાન કાબુસે એ જાણી લીધું છે કે દેશનો વિકાસ કરવો હશે તો માનવવિકાસ જરૂરી છે. જેથી માનવ સૂચકાંક ઊંચો જાય. ઓમાનના ઉચ્ચ શિક્ષણ મંત્રાલયના પ્રયત્નોને કારણે અત્યારે ઉચ્ચ શિક્ષણ પ્રક્રિયામાં દેશના ૭૧,૩૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. એન્જિનિયરિંગ કૉલેજ, ફાર્મસી કૉલેજ, મેડિકલ કૉલેજ અને અન્ય પ્રોફેશનલ કૉલેજો શરૂ કરવાનું શ્રેય સુલતાન કાબુસ બિન સઇદને ફાળે જાય છે. ખાનગી–જાહેર ક્ષેત્રના આયોજકોને શિક્ષણ ક્ષેત્રમાં આવવા દીધા હોવાને કારણે હાલમાં ચાર ખાનગી ક્ષેત્રની યુનિવર્સિટીઓ શરૂ થઇ છે. (૧) સોહાર યુનિવર્સિટી, (૨) યુનિવર્સિટી ઑફ ધોફર, (૩) યુનિવર્સિટી ઑફ નિઝવા અને (૪) જર્મન યુનિવર્સિટી ઑફ ટેક્નોલૉજી ઇન ઓમાન (જીયુટેક). બીજી બે સંસ્થાઓ પણ શરૂ થઇ રહી છે. (૧) મસ્કત યુનિવર્સિટી અને (૨) યુનિવર્સિટી ઑફ બુરાઇમી. પરંતુ સુલતાન કાબુસ યુનિવર્સિટી (એસક્યુયુ)એ પ્રાથમિક અને અગત્યની સરકારી યુનિવર્સિટી છે. જે સલ્તનત ઑફ ઓમાનમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં અગત્યના નિર્ણયો લઇ શકે છે. દર વર્ષે લગભગ ૧૩,૫૦૦ વિદ્યાર્થીઓને સમાવતી આ યુનિવર્સિટી અન્ય યુનિવર્સિટીઓ કરતાં વધુ વિદ્યાર્થીઓ સમાવે છે. ઉચ્ચ શિક્ષણ મંત્રાલય ઍપ્લાઇડ સાયન્સીઝ માટે ૬ કૉલેજોનું નેટવર્ક ચલાવે છે. જેમાં લગભગ ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ છે. આ ઉપરાંત ટેક્નોલૉજીની ૬ કૉલેજો છે, જે મિનિસ્ટ્રી ઑફ મેનપાવર હેઠળ છે. આરોગ્ય સેવાઓનું શિક્ષણ આપતી ૧૬ સંસ્થાઓ છે. આજના સમયમાં જરૂરી એવી પ્રોફેશનલ સેવાઓને ધ્યાનમાં રાખી વિવિધ ક્ષેત્રનું ધ્યાન આપતી અન્ય કૉલેજિસ પણ શરૂ થઇ છે. જેમ કે, આંતરરાષ્ટ્રીય મેરીટાઇમ કૉલેજ ઑફ ઓમાન, ઓમાન ડેન્ટલ કૉલેજ, શિપ ઇન્ડસ્ટ્રી બેઝ્ડ કૉલેજ વગેરે આજના જમાનાને અનુરૂપ, ઓમાનના વિકાસમાં સહાયભૂત થાય તેવી કૉલેજો શરૂ થઇ રહી છે. નામદાર સુલતાન કાબુસ બિન સઇદે ૧૯૭૦માં પદગ્રહણ કર્યા પછી ઓમાનની એક રાષ્ટ્ર તરીકે વિકાસગાથા શરૂ થઇ ગઇ છે. સરકારે આર્થિક વિકાસ, માનવવિકાસ તેમજ માનવઆરોગ્ય પ્રત્યે સજાગ થઇ પગલાં ભરવાનાં શરૂ કર્યાં છે. ભણવામાં મુક્તતા આપવાના કારણે અને સરકારના પ્રયત્નોને કારણે મહિલા વિદ્યાર્થીઓમાં પણ જાગૃતિ આવી છે અને કૉલેજોમાં, શાળાઓમાં ઑફિસોમાં મહિલાની સંખ્યા વધી છે. અલબત્ત, હકીકતમાં તો ઇન્ટરનૅશનલ બ્યૂરો ઑફ એજ્યુકેશનલના એક અહેવાલ પ્રમાણે ઓમાનમાં જાહેર શાળાઓમાં ભણતા ૪૮.૪ ટકા વિદ્યાર્થીઓ તેમજ જાહેર શાળાઓમાં ભણાવતા ૫૬ ટકા શિક્ષકો મહિલા છે જે ખરેખર પ્રશંસનીય છે. સુલતાન સાહેબે ખાનગી ક્ષેત્રને શિક્ષણક્ષેત્રમાં પ્રવેશવા દીધા હોવાને લીધે પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણનો અદ્‌ભુત વિકાસ થયો છે.

**આરોગ્ય :** નામદાર સુલતાન કાબુસ બિન સઈદના પદગ્રહણ બાદ ઓમાનના આરોગ્ય મંત્રાલયે માનવ સંસાધનના વિકાસ અને સારા આરોગ્યને પ્રાથમિકતા આપી છે. મંત્રાલય દ્વારા આરોગ્ય અંગે જાગૃતિના કાર્યક્રમો યોજવા રાષ્ટ્રના લોકોને નર્સિંગમાં તાલીમ આપવી અને અન્ય આરોગ્યને લગતા વ્યવસાયને પ્રાથમિકતા આપવા જેવા કાર્યક્રમો અપનાવ્યા છે. ઠેર ઠેર ગામડે ગામડે આરોગ્ય કેન્દ્રો ઊભાં કર્યાં છે, જ્યાં લોકો પોતાની આરોગ્ય સેવાઓ માટે જઈ શકે. દરેક જગ્યાની રોગની ખાસિયત જાણી તે રોગને દૂર કરવા ડૉક્ટર અને સ્ટાફને મૂકવાનું કામ આરોગ્ય મંત્રાલયે કર્યું છે. આવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં આવેલા દર્દીઓને જરૂર પડે તો પ્રાદેશિક રેફરલ હૉસ્પિટલમાં મોકલવામાં આવે છે. જેથી દ્વિતીય સ્તરની સારવાર પ્રાપ્ત થઈ શકે છે. પ્રાદેશિક રેફરલ હૉસ્પિટલો રાષ્ટ્રીય રેફરલ હૉસ્પિટલ સાથે મસ્કતમાં જોડાયેલી છે. ઓમાનના લોકોનું આરોગ્યનું સ્તર સુધર્યું છે. તાજાં જન્મેલાં બાળકોના મૃત્યુ દર ઘટ્યા છે. સામાજિક જાગૃતિ, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થવાના કારણે લોકોના આરોગ્યમાં સુધારો થયો છે. શુદ્ધ પીવાના પાણી અને સેનિટેશનના કારણે રોગો ઓછા થયા છે. ચેપીરોગના ફેલાવામાં ઘટાડો થયો છે. કોઈ પણ પ્રકારની મહાબીમારીનો ફેલાવો ઘટતો ગયો છે. આવી મહાબીમારીને ખાળવાની જવાબદારી એ હાલની આરોગ્યસેવા માટે મોટો પડકાર છે. પરંતુ તેના ઉપર કાબૂ પામવાનું ધ્યેય ધીરે ધીરે સફળ થઈ રહ્યું છે. ઘણી વખત નૉન–કમ્યૂનિકેબલ રોગો ઉપર કાબૂ પામવાનું કામ મુશ્કેલ હોવા છતાં આરોગ્ય ક્ષેત્ર દ્વારા થતું હોય છે. કારણ કે તે દરેકના વ્યક્તિગત અને વંશગત રોગો હોવાથી તેને ઘટાડવાનું દરેક કુટુંબ કે વ્યક્તિ ઉપર આધારિત હોય છે. આથી જ ઓમાનના આરોગ્ય મંત્રાલયે સ્વચ્છ, આરોગ્યપ્રદ જીવનરીતિ માટે લોકોને શિક્ષણ આપવાના, માહિતી આપવાના જુદા જુદા કાર્યક્રમો ઘડી કાઢ્યા છે. આ માટે કમ્યૂનિકેશન કમિટીની નિમણૂક કરવામાં આવી છે. જેથી આવી આયોજિત પ્રવૃત્તિઓને વાચા આપી શકાય.



આ માટે નવી ૧૬ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. નવા ડૉક્ટરોને વધુ પગાર આપી વિદેશથી આમંત્રિત કરાય છે. નવા મેડિકલ સાધનો મંત્રાલય દ્વારા આયાત કરવામાં આવે છે અને ૨૦૧૦ના અંત સુધીમાં ૮૧ ટકા લોકોના આરોગ્યને સાચવી શકાય તેવો ઉદ્દેશ મંત્રાલયને આપવામાં આવ્યો હતો. સુલતાન કબુસ યુનિવર્સિટીઝ કૉલેજ ઑફ મેડિસીન અને ખાનગી ઓમાન મેડિકલ કૉલેજ ઈન એમડી પ્રોગ્રામ ચલાવી રહી છે. ઓમાન મેડિકલ સ્પેશિયાલિટી બોર્ડ રેસિડન્સી કાર્યક્રમો ઘડી કાઢ્યા છે અને હોશિયાર વિદ્યાર્થીઓને સરકાર તરફથી સ્પેશિયાલિટી માટે પરદેશ મોકલવામાં આવે છે. જેથી તેઓ નિષ્ણાત બની ઓમાનમાં પાછા આવે. મંત્રાલયે 'એ ક્રેડલ ટુ ગ્રેવ' નામની નવી આરોગ્ય સેવાઓ શરૂ કરી છે. જેમાં તાજા જન્મેલા બાળકથી લઈ સીનિયર સિટિઝનોને જરૂરિયાત હોય તેવા બધા જ રોગોની સારવારને આવરી લેવાઈ છે.

આ ઉપરાંત રસીકરણનો કાર્યક્રમ ઘનિષ્ઠ રીતે ચાલે છે. જેમ કે, યુનિસેફ સાથે રહીને પોલિયોની રસી, ડિપ્થેરિયા, ધનુર, મીઝલ્સ, મમ્પ્સ, હિમોફિલસ, ઈન્ફ્લ્યુએન્ઝાની રસી અને દવા આપવાનું કામ મંત્રાલય દ્વારા ચાલે છે. આના પરિણામે બાળકોમાં ૯૮ ટકા ફાયદો થયો છે. આથી જ ઓમાનમાંથી બાળકોમાં થતી આવી પ્રાણઘાતક બીમારી નામશેષ થઈ જાય તેવી પરિસ્થિતિ ઉદ્ભવી રહી છે. ધીરે ધીરે લોકોનું જીવન આરોગ્ય સુધરતું જાય છે. ઓમાને મિલેનિયમ વિકાસ ધ્યેય પ્રાપ્ત કરી લીધો છે. વળી, યુનિસેફના ધ્યેય સાથે કદમ મિલાવી બાળજીવન દર વધારવાના પણ કાર્યક્રમો વધારી દીધા છે.

આ ઉપરાંત કેટલીક નૉન–કમ્યૂનિકેબલ માંદગી મંત્રાલયને પરેશાન કરી રહી છે. લોકોમાં ડાયાબીટીઝ, હાઈપરટેન્શન, કૉલેસ્ટોરલ અને હૃદયને લગતી બીમારીને દૂર કરવાના પગલાં મંત્રાલય લઈ રહ્યું છે અને તે પણ ઓછું થઈ જશે તેવો વિશ્વાસ ઓમાન આરોગ્ય મંત્રાલયને છે.

આ સિવાય પણ અન્ય ઘણા ક્ષેત્રોમાં લીધેલા સુધારાત્મક પગલાંઓને કારણે ઓમાનનો વિકાસ દિન–પ્રતિદિન વધી રહ્યો છે.

Khimji's

HAPPY TO BE SECOND

It's our customer who comes first.

TRUST
CARE
COMMITMENT
CUSTOMER FIRST

All the best global brands under one roof. An efficient, well connected distribution network. Reliable service over the years. Advanced ERP solutions that enable us to respond quickly to your needs. An interactive online Khimji Blog that helps us understand you better. When it comes to Trust, Care and Commitment, there's always a reason to smile with Khimji's.

KR
Khimji Ramdas
SINCE 1870
*In your triumph is ours!*

Consumer Products Group ▸▸ Lifestyle Group ▸▸ Infrastructure Group ▸▸ Projects & Logistics Group

P.O. Box 19, Postal Code 100, Muscat, Sultanate of Oman. Tel: (968) 24795901 Fax: (968) 24795988
Website: www.kr.om Email: khimjis@kr.om Please visit our Corporate blog at www.khimjiblog.com



# ઓમાનમાં પ્રવાસનનો વિકાસ

વિશ્વના બે આર્થિક કેન્દ્ર બિંદુ–યુરોપ અને નવા વિકાસ પામી રહેલા એશિયાના ઔદ્યોગિક દેશો–વચ્ચે આવેલા અખાતી દેશો અને આફ્રિકામાં પ્રવેશવાનું સિંહદ્વાર ઓમાન છે. આજે ઓમાન વિશ્વશાંતિનો સંદેશ આપી રહ્યું છે. આધુનિક માળખાકીય સવલતો ધરાવતા સ્થિર અર્થતંત્ર આપનાર ઓમાનમાં વ્યવસાયને મુક્ત મને સહકાર મળે તેવું વાતાવરણ છે. ઓમાન તેની પારદર્શિતાવાળી ધંધાકીય કુનેહ માટે જાણીતું છે. ઓમાનમાં ખૂબ જ ઝડપથી વ્યવસાય કે ધંધો સ્થાપી શકાય છે. દરેક ક્ષેત્રોમાં ઘટાડેલા દર, ચીજવસ્તુઓ ઉપરની ઓછી જકાત સહ્ય કોર્પોરેટ ટેક્સ અને કોઈપણ જાતના વ્યકિતગત આવકવેરા વગરના ધંધાને કારણે વેપાર–ઉદ્યોગ ફાલ્યા–ફૂલ્યા છે. સરકાર વિદેશી રોકાણને આવકારે છે અને અન્ય દેશો સાથેના મૈત્રીભર્યા પક્ષીય સંબંધોને આવકારે છે. ઓમાને પ્રવાસનને પણ ઉદ્યોગનો દરજ્જો આપી તેના વિકાસની યોજના હાથધરી છે.

ઇતિહાસ અને પરંપરાનો સુમેળ ધરાવતા પ્રાચીન ઓમાનને આધુનિક સ્વરૂપ સાંપડતાં વિશ્વના દરેક દેશની નજર હવે ઓમાન પર મંડાઈ છે. વેપાર–વાણિજ્ય સાથે પ્રવાસનનો આનંદ માણવા ઓમાન સરકારે હવે વિદેશીઓને આકર્ષવાના પ્રયત્નો આદર્યા છે. ઇ.સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ જૂના ઓમાનમાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો છે તો પશ્ચિમ એશિયાના નવા ધબકતા વિકાસશીલ દેશનું બિરૂદ પણ છે. મસ્કતમાં આવેલી જૂની પુરાતત્ત્વીય ઇમારતો, કિલ્લાઓ અને બુર્જો ઇતિહાસની ઝાંખી કરાવે છે. ઊંચા કોટ ધરાવતા કોટની અંદરના ઐતિહાસિક શહેર નિઝવા કે પછી પર્શિયનોએ બીજા સૈકામાં બાંધેલા કલ્હટનો પ્રવાસ અને જૂના સલાલા બંદરની આસપાસની ઐતિહાસિક જગ્યાઓ જોવાનો લ્હાવો ભૂલાય તેમ નથી. ઓમાનમાં આવેલી ઐતિહાસિક કલાકારીગરી ને નકશીથી સજ્જ ઉમ્મ–અન–નર ગાળાની કબરો, ઉબર જેવા ખોવાયેલા ને દટાયેલા શહેરના અવશેષો અને સુમ્હુરમ જેવું ઇસ્લામિક શાસન પહેલાંનું બંદરીય શહેર જેને શબવાહે વસાવ્યું હતું વગેરે જેવાં જોવાલાયક પ્રાચીન સ્થળો છે.

પરંતુ ઓમાનના આધુનિક વિકાસમાં પ્રવાસનને વિકસાવવાના ધ્યેયને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ ક્ષેત્રમાં દસ બિલિયન ડોલરના રોકાણ સાથે મોટાં મોટાં પ્રવાસન સંકુલો, વસવાટને લગતાં રહેઠાણો, વ્યાવસાયિક વિકાસને આનુષાંગિક રિસોર્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે. આ ક્ષેત્ર કામદારોનો સમાવેશ





કરતું હોવાને કારણે મનાય છે કે, હાલની ઓમાનની હૉટેલની રૂમોની ક્ષમતા વધારવામાં આવશે અને પ્રવાસન ક્ષેત્રમાં લગભગ ૧૦,૦૦૦ નવી નોકરીની તકો ઊભરી આવશે. પ્રવાસનના ઘણાં બધાં પ્રોજેકટ હાલમાં આયોજન કે વિકાસના તબક્કે છે. જેવા કે, બ્લૂસિટીનો વિકાસ, હૉટેલ્સનું બાંધકામ, નવા રિસોર્ટ્સ, દરિયાકાંઠે દરિયાઇ રમતોનો વિકાસ વગેરે.

૨૦૨૦ના આર્થિક વિકાસના આલેખ મુજબ વાર્ષિક આર્થિક વિકાસના દરમાં વધારો થશે. પ્રવાસન ક્ષેત્રના વિકાસ સાથે ઘણી બધી નવી તકો, નવા વ્યવસાયો અને નોકરીઓ વધશે. ઓમાન સરકારે પણ ઑઇલ સાથે ગેસ ક્ષેત્રનો વિકાસ તો કર્યો જ છે. પણ હવે પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે વિદેશી રોકાણકારોને આમંત્રિત કરવાનું ચાલુ કર્યું છે. કેટલાંક નવાં રેસ્ટોરાં ખૂલ્યાં છે જે ચરબી વગરનું સલાડવાળું ભાણું પીરસે છે. ઓમાન સરકારે યુવાનોને આ ક્ષેત્રમાં જોડાવા આહ્‌વાન કર્યું છે. યુવાનોને દરિયાઇ રમતોને પ્રોત્સાહન આપી દરિયાકાંઠે રિસોર્ટ બનાવી રહેઠાણને લાયક ઘરો બનાવવા સૂચન કર્યું છે. આવા રિસોર્ટમાં ઓછામાં ઓછા ૪૦૦૦ માલિકો પોતાના રિસોર્ટ હોમ ધરાવતા હશે. વળી, ૩૦૦ રૂમ ધરાવતી મરિના નામની ત્રણ લક્ઝરી હૉટેલોનું આયોજન છે. વિલાઓ હશે અને છૂટક વેચાણ કેન્દ્રો પણ હશે. જ્યાં ચરબીવિહીન ખોરાક અને વાહનવ્યવહારની સગવડ ઉપલબ્ધ હશે. ‘અલ મદિના અઝરકા’ ભવિષ્યનું મોટામાં મોટું વિશ્વકેન્દ્ર બનશે. જ્યાં

વેપાર, રમત–ગમત, ફિટનેસ, દવાઓ અને આરોગ્યસેવાઓ, શિક્ષણ, આનંદપ્રમોદ, પ્રવાસન અને હૉસ્પિટાલિટીની સેવાઓ પ્રાપ્ત હશે. આ જ રીતે મસ્કતનું 'ધ વેવ' નામનું સ્થાન પ્રવાસન અને રહેઠાણના વિકાસ માટે ૨.૫ બિલિયન ડૉલરના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે.

આ ઉપરાંત, મુરિયા બ્રાન્ડની મિલકતો ઓમાની સરકાર આપી રહી છે. જેમાં કતારી, દિયાર અને સરાયા પણ સાથે જોડાયેલા છે. આમ, કૉન્ફરન્સ સગવડો, આરામદાયક રિસોર્ટ, ગોલ્ફ કોર્સ અને હૉટેલ્સના પ્રોજેક્ટો હાલમાં હાથ ઉપર છે. ત્રણથી પાંચ વર્ષમાં આ બધા પ્રોજેક્ટો પૂરા થઈ જશે.

**રમતગમત પ્રવાસન :** દ્વિતીય એશિયન બીચ ગેમ્સ, મસ્કત ૨૦૧૦નું આયોજન ઓમાનમાં સફળતાપૂર્વક સંપન્ન થયું હોવાને કારણે મુસાનાહમાં 'રમતગમત ગ્રામ'ની સ્થાપના થઈ હતી અને તેનો વિકાસ થઈ ચૂક્યો છે. ઓમાન સરકાર 'સ્પોર્ટ્સ વિલેજ' પાસે અન્ય પ્રવાસન સ્થળો વિકસાવવા વિદેશી રોકાણને આકર્ષીરહી છે. આ ઉદ્યોગમાં વધુ માનવબળની જરૂરિયાત હોવાને લીધે વધુ ને વધુ રોજગારીની તકો ઊભી થતી જશે તેવો સરકારને વિશ્વાસ છે. દરિયાકાંઠે અને રણમાં સાહસિક રમતો, ઊંટસવારી, ઇકો ટુરિઝમ, ગુફાઓની શોધ, પ્રાચીન હડપ્પીય ખીણ વિસ્તાર, સંસ્કૃતિના અવશેષોની સફર, ડેઝર્ટ સફારી, પર્વતારોહણની ખોજ, બાઇકરેસ, સ્પા સેન્ટરો, દરિયાઈ ક્રૂઝ, નૌકાવિહાર વગેરેનો વિકાસ ઓમાન સરકાર કરી રહી છે.

ગોલ્ફિંગ પ્રવાસન યુરોપિયન પ્રવાસીઓને આકર્ષે છે અને આથી જ દરેક રિસોર્ટમાં એક ગોલ્ફનું મેદાન બનાવવાની યોજના છે. આમ અલ મદિના અઝારક, બ્લૂસિટી પ્રોજેક્ટ, જીરિયા રિસોર્ટ અને સલામ ચીટી સાહસ મસ્કતને ગોલ્ફ ઍન્ડ કન્ટ્રી ક્લબ દ્વારા સહાય અને ટેકો મળ્યો છે. આ બધા માટે મસ્કત અને સલાલા એરપોર્ટ વિકસાવવામાં આવી રહ્યા છે અને ઇન્ટરનૅશનલ સ્તરના બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત છ ડોમેસ્ટિક એરપોર્ટ–સોહાર, રાસ–અલ–હાદ, આદમ, હલમા અને શાલીમ તથા દુકુમ નામના એરપોર્ટ વિકસાવવામાં આવી રહ્યાં છે. 'વાંગ' મેગેઝિને ઓમાનને ૨૦૦૮નું પ્રવાસનનું કેન્દ્ર જાહેર કર્યું હતું. તો 'નૅશનલ જ્યોગ્રૉફિક એડવેન્ચર'નામના અમેરિકન ઇન્ટરનૅશનલ મેગેઝિન અને વિશ્વની concierge.com નામની પ્રવાસન વેબસાઇટોએ સલ્તનત ઑફ ઓમાનના પ્રવાસન સ્થળોની પ્રશંસા કરી છે અને પ્રવાસીઓને ઓમાનના પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા જણાવ્યું છે.

ઓમાન સરકારે પણ પ્રવાસન સ્થળો પસંદ કરી તેને વિકસાવવાની યોજના ઘડી કાઢી છે. જવાબદારીભર્યા, આનંદ પ્રમોદ આપનારા પ્રવાસનને બિરદાવવા વિશ્વ પ્રવાસન નિષ્ણાત ડૉ. હેરોલ્ડ ગુડવીને ઓમાનની ૨૦૦૯, ફેબ્રુઆરીમાં મુલાકાત લીધી હતી. અમે ઓમાનમાં સરકારી અધિકારીઓ, નેતાઓ, વિચાર નિષ્ણાતો, હૉટેલિયર્સ, ટૂર ઑપરેટર્સ વગેરે સાથે વિચાર–વિમર્શ કરી સલ્તનત ઑફ ઓમાનને ઇકો ટૂરિઝમ કેન્દ્ર તરીકે વિકસાવવા અનુરોધ કર્યો હતો.





**ઓમાનમાં મુલાકાત લેવા યોગ્ય ઐતિહાસિક સ્થળોની ઝાંખી :**

**મસ્કત :** આધુનિક અને પ્રાચીન સંસ્કૃતિનો સમન્વય ધરાવતું મસ્કત સલ્તનત ઑફ ઓમાનનું પાટનગર છે. અરેબિયન સમુદ્રમાંથી આરબ દેશોમાં પ્રવેશવાનું દ્વાર અને અરેબિયન રત્ન મસ્કત ઓમાનના ઈશાન કાંઠે ઓમાનના અખાત પર આવેલું છે. ભૌગોલિક સ્થાન ૨૩-૩૫ ઉ.અ. અને ૫૮-૨૫ પૂ.રે. પર આવેલું છે. ૧૯૭૦ સુધી મસ્કત અને ઓમાન એકબીજાના પર્યાય ગણાતા હતા. તે જ્વાળામુખી પર્વતોથી કમાન આકારમાં ઘેરાયેલું છે. માત્ર તેના દક્ષિણ અને પશ્ચિમ ભાગ તરફ અખાત સાથે સડક માર્ગથી જોડાયેલા છે. ૧૫૦૭-૧૫૦૮માં પોર્ટુગીઝોએ મસ્કત અને તેની આજુબાજુના વિસ્તારનો કબજો મેળવેલો. સોળમી સદીમાં તે ઓમાનનું મુખ્ય બંદર તેમજ વેપારનું મથક બની રહેલું. ઈ.સ. ૧૬૫૦માં પોર્ટુગીઝોને અહીંથી હાંકી કાઢવામાં આવ્યા ત્યાં સુધી તેમણે તેમનું વેપારી થાણું અને નૌકામથક જાળવી રાખેલા. આ શહેરનું રક્ષણ કરતા સોળમી સદીના છેલ્લા તબક્કામાં બંધાયેલા બે પોર્ટુગીઝ કિલ્લાઓ અહીં આવેલા છે. કિલ્લાની જૂની રક્ષણ દીવાલ તેમજ કેટલાક દરવાજાઓ હજી આજે પણ અહીં જોવા મળે છે. આ કિલ્લો તથા ભારતીય સ્થાપત્ય શૈલીથી બનાવેલો અખાતના કાંઠા પરનો ઓમાનના સુલતાનનો મહેલ આ શહેરને ભવ્યતા આપે છે. વળી, અહીં અરબી, પોર્ટુગીઝ, ઈરાની, ભારતીય, આફ્રિકી તેમજ આધુનિક પશ્ચિમી સ્થાપત્યની ઝલક જોવા મળે છે.

મસ્કત ઓમાનના અખાત પર આવેલું હોવાથી વેપારી સ્થળ તરીકે તેનું ખૂબ મહત્ત્વ છે. તેના આ મહત્ત્વને કારણે તે ઓમાનના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનું સ્થળ પણ બન્યું છે.

૧૯૭૦ના દસકાની શરૂઆતમાં તેના બંદરની અને વેપારની પ્રવૃત્તિઓને તેની અડોઅડ આવેલા સ્થળ મતરાહ ખાતે ખસેડાઇ છે. ઇરાની અખાતના ખનિજ તેલ વિસ્તારોમાંથી તેલ લઇને નીકળતાં ટેન્કરો માટે મસ્કતનો માર્ગ રોજિંદો બની ગયો છે. અહીં કુદરતી વાયુ અને રસાયણોનું ઉત્પાદન થાય છે. મસ્કત અને તેના નવાં આધુનિક પરાં, કેપિટલ એરિયા નામથી ઓળખાય છે. આ 'કેપિટલ એરિયા'માં આંતરરાષ્ટ્રીય હવાઇ મથક, લશ્કરી થાણું, તેલના ટેન્કરો ભરવાનાં મથક અને ઊંડા જળનું બારું આવેલું છે. પ્રાચીન સમયના મસ્કતમાં નાનાં ઘરો પણ છે. નવાં આધુનિક વિલાઓ પણ છે, તો કેટલીયે વિદેશી ઍમ્બેસીઓનાં મકાનો પણ છે. મતરાહમાં ઓમાનના સુલતાનનો મહેલ દરિયાકાંઠે આવેલો છે, જે જૂના પોર્ટુગીઝ કિલ્લાનો નમૂનો છે, ત્યાંથી કોર્નીચ રોડ પર 'રમેશ ભુવન' આવેલું છે અને એક હરોળમાં આવેલા મકાન દેખાય છે. જેના તરફ ધ્યાન ગયા વગર રહે નહીં. આ ગુજરાતી કુટુંબે બાંધેલી જૂનામાં જૂની ઇમારત છે. ગુજરાતીઓના ઓમાન સાથેના સંબંધો આ ઇમારત જોઇને તાજા થાય.

**મતરાહ :** જૂની પ્રાચીન ઇમારતોથી ઘેરાયલા મતરાહ બંદરને કોઇ રીતે અવગણી ન શકાય. મતરાહમાં સાંકડા આડા-અવળા રસ્તાઓ અને એકસરખી લાગતી દુકાનો, એકબીજાને અડીને ઊભેલી દીવાલો અને દુકાનોમાં પ્રાચીન ગુમાસ્તાઓની ગાદી દેખાય છે. જે આપણને ભારતીય બજારની યાદ અપાવે છે. અહીં મતરાહ બંદરે જે માલ ઉતરે તેને રાખવા મોટાં મોટાં ગોડાઉનો એક તરફ દેખાય તો નાની નાની દુકાનોમાં પ્રદર્શિત કરેલી નમૂનારૂપ ચીજવસ્તુઓ દેખાય. જે માલ જથ્થામાં નિકાસ કરવા બાજુના ગોડાઉનમાં પડ્યો હોય અને મતરાહ બંદરેથી વહાણમાં ચડાવવાનો હોય. નમૂનારૂપ ચીજવસ્તુઓમાં ઓમાનના પરંપરાગત પોશાકો, કપડું, સ્ટીલના વાસણો, અનાજ અને કૉફી બીન્સ દેખાતાં હોય. ચારે તરફ ગરમ તેજાનાની સુગંધ પ્રસરી ગઇ હોય. સાચી અને ઇમિટેશન જ્વેલરી પ્રદર્શિત થઇ હોય. આમ આ શહેરમાં વેપારને લગતી ઘણી બધી ચીજવસ્તુઓ પ્રદશિત થઇ હતી. અહીં જથ્થાબંધ માલ વેચનારા ગુજરાતી વેપારીઓ કચ્છી અને ગુજરાતી ભાષામાં વાત કરતા હોય. આ ગુજરાતી કુટુંબો વર્ષોથી-સૈકાઓથી-પેઢીઓથી અહીં રહેતા હોય. આ લોકોને બનિયાસ કહેવામાં આવે છે. આ ઉપરાંત ઓમાની ચીજવસ્તુઓ પણ અહીં વેચાય છે. તો અત્તર પણ પુષ્કળ જથ્થામાં અહીં વેચાય છે.

અહીં ઇસ્લામિક સ્થાપત્યકલા, વિશાળ, ભવ્ય મસ્જિદો, વિશાળ ને હર્યાભર્યા બગીચાઓ, પુરાતત્ત્વીય સ્થળો, મ્યૂઝિયમો અને વિશ્વકક્ષાની હૉટેલો મતરાહમાં છે. ૨૦૦૬માં મસ્કતને આરબ દેશોના સાંસ્કૃતિક શહેરનો દરજ્જો પ્રાપ્ત થયો હતો.



**સુર :** ઓમાનના પૂર્વીય ક્ષેત્રમાં પ્રવેશવાનું 'સુર'નામનું શહેર દરિયાકાંઠે આવેલું નગર છે. સુર પહોંચવા માટે મસ્કતથી હજરપ પહાડોવાળા રસ્તેથી, વાડીમાંથી (પાણીના પથરીલા રસ્તાઓ) પસાર થવું પડે છે. અહીં પહોંચવા અન્ય રસ્તો કુરિયતના સાહસિક ખાડાખડિયાળા રસ્તેથી પણ જાય છે. આ રસ્તે નાનાં મોટાં બીચીઝ આવે છે. જેમાં દરિયાઇ શેલ, નાની ખાડીઓ, પાણીમાં ડૂબકી લગાવી શકાય તેવી જગ્યાઓ આવે છે. પરંતુ જો કુદરતી પવન અને દરિયાઇ મોજાંનું પ્રભુત્વ હોય તો આ રસ્તો ભયાનક બની જાય છે. આ શહેરમાં પ્રવેશતાં જ 'અરબી વહાણ'ના શિપયાર્ડના દર્શન થાય અને પાછળનું દશ્ય અરેબિયન સમુદ્રનું દેખાય. અહીં નકશીવાળાં બારણાં ધરાવતાં જૂના પ્રકારના ઘરો છે. જેમાં અરેબિક નકશીનો ખજાનો જોવા મળે છે. સુરથી આગળ ૪૦ કિ.મી. જતાં રાસ-અલ-હાદ અને રાસ-અલ-જુનાયઝ નામના બે બીચ છે. જ્યાં લીલા કલરની પીઠવાળા મોટા કાચબાઓ પ્રજોત્પત્તિ માટે દર વર્ષે આવે છે. ઇંડાં મૂકી તેમને મોટા કરી આ કાચબાઓ ચાલ્યા જાય છે. રાસ-અલ-હાદમાં હાલમાં પુરાતત્ત્વીય ઉત્ખનન થયું હોવાથી હવે આ તરફ પ્રવાસીઓનું

વિશિષ્ટ ધ્યાન ખેંચાયું છે.

**નિઝવા :** પ્રાચીન અને આધુનિક સ્પર્શ ધરાવતા આ શહેરને છઠ્ઠી અને સાતમી સદી દરમિયાન ઓમાનના પાટનગરનો દરજ્જો પ્રાપ્ત થયો હતો. ઓમાનનું જૂનામાં જૂનું આ શહેર પહેલાં શિક્ષણ અને કલાનું કેન્દ્ર હતું. પશ્ચિમે હજાર પહાડો પહોંચવા મસ્કતથી આ શહેરનો રસ્તો સહેલો પડે છે. વળી, આ જ રસ્તે બુરૈમી અને ધોફર પણ પહોંચી શકાય છે. ઓમાનની એક માત્ર મોટી ફલજ (પણજ શહેર) નિઝવામાં છે.

નિઝવા તેની ઐતિહાસિક ઇમારતો, સ્થાપત્ય હેન્ડીક્રાફ્ટ અને ખેતપેદાશો માટે જાણીતું છે. અહીં સુંદર કૉફીના પ્યાલા, તલવારો, ચામડાંની ચીજવસ્તુઓ, ચાંદીની વસ્તુઓ, એન્ટિક જ્વેલરી અને ઘરના ઉપયોગમાં આવતાં વાસણો મળે છે. ઈ.સ.૧૬૫૦માં પૂરું થયેલું નિઝવા બંદર અલ–યા–રૂબાના શાસનકાળ દરમિયાન સત્તાનું કેન્દ્ર હતું અને ઓમાનના રાષ્ટ્રીય સ્મારકો અહીં આવેલા છે. ઓમાનના સુલતાનના નામે અહીં કાબુસ મસ્જિદને નવો ઓપ આપવામાં આવ્યો છે.

મસ્કતથી નિઝવા આવતા રસ્તામાં ઇસ્લામી શાસને બનાવેલો નખી કિલ્લો આવે છે. આ કિલ્લામાં ૩૬,૫૯૭ ચો.મીટરમાં કાર્પેટ પાથરેલી છે અને રૂમો પણ સુંદર રીતે સજાવેલા છે. ત્યાર બાદ આગળ વધતાં રૂસ્તાક કિલ્લો જોઇ શકાય છે જે પોર્ટુગીઝોએ બનાવ્યો છે. રૂસ્તાક અને નખી કિલ્લાઓની ભવ્યતા ફરી ઊભી



કરવામાં આવી છે. તેને રાષ્ટ્રીય ખજાનાનો દરજ્જો આપવામાં આવ્યો છે. ત્યાર બાદ આગળ વધતાં કબરો, ઊંચા મહેલો–કિલ્લાઓ અને ઉમ્મ–અન–નારને સાંકળતા (૨૫૦૦–૨૦૦૦ બી.સી.) લાંબા લાંબા કબ્રસ્તાનો છે. ત્યાંથી આગળ વધતાં હસ્ત–બિન–સુલ્તની ૨૦ ફૂટ લાંબી શીલા છે. જેના ઉપર પુરુષ–સ્ત્રીઓ અને બાળકોનાં ચિત્રો દોરેલાં છે. આ ચિત્રો ૩૦૦૦ વર્ષ પહેલાંના હોય તેવું કહેવાય છે. આ સ્થાનને અનુલક્ષી આપણે સ્થાનિક પ્રજા પાસેથી કેટલીયે લોકકથાઓ સાંભળી શકીએ છીએ. અહીં આવેલા મિસફાહ અલ અબ્રીન નામનો બગીચો આંખને ઠારી દે છે. આ બગીચો અહીં વસતા ખેડૂતોએ બનાવેલો છે. અહીંથી આગળ વધતાં 'બાહલા' નામનું ગામ આવે છે જે કહેવાય છે કે અંધશ્રદ્ધા, ટુચકા અને રહસ્યોથી ભરેલું છે. આ ગામ તેના માટીના વાસણો માટે પણ જાણીતું છે. અહીં જૂનામાં જૂનો કિલ્લો આવેલો છે. આ કિલ્લો ઇસ્લામિક શાસન પહેલાં બંધાયેલો છે અને હવે યુનેસ્કોની યોજનામાં વિશ્વ વારસા સ્થાપત્ય હેઠળ તેમાં સુધારા–વધારા ચાલી રહ્યા છે. અહીં આવેલા ત્રણ માળના જબરીન નામના બંધ કિલ્લાનું બાંધકામ ૧૬૦૦ના મધ્યમાં અલ–યરૂબા શાસન દરમિયાન થયું હતું. ઇસ્લામિક સ્થાપત્યનો આ ખૂબ જ સુંદર નમૂનો છે. તેની ઉપર લાકડામાં લખાણ કરેલું છે અને સિલીંગમાં પેઇન્ટિંગ કરેલું છે.

**જીબેલ અખદાર** : 'જીબેલ અખદાર' શબ્દ અરેબિક છે. જેનો અર્થ થાય છે હરિયાળા પર્વતો, સલાલાની સરહદે તથા બટીનાહ કિનારે આવેલ આ પ્રદેશની હરિયાળી મન હરી લે છે. ઓમાનનું ખૂબ જ સુંદર પ્રાકૃતિક દશ્ય ધરાવતું આ સ્થળ છે. પ્રવાસનનું આ કુદરતી ધામ છે. વાડી બાની હબીબ, સૈક અને અલ આઇન જેવા શહેરો દ્રાક્ષ, અખરોટ વગેરે જેવા ફળોથી ભરપૂર છે. તાજેતરમાં પ્રખ્યાત બનેલું ડાયના કેન્દ્ર કે જ્યાં ખીણ છે તે પણ જાણીતું બન્યું છે. કારણ કે, બ્રિટનના પ્રિન્સેસ ઑફ વેલ્સે ત્યાં સમય વીતાવ્યો હતો.

ત્યાંથી આગળ વાહિબાની પશ્ચિમે રાવડાહ, સામદ એશશાન, અલ અકદર, લીઝક અને સામદ નામના શહેરો છે. એશ શાનમાં જૂના કિલ્લાઓના અવશેષો છે, જ્યારે અલ અકદરમાં કાપડ ઉપર ડિઝાઇન કરતા અને વણતા વણકરોનું સ્થાન છે. તો લીઝકમાં તાંબાયુગના સમયના ભવ્ય માળખાં છે. સામદથી આગળ જતાં બિરકત અલ મોંઝ નામનું શહેર છે જે કેળાના શહેર તરીકે જાણીતું છે. અહીં ખજૂર અને કેળાના બગીચાઓ છે. અહીં મેઘધનુષ્યની જેમ જ જુદીજુદી ટેકરીઓ દેખાય છે.

**સોહાર** : ઘણા સૈકાઓ પહેલાં દરિયાકિનારે આવેલું સોહાર ઓમાનનું પાટનગર હતું. પર્શિયનના માઝૂમ નામ પરથી આ શહેર માજાન નામે પહેલાં ઓળખાતું હતું. અહીં પહેલાં વહાણો બાંધવાની પ્રવૃત્તિ ચાલતી હતી. મ–ગાન શબ્દનો અર્થ થાય છે વહાણનું માળખું અથવા મજાન પર્વત પર આવેલા તાંબાના જથ્થામાંથી બનાવેલી વહાણની ચેસીસ.

સોહાર ફળદ્રુપ બટીનાહ કિનારા ક્ષેત્રનું નગર છે. દરિયાકિનારાના હાઇવે પરથી મસ્કતથી સોહાર જઇ શકાય છે, જે ખૂબ જ રળિયામણો રસ્તો લાગે છે. આ રસ્તો ખજૂર, કેરી, લીંબુ, કેળાં, શાકભાજી અને ઘાસચારાના પાકની હરિયાળીથી છવાયેલો છે. સોહારનો કિલ્લો લગભગ પ્રથમ સદીમાં બંધાયેલો છે. અમુક





જોવાલાયક સ્થળો ટેકરી ઉપર આવેલાં છે. આ કિલ્લામાં પાંચ આકર્ષક બુરજો છે અને આ એકમાત્ર ઓમાની કિલ્લો છે જેને વ્હાઇટવૉશ કરેલો છે.

**વાડીહીબી :** પિકનિક સ્થળ તરીકે પ્રવાસીઓને આકર્ષિત કરતું વાડી હીબી સોહારથી ૬૩ કિ.મી. દૂર છે. હીબી ગામ પ્રાચીન દેખાવ ધરાવતા ગ્રામીણ ઝૂંપડાંઓનું બનેલું છે. ગુજરાતના કચ્છના રણમાં આવેલા સુખ-સગવડવાળા કૂબા જેવા ઘરો ધરાવતા વાડી હીબીમાં પણ પ્રવાસીઓ રહેવા આવે છે.

**ઈબ્રા :** ઘોડાઓ, તબેલાઓ અને ઘુડસવારી માટે પ્રખ્યાત ઈબ્રા ઓમાનના પૂર્વ કિનારે આવેલું શહેર છે. અહીં દર બુધવારે માત્ર મહિલાઓ દ્વારા બજાર ચલાવાય છે અને વેપાર થાય છે.

**નખલ-રૂસ્તાક-લુપ :** બરકા નામના શહેરમાં માછલી પકડવાનો વ્યવસાય ફૂલ્યો-ફાલ્યો છે. માછીમારો પોતાની બોટ લઈને દરિયામાં દૂર દૂર નીકળી પડે છે અને તેઓ પાછા પોતાની બોટ કિનારા સુધી લાવી શકે છે. આમ સતત શોરબકોર, પ્રવૃત્તિથી ધમધમાટ, રંગોથી બજાર ધમધમતું રહે છે. અહીં આકર્ષક કિલ્લો અને બૈત અલ નમાન નામનો કિલ્લો છે. જે અલ-બુ-સઈદ શાસન સમયે સત્તાવાર મહેલ તરીકે જાણીતો હતો. વળી, દરિયાકિનારે આગળ જતાં જ ઝીર સવાઈદી નામના નાના નાના ટાપુઓ છે. જ્યાં બીચ ઉપર લોકો સ્નાન કરે છે, માછીમારી કરે છે અને દરિયાઈ શેલ, છીપલાં વગેરે વેચે છે જેઓ સાહસિક છે અને ચાલવાના શોખીન છે. તેઓ ટ્રેકિંગ કરે છે ને ટેકરીઓ ઉપર કે નાની કેડી ઉપર દરિયાઈ કાંઠે પાણીમાં તે કિનારે ચાલે છે. 'વાડી એબીયાદ' નાની પિકનિક માટે જાણીતું સ્થળ છે. તો વાડી બની ઓવફ, વાડી હાજિર, વાડી હેલેન અને વાડી બની ખારૂસ સાહસિકોને સમય વિતાવવા આકર્ષે છે. વાડી સાહતાન અને ઘુબ્રાહ બાઉલ જેવા સ્થળોથી આગળ વાડી હોકવેઇન અને વાડી ગાફિર જેવાં સ્થળો વૃક્ષોથી આચ્છાદિત ખીણોમાં ઝડપી વાહન હંકારવાની રમત માટે જાણીતાં છે.



**સલાલા :** ઓમાનના દક્ષિણ ક્ષેત્રમાં આવેલા સલાલામાં ભારતીય વાર્ષિક મોસમી વરસાદનો ફાયદો થાય છે. જૂનથી શરૂ કરી સપ્ટેમ્બર સુધી વરસાદી




મોસમનો માહોલ રહેતો હોવાથી સમગ્ર પ્રદેશ હરિયાળો બની જાય છે. ચારે તરફ નાનાં નાનાં કલકલ વહેતાં ઝરણાં અને નાના નાના ધોધ મનને હરી લે છે. એક તાજગી બક્ષે છે. આ મોસમને ઓમાનમાં ખરીફ મોસમ કહે છે. આ સમય દરમિયાન સલાલાની મુલાકાત આનંદમયી ને તાજગીભરી બની રહે છે. જુલાઈ અને ઑગસ્ટમાં ઓમાન સરકાર તરફથી અહીં ઉત્સવનું આયોજન થાય છે, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે.

સલાલાનો ઇતિહાસ બિલ્લિક્સ સમયથી ચાલ્યો આવે છે. કેટલીયે દંતકથાઓ અને વાતો સલાલા સાથે જોડાયેલી છે. જીબેલ કારામાં પયગંબર અયુબની કબર આવેલી છે. ખાવર રહોરીમાં શેબાના મહારાણી જ્યાં રહેતાં હતાં તે મહેલના અવશેષો આવેલા છે. અહીં ચાલી રહેલી એક દંતકથા મુજબ આ વિસ્તારમાં બનતાં અત્તરો ખ્રિસ્તીઓને ભેટ આપવામાં આવ્યા હતા. અહીંનું અત્તર બાળક જિસસ જે ઓમાનથી સલાલા આવ્યું હતું. તેને ભેટ આપવામાં આવ્યું હતું.

સલાલાના સુંદર, નયનરમ્ય, આકર્ષક બીચ સ્કૂબા ડાઈવિંગ, કેનોઇંગ, સેઇલિંગ, જેટસ્કીઇંગ અને ડાઈવિંગ માટે જાણીતા છે. અહીંના દરિયાકિનારે દરિયા સાથે જોડાયેલી આ બધી રમતોને વિકસાવીને પ્રવાસન માટે વિદેશીઓને આકર્ષિત કરવામાં આવી રહ્યા છે. દરિયાકાંઠે આવેલાં ઘનિષ્ઠ વૃક્ષો અભયારણ્યની ગરજ સારે છે. અહીં વિવિધ પક્ષીઓ દર વર્ષે આવે છે. પક્ષીઓને જોવા માટેનું આ શ્રેષ્ઠ અભયારણ્ય છે. ઉનાળા દરમિયાન ઓમાનનું સૌથી ઠંડુ શહેર સલાલા છે. જ્યાં

તાપમાન ખૂબ જ ઓછું રહે છે અને લોકોને વારંવાર આ સ્થળની મુલાકાત લેવાનું મન થાય છે. સલાલાથી દૂર એક કલાકના અંતરે આવેલું આઇન રઝાત નામનું શહેર સુંદર પિકનિક સ્થળ છે. જ્યાં ઝરણાં, ટેકરીઓ, બગીચાઓ અને ફુવારાઓ છે. બાજુમાં આવેલું આઇન સહાનાવત નામનું સ્થાન પણ  ખૂબ જાણીતું છે. સલાલાથી ૭૦ કિ.મી. દૂર આવેલું મિરબાત પણ જાણીતું છે. જ્યાં બિન અલીની કબર છે. સલાલાથી ૩૬ કિ.મી. દૂર આવેલું તકાહ કુદરતી સૌંદર્યથી ભરપુર ગામ છે. તકાહમાં આવેલો કિલ્લો કેટલીક સદી પહેલાંનો છે. આ કિલ્લામાં ખૂબ સુંદર દર્શનીય વસ્તુઓ રાખવામાં આવી છે.

આ ઉપરાંત જીબેલ સમ્હાન પ્લેટેઉ, વાડી દિરબત, તાવી અટીર, બાઓબાબ, જંગલ જેવાં સ્થળો પક્ષીઓનું અભયારણ્ય હોવાથી ‘બર્ડ વોમિંગ માટે’ અને મોટાં વૃક્ષો માટે જાણીતાં છે. તો મુઘાસેયલ, રાખયુત નામના બીચ જાણીતા છે. જે તરવૈયા માટે સુંદર સ્થળ પુરવાર થાય છે. વળી નેઝેદ, રૂઅબ અલ ખલી જેવાં સ્થળો રેતના ઢગલા અને ઠંડી રેતના પીરામીડ તરીકે જાણીતા છે. શિસ્ર જેવા દૂરનાં ગામોમાં અત્તરની વિવિધતા જોવા જઇ શકાય છે. આ ઉપરાંત વાહિબા સેન્ડ ડ્યુનમાં (દરિયાઇ રેતમાં) આળોટવા જઇ શકાય તો મ્યૂઝન્ડમ જેવા સ્થળે દરિયાઇ લહેરો માણવા અને સુંદરતા નિહાળવા જઇ શકાય. આ પર્વતો પરની હિમલહેરો મનને તાજગી અર્પીજાય છે. ત્યાંથી બોટમાં ખવાર એશ શામ સુધી જવાય. આ દરિયાઇ જીવસૃષ્ટિ નિહાળવા નીતરતા કાચ જેવા પાણીમાં બોટમાં જવાય. બોટ તળિયેથી કાચ જડેલી હોઇ પરવાળાના ઢગલા, જુદાજુદા રંગની માછલીઓ, શેવાળ, છીપલાં દરેક વસ્તુ જોઇ શકાય. અહીંથી આગળ ટેલિગ્રાફ ટાપુ પર જઇને નાના વહાણમાં દરિયાઇ ક્રીકમાંથી પસાર થઇ કુમઝર નામના ગામમાં પહોંચી શકાય. અહીંથી જમીન માર્ગે ખવાર નઝદ, જેબેલ હરીમ જેવા ઊંચામાં ઊંચા પર્વતીય સ્થળો પર પહોંચીને કુદરતનો નઝારો જોઇ શકાય.

**માસીરાહ ટાપુ :** દરરોજની એકધારી જિંદગીથી કંટાળી, ઝડપી જીવનમાંથી શાંતિનો શ્વાસ લેવા કોઇને ક્યાંય જવું હોય તો તે માસીરાહ ટાપુ છે. હિન્દ મહાસાગરમાં આવેલો આ એક ટાપુ છે. મધ્ય ઓમાન કાંઠેથી ૨૦ કિલોમીટર દૂર વાહિબા સેન્ડઝના દક્ષિણે આવેલા આ ટાપુ ઉપર શાંતિથી સમય પસાર કરી શકાય છે. આ ટાપુ ઉપર એકાંકી બીચ છે. અહીંના બીચો ઉપર મનુષ્યને સાથઆપવા કાચબાઓ સિવાય અન્ય કોઇ નથી હોતું. કારણ કે, કાચબાઓ પોતાના રહેઠાણ બનાવવા અહીં આવે છે. અહીં ઘણી બધી શેલ માછલીઓનો ભંડાર છે, તો વિવિધ દરિયાઇ જીવસૃષ્ટિ નિહાળવાની તક છે. આમ, આવી તો ઘણી જગ્યાઓ ઓમાનમાં પ્રવાસનને અનુકૂળ છે.



# 'મંદીએ બેંક ઓફ બરોડાને વધુ મજબૂત બનવાનો અવસર આપ્યો' – અશોક ગુપ્તા



**શ્રી અશોકકુમાર ગુપ્તા**
**બેન્ક ઑફ બરોડાના પ્રમુખ સંચાલક**

શ્રી અશોકકુમાર ગુપ્તા ૧૯૭૭થી બેન્કીંગ સેવામાં કાર્યરત છે. એમણે ભારતમાં અને ભારત બહાર પણ વ્યાવસાયિક બેન્કિંગ, વ્યાપારી બેન્કિંગ, આંતરરાષ્ટ્રીય બેન્કિંગ વગેરે ક્ષેત્રે કાર્યભાર સંભાળ્યો છે. યુએઈમાં એમની નિમણૂક થઈ એ પહેલાં બેંકના વિદેશ વ્યાપાર વિભાગ – મુંબઈમાં એ ઉપ–અધિકારી હતા. આ પહેલાં પણ એ લગભગ ચાર વર્ષ આંતરરાષ્ટ્રીય બેન્કિંગમાં કાર્યરત રહ્યા. ૧૯૯૫થી ૧૯૯૮ એમણે લંડનમાં કારોબાર સંભાળેલ. આંતરરાષ્ટ્રીય બેન્કિંગમાં એમને અનુભવ આશરે બાર વર્ષનો છે.

સીંગાપોર, ઓસ્ટ્રેલિયા, ન્યુઝિલેન્ડ, ત્રીનીદાદ એન્ડટીબાગો, ઘના અને જીસીસી જેવાં નવાં કેન્દ્રોમાં બેન્કની સ્થાપના કરવામાં એમનો ફાળો મોટો રહ્યો. વિવિધ સમારંભો, સંમેલનો વગેરેમાં પણ એમણે બેન્કનું પ્રતિનિધિત્વ કરેલ છે.

૨૦૦૭થી ૨૦૧૧નો ઐતિહાસિક સમય જ્યારે દુનિયા આર્થિક તથા અન્ય સંકટોથી ગુજરી રહી હતી ત્યારે પણ બેન્કે શ્રી ગુપ્તાના સંચાલન હેઠળ યુએઈમાં સારી પ્રગતિ દેખાડી છે. બેંકનો વ્યાપાર વધ્યો, ઝડપી વિકાસ થયો અને એની પ્રતિષ્ઠામાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું. છ થી તેર જેટલી શાખાઓ ખૂલી, બહેરીનમાં પણ એક નવી શાખા ખોલી.

**શ્રી ગુપ્તાને કેટલાંક સન્માનોથી પણ નવાજવામાં આવ્યા છે :**

* ૨૦૧૦ ગલ્ફના સૌથી શક્તિશાળી ભારતીય તરીકે ૪૦મા સ્થાને અરેબિયન બિઝનેસ મેગેઝિન દ્વારા એમને મૂકવામાં આવ્યા.
* એનઆરઆઈ બિઝનેસ લીડરશિપ ઍન્ડ એક્સલન્સ ઍવોર્ડ ઇન્ડિયા એમ્પાયર ગ્રૂપ તરફથી ૨૦૧૦માં.
* એનઆરઆઈ એચીવર ઍવોર્ડ ૨૦૦૯ અને ૨૦૧૦ – એનઆરઆઈ ઇન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હી.
* બેસ્ટ એસએમઈ બિઝનેસ સ્ટાર્ટ–અપ સ્કીમ–બેન્કર મીડલ ઇસ્ટ પ્રોડક્ટ ઍવોર્ડ્સ, ૨૦૧૧.

**ચાલો માણીએ દુબઈ સ્થિત બેંક ઓફ બરોડાના ચીફ એક્ઝિક્યૂટીવ અશોક ગુપ્તાની ફીલિંગ્સ સાથેની એક્સક્લૂઝિવ મુલાકાત....**

**૧. તમે ચાર વર્ષ કરતાંય વધુ દુબાઇ/જીસીસીમાં રહ્યા છો. આ પ્રદેશના આપના જે અમૂલ્ય અનુભવો છે એ વિશે આપ અમારા સહભાગી થશો ? તમને જે સારા-માઠા અનુભવો થયા તથા જે ચૅલેન્જ (પડકાર)નો તમારે મુકાબલો કરવો પડ્યો તે અંગે જણાવશો ?**

આરંભમાં અમારે બેન્ક વિશે જનતાને પરિચિત કરવાની હતી. આ બેન્ક વિશે શરૂમાં લોકોની ધારણા એ હતી કે આ તો માત્ર વ્યાપારીઓની બેન્ક છે. આ છાપ અને એના બંધારણ વિશેનો સંપૂર્ણ ખ્યાલ જરીપુરાણો હતો અને એને પૂર્ણતઃ બદલવાની જરૂરત હતી.

બેન્કના કામકાજમાં એક ધરખમ પરિવર્તન અને સાંસ્કૃતિક બદલાવ લાવવામાં આવ્યો. બેન્ક વધુ નિપુણ, ગ્રાહકલક્ષી, કાર્યશીલ અને યુએઇની એક સૌથી વધુ દૃષ્ટય બેન્ક બની. જોકે ઐતિહાસિક દૃષ્ટિએ એ મુશ્કેલ સમય હતો. છતાં ૨૦૦૭ થી ૨૦૧૧ દરમિયાન બેન્કે ઘણાં આશ્ચર્યજનક કાર્યો કરી દેખાડ્યાં. એ માટે અસરકારક ચતુરાઇ, નવી ઢબનું કૌશલ તથા પૂર્ણતઃ કેન્દ્રિત ગ્રાહકલક્ષી કાર્યવિધિ દ્વારા બેંકે આ સિદ્ધિઓ મેળવી. વ્યવસાયનો પ્રશસંનીય વિકાસ થયો, ઝડપી પ્રગતિ અને બેન્કના સ્વરૂપમાં મૂળભૂત પરિવર્તન એ આ ચાર વર્ષની એક યુગાન્તરકારી ઘટના છે.

બેન્કનો વ્યવસાય ૫ ગણો વધ્યો. મતલબ કે એઈડી છ અરબથી ત્રીસ અરબ જેટલો વધ્યો અને ગ્રાહકસમૂહ પણ ૪½ ગણાથી વધીને ૫૦,૦૦૦ની સંખ્યા પાર કરીને ૨,૨૫,૦૦૦ થઇ ગયો. યુએઇમાંની શાખાઓ અને ઑફિસોની સંખ્યા ૬ થી વધીને ૧૩ જેટલી થઇ ગઇ, બહેરીનમાં એક નવી શાખા ખૂલી. બેન્ક એની શાખાઓ બીજા જીસીસી દેશોમાં પણ ખોલવા ઉત્સુક છે. જેમ કે, કતાર, કુવૈત તથા સાઉદી અરબસ્તાન. અને આ બધાથી યે વધારે તો બેન્કની છાપ એનો મોભો અને એની પહોંચ કાફી આગળ વધી ચૂકી છે. અત્યારે બેન્ક ઑફ બરોડાની ગણતરી એક અગ્રણી બેન્કમાં થાય છે.

**૨. અમે યુએઈની સમસ્યાઓ વિશે સાંભળ્યું છે. દુબાઈનું આર્થિક તંત્ર. ત્યાંની સ્થાનિક સમસ્યાઓ વિશે અને કઇ રીતે માણસ આ સમસ્યાઓથી દૂર રહી શકે એ બાબત અમને કંઇક માહિતી આપી શકો ?**

હાલમાં જે મંદી આવી એની ખરાબ અસર આખા વિશ્વ પર પડી અને દુબાઇ એમાં કોઇ અપવાદરૂપ નહોતું. ખરેખર તો અસર દુબાઇમાં વધુ દેખાણી, પરંતુ બેન્ક ઑફ બરોડા એની કાર્યશીલ નીતિને કારણે વિશ્વભરમાં આર્થિક મંદી હોવા છતાં કોઇ ખાસ મુશ્કેલીમાં ન આવી. જ્યારે વિશ્વભરમાં ઘણી બેન્કોને મંદીની જબરદસ્ત ભીંસ સહવી પડી, આ બેંકોએ એવી

સંપત્તિમાં મૂડીરોકાણ કર્યું હતું કે જેનું પરિણામ સારું ન આવે એને માટે એમની ભારે રકમ ફસાઇ ગઇ જે પાછી આવે એમ નહોતી.

બૅન્ક ઑફ બરોડા હંમેશાં વિચારીને અને બુદ્ધિપૂર્વક પગલાં ભરવાવાળી બૅન્ક છે. આ દષ્ટિકોણને કારણે ઇ.સ. ૧૯૦૮માં બૅન્કની સ્થાપના થઇ ત્યારથી છેલ્લા ૧૦૩ વર્ષ થયાં બૅન્ક નિયમિત લાભ મેળવતી જાય છે. યુએઇમાં બૅન્ક ઑફ બરોડા આ સમસ્ત મંદી દરમિયાન ઘણો સારો પ્રવાહ જાળવી શકી અને ક્યારેય નિયમિત ગ્રાહકોની સહાય કરતાં અચકાણી નહિ. બૅન્કની અદ્વિતિય કારકિર્દીછેલ્લા ૧૦૩ વર્ષ થયાં લાભ કરતી આવી છે, ભારત સરકારનું એને સમર્થન છે. આને કારણે બૅન્ક ઑફ બરોડા ગ્રાહકોનો વિશેષ વિશ્વાસ જીતી શકી. હકીકતમાં તો આ મંદી બૅન્ક માટે એક રીતે ફાયદાકારક નીવડી. કારણ કે, એને લીધે લોકો બૅન્કનું સાચું મહત્ત્વ સમજતા થયા. બૅન્કમાં એમનો વિશ્વાસ અનેક ગણો વધ્યો અને આને લીધે બૅન્ક વધુ સબળ સ્વરૂપે બહાર આવી. આ મંદીએ બૅન્કને એક એવો અવસર આપ્યો કે બૅન્કમાં થાપણ પણ વધે, ગ્રાહક સંખ્યા પણ વધે અને ગ્રાહકોને ધીરાણ પણ કરી શકાય.

**૩. ઓમાનમાં એવી તે કંઇ સંભાવનાઓ છે જે આપ જોઇ શકો છો ? કઇ રીતે બૅન્ક ઑફ બરોડા ઓમાનમાંના ભારતીયોના વધુ સંપર્કમાં આવે ?**

બૅન્ક ઑફ બરોડા એ યુએઇમાં માત્ર ભારતીય બૅન્ક છે જે પ્રારંભથી અંત સુધી સેવા આપે છે. ઓમાનમાં પણ આ બૅન્ક પૂર્ણ સેવા આપતી રહી છે. અને આ આર્થિક વર્ષમાં અમે ઓમાનમાં બૅન્કની સેવાઓનો વ્યાપ વધારવાની યોજનાઓ ઘડીએ છીએ. ઓમાનમાં આ બૅન્ક ભારતીયોની સદા સમીપ રહી છે. હકીકત છે કે બૅન્ક જે સેવાઓ આપે છે એ સ્ટાફ /કાર્યકરોના હૃદયમાંથી સ્ફૂરી હોય છે. એ અમારું ધ્યેય છે કે અમે અમારી સેવાઓ સતત વધુ સારી રીતે કરતા રહીએ. અને સાથે સાથે અમારી ગ્રાહક સંખ્યા વધારતા જઇએ.

**૪. યુએઇમાં વ્યવસાય વધારવા બાબત બૅન્કની શું યોજના છે ?**

માત્ર આ વર્ષમાં નહિ, પણ આગામી વર્ષોમાં પણ વ્યવસાય વધારવા માટેની ઘણી ઉત્સાહભરી યોજનાઓ બૅન્ક પાસે છે. બૅન્કની યોજનાઓ મુજબ એનો ગ્રાહક સમૂહ અને વ્યવસાય બંને વધશે. બૅન્કનું માનવું છે કે એનો યુએઇ સાથેનો વ્યાવસાયિક વિકાસ આ વર્ષે આશરે ૩૦ % જેટલો વધશે. એટલે કે અમેરિકન ડૉલર ૧૧૯.૭૭ અરબથી વધીને અમેરિકન ડૉલર ૧૫૬ અરબ પહોંચશે. આ ત્યારે જ સંભવિત બને જ્યારે આ બૅન્ક સૌથી વધુ લોકપ્રિય બને. એ માટે બૅંકે કેટલાંક ગ્રાહકલક્ષી પગલાં ભરવાં પડે, નવી યોજનાઓ અને સેવાઓ રજૂ કરવી પડે. અને એ રીતે ગ્રાહકને સારામાં સારી સહુલિયત પહોંચાડવી તેવી યોજના છે.

બૅન્ક એ દિશામાં કામ કરી રહી છે કે ગ્રાહકોને દરવાજે એમની જરૂરી સેવા પહોંચાડવી જેથી ગ્રાહકોને બૅન્ક સાથેના દૈનિક કામકાજ માટે રોજ રોજ બૅન્કમાં જવું ન પડે.

કેટલીક નવી સેવાઓ અને યોજનાઓ જે લાવવાનો પ્રસ્તાવ છે જેમકે : બિલોની ચૂકવણી/ઇન્ટરનેટ બૅન્કિંગ દ્વારા ભારતમાં પૈસા મોકલવાની વ્યવસ્થા/એસએમએસ અને ડેબિટ કાર્ડ/ક્રેડિટ કાર્ડ, એટીએમ નેટવર્ક, ૪૦ સુધી વધારેલું એટીએમ/ઇન્ટરનેટ મારફત ઑન-લાઇન મોબાઇલ બૅન્કિંગ, વીઆઇપીઓ તથા ઉચ્ચ શ્રેણીના ગ્રાહકો માટે વિશેષ સેવા ગોલ્ડ લોન્જ શરૂ કરવી.

**૫. યુએઇ અને મધ્યપૂર્વના બીજા દેશોના ભવિષ્યમાં થનારા વિકાસ બાબત આપનો શો અભિપ્રાય છે ?**


હાલ યુએઇમાં બૅન્કની છ શાખાઓ છે (બુર દુબઇ, દેરા અબુ ધાબી, શારજાહ, રાસ એલ ખાઇમા, અલ અઇન) તથા સાત ગ્રાહક સેવા કેન્દ્ર છે જે વિશિષ્ટ શાખાઓ જેવાં જ છે. (દુબઇમાં જેબેલ અલી, એલ કન્સાઇસ, શેખ ઝયેદ રોડ, દુબઇ એલ કરામા, શાહજાહમાં નેશનલ પેઇન્ટસ, અબુ ધાબીમાં મુસફ્ફા અને રાસ એલ ખાદમામાં રાકીઓ). ગ્રાહકોની દૈનિક બૅન્કિંગને લગતી જરૂરિયાતોની સંભાળ લે છે. ગ્રાહકો માટે તો આ કેન્દ્રો બૅન્કની શાખાઓ સમાન જ છે.

ગ્રાહક સેવા કેન્દ્રોના ખૂલવાથી બૅન્કની પહોંચ અને એની પ્રતિષ્ઠા બંને વધ્યાં છે. એની પહોંચ હજુ વધારવા અને ગ્રાહકોના વધુ સંપર્કમાં આવવાના હેતુસર બૅન્ક આ વર્ષમાં પાંચ બીજાં ગ્રાહક સેવા કેન્દ્રો ખોલવા ઇચ્છે છે. આ કેન્દ્રો કાલ્બા (શારજાહ) ફુજૈરાહ પાસે તથા હમરીયા મુક્ત પ્રદેશ (શારજાહ) અને ત્રણ બીજાં વ્યાવસાયિક સ્થાનોમાં ખોલવાની યોજના તૈયાર કરી રહી છે.

ઓમાનમાં બૅન્કની ત્રણ શાખાઓ છે. ગ્રેટર મુત્તરાહ, મુત્તરાહ અને સલાલાહ. ઓમાનમાં તો ચોતરફી વિકાસ થયો છે. આ વિકાસને જોતાં બૅન્કની સોહર, સુર, નીઝવા અને હુકુમમાં પણ શાખાઓ ખોલવાની યોજના છે.

**૬. અમારું આપને નિવેદન છે કે ભવિષ્યના આશાસ્પદ બૅન્કરોને એક સફળ કારકિર્દી પ્રાપ્ત કરવા માટે કોઇ સંદેશ આપશો.**

બૅન્કીંગ ક્ષેત્રમાં સફળ થવા માટે ઉત્સાહપૂર્વક કામ કરો, તમારા વિષયનું પૂરતું જ્ઞાન મેળવો, કૌશલપૂર્ણ અને ખંતભર્યું કામ કરો જે સંસ્થાને સંપૂર્ણ સમર્પણ થાય અને હંમેશા કંઇક પ્રગતિ કરવાનું લક્ષ્ય હોય – આ એક સફળ કારકિર્દી હાંસિલ કરવા માટેનાં સીમાચિહ્ન છે. આપણે ગઇકાલે જે હતા એના કરતાં આજે વધુ આગળ વધેલા હોઇએ અને આજ કરતાં આપણી આવતી કાલ વધુ પ્રગતિશીલ હોય.


II Shree Satya II
Inspired by tradition....
Designed by the heart
BUREAU OF INDIAN STANDARDS
HALLMARK GOLD
GOLD YOU CAN TRUST
Certified Diamond Jewellery
Pt
PLATINUM
Certified Platinum Jewellery
DAMODARDAS
JEWELLERS
M.G. Road, Mandvi, Vadodara. Ph: +91 265 2431774 - Alkapuri Arcade, Vadodara. Ph: +91 265 2334196